દૈનિક

# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૩ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 292 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માર્ગશીર્ષ સુદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 December 2024, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 *

મંગળવાર, ૧૦ ડિસેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# દૈનિક મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૩ વર્ષ

R.N.I. No. GUJ GUJ/2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 292 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માર્ગશીર્ષ સુદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 December 2024, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

મંગળવાર, ૧૦ ડિસેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# કુર્લામાં ભરબજારમાં બેસ્ટની બસ ઘૂસીઃ અનેકનાં મોત

## ડ્રાઈવરે બેદરકારીથી બસ ચલાવીને ભીષણ અકસ્માત કર્યો હતો,



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ, : બેસ્ટ ઉપક્રમે ભાડા પર લીધેલી બસનાં ડ્રાઈવરે કુર્લામાં ભરબજારમાં બસ ઘુસાવી દેતા અનેકનાં મોત થયા હતા અને અનેક જણ જખમી થયા હતા. ડ્રાઈવરે બેદરકારીથી બસ ચલાવીને ભીષણ અકસ્માત કર્યો હતો, જેમાં આ લખાય છે ત્યાં સુધીમાં ૩નાં મોત થયા હતા અને ૨૦થી વધુ લોકો જખમી થયા હતા.

સોમવારે રાત્રે કુર્લા વેસ્ટમાં રેલવે સ્ટેશન નજીક કુર્લા સ્ટેશનથી અંધેરી જતી ૩૩૨ નંબરની બસે રિક્ષા અને અન્ય વાહનોને અડફેટે લીધા હતા. આ ઘટનામાં રિક્ષામાં સવાર મુસાફરો અને કેટલાક રાહદારીઓ સહિત ઓછામાં ઓછા ૨૦ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. તેમાંથી ૩નાં કમનસીબે મોત થયા છે.

બસની બ્રેક ફેલ થવાના કારણે આ ઘટના બની હોવાનું કહેવાય છે.

ઘાયલોને તાત્કાલિક નજીકની ભાભા અને સાયન હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા છે. પરંતુ (જુઓ પાનું ૨) ▸▸

# દિલ્હીની ૪૦ સ્કૂલને બૉમ્બની ધમકી

નવી દિલ્હીઃ દિલ્હીની ૪૦ શાળાઓને બૉમ્બની ધમકી આપતો મેલ સોમવારે સવારે મળ્યો હતો અને ઈ-મેલ મોકલનારે ૩૦,૦૦૦ અમેરિકન ડૉલરની માગણી કરી હતી, એવી માહિતી પોલીસ અધિકારીએ આપી હતી. આ ધમકી એક સરખા ઈ-મેલમાં અપાઈ હતી અને આમાં શહેરની જાણીતી શાળાઓ જેવી કે ડીપીએસ આરકે પુરમ, જીડી ગોયેન્કા, પશ્ચિમ વિહાર, ધ બ્રિટિશ સ્કૂલ, ચાણક્યપુરી, ધ મધર્સ (જુઓ પાનું ૨) ▸▸

# જૂનાગઢ વેરાવળ હાઈ-વે પર અકસ્માતઃ સાતનાં મોત

## અંકલેશ્વરમાં બે બસ ટકરાતાં ૧૫ લોકો ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં રોડ અકસ્માતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. સોમવારે વહેલી સવારે જૂનાગઢના માળિયા હાટીના નજીક બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં પરીક્ષા આપવા જઈ રહેલા પાંચ વિદ્યાર્થીઓ સહિત સાત લોકોના મોત નીપજ્યાં હતાં. બે કારની ટક્કર થતાં એક કારમાં રહેલો ગેસનો બાટલો ફાટતાં બાજુના ઝૂંપડામાં પણ આગ લાગી હતી. બીજી તરફ અંકલેશ્વર હાઈવે પર બે બસો વચ્ચે ટક્કર થતાં ૧૫ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જ્યારે ટ્રકની અડફેટે આવતાં એક મહિલાનું મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી પ્રમાણે જૂનાગઢ વેરાવળ હાઇવે પર માળિયા હાટીના પાસે આવેલા ભંડુરી ગામ પાસે સોમવારે વહેલી સવારે બે કાર વચ્ચે વચ્ચે ભયંકર ટક્કર થઇ હતી, જેમાં પરીક્ષા

આપવા જતા પાંચ વિદ્યાર્થી સહિત કુલ સાત (જુઓ પાનું ૨) ▸▸

# ત્રણ કરોડ મહિલાને લખપતિ દીદી બનાવીશુંઃ મોદી

પાણીપતઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે અહીં જીવન વીમા નિગમ (એલઆઈસી)ની ‘વીમા સખી યોજના’ શરૂ કરવા જણાવ્યું હતું કે અમારું ત્રણ કરોડ મહિલાને ‘લખપતિ દીદી’ બનાવવાનું લક્ષ્ય છે. લખપતિ દીદી સેલ્ફ હેલ્પ ગ્રૂપ (એસએચજી)ની સભ્ય છે અને તેની વાર્ષિક ઘરેલુ આવક એક લાખ રૂપિયા કરતાં વધુ હોય છે.

અત્યાર સુધીમાં અંદાજે ૧.૧૫ કરોડ મહિલા લખપતિ દીદી બની ગઈ છે અને એલઆઈસીની વીમા સખી યોજના શરૂ કરવામાં આવ્યા બાદ અમારું લક્ષ્ય ત્રણ કરોડ મહિલાને લખપતિ દીદી બનાવવાનું છે, એમ તેમણે કહ્યું હતું.

છેલ્લાં ૧૦ વર્ષમાં કેન્દ્ર સરકારે સંરક્ષણ, બૅન્કિંગ અને કૃષિ સહિતનાં વિવિધ ક્ષેત્રમાં મહિલાઓનાં સશક્તિકરણ માટે અનેક પગલાં લીધાં છે

દરમિયાન મોદીએ બાંયધરી આપતાં કહ્યું હતું કે હરિયાણામાં અમારી સરકાર ત્રીજી મુદત દરમિયાન (જુઓ પાનું ૨) ▸▸

# દિલ્હી-શિલોંગ ફ્લાઇટનું ટેક્નિકલ ખામી સર્જાતા પટનામાં ઉતરાણ

પટનાઃ સ્પાઇસ જેટની દિલ્હી-શિલોંગ ફ્લાઇટમાં ટેક્નિકલ ખામી સર્જાતા સોમવારે સવારે પટનાના જય પ્રકાશ નારાયણ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર સુરક્ષિત ઉતરાણ કરવામાં આવ્યું હતું. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

મુસાફરો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી રહી છે. પટના એરપોર્ટના ડિરેક્ટર અંચલ પ્રકાશે જણાવ્યું કે સ્પાઇસ જેટની દિલ્હી-શિલોંગ ફ્લાઇટમાં ટેક્નિકલ ખામી સર્જાઇ હતી. જ

ેના કારણે તેને પટનાના જય પ્રકાશ નારાયણ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ડાયવર્ટ કરવાની ફરજ પડી હતી. એરપોર્ટ પર ફ્લાઇટ સોમવારે સવારે ૮-૫૨ વાગ્યે સુરક્ષિત રીતે લેન્ડ થઇ હતી.

મુસાફરો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે આ એક સામાન્ય લેન્ડિંગ હતું અને વિમાનમાં સવાર મુસાફરો અને ક્રૂ સુરક્ષિત હતા. ■

# યુનિવર્સિટીની પ્રવેશ પરીક્ષામાં ફેરફાર કરાશે

નવી દિલ્હીઃ નિષ્ણાતોની સમિતિએ કરેલી સમીક્ષાને પગલે અન્ડરગ્રેજ્યુએટ અને પૉસ્ટગ્રેજ્યુએટ અભ્યાસની પ્રવેશ પરીક્ષા કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ (સીયૂઈટી)માં આવતા વરસે અનેક ફેરફાર કરવામાં આવશે, એમ યુજીસીના ચેરમેન જગદીશકુમારે કહ્યું હતું. ક્યૂટ-યુજી અને પીજીની પરીક્ષાના આયોજનની સમીક્ષા કરવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી)એ નિષ્ણાતોની એક કમિટીની રચના કરી હતી.

અગાઉના વરસોની મળેલી માહિતીને ધ્યાન પર લેતાં વિદ્યાર્થીઓને પરિણામકારક, વધુ અસરકારક અને સારું વાતાવરણ પૂરું પાડવા પરીક્ષાની પ્રક્રિયામાં સતત સુધારા કરવા જરૂરી હોવાનું તેમણે કહ્યું હતું. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૨૫માં યુજી અને પીજી ટેસ્ટનું આયોજન કરવા યુજીસીએ નિષ્ણાતોની એક સમિતિની રચના કરી છે અને તેમની ભલામણોને આધારે આ પરીક્ષાઓનાં આયોજનમાં અનેક ફેરફાર કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. કમિટીએ પરીક્ષાના માળખા, પેપરની સંખ્યા, પરીક્ષાનો સમયગાળો, અભ્યાસક્રમ અને ઑપરેશનલ લોજિસ્ટિક્સ સહિત અનેક પાસાંઓની ચકાસણી કરી હતી. વર્ષ ૨૦૨૫માં સીયૂઈટી-યુજી અને સીયૂઈટી-પીજીનું આયોજન કરવા પંચ સુધારેલી માર્ગદર્શિકા ધરાવતો નવો પ્રસ્તાવ રજૂ કરશે અને એ અંગે વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને શૈક્ષણિક સંસ્થાઓનો અભિપ્રાય મગાવશે, એમ તેમણે કહ્યું હતું. ■

# સંજય મલ્હોત્રા આરબીઆઇના નવા ગવર્નર બનશે

નવી દિલ્હીઃ સંજય મલ્હોત્રાની ભારતીય રિઝર્વ બેંક(આરબીઆઇ)ના નવા ગવર્નર તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેઓ શક્તિકાંત દાસનું સ્થાન લેશે. સરકારે મહેસૂલ સચિવ સંજય મલ્હોત્રાને રિઝર્વ બેંકના આગામી ગવર્નર તરીકે નિયુક્ત કર્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

રાજસ્થાન કેડરના ૧૯૯૦ બેચના આઇએએસ અધિકારી મલ્હોત્રા શક્તિકાંત દાસનું સ્થાન લેશે. તાજેતરમાં તેઓ નાણાં મંત્રાલયમાં મહેસૂલ સચિવ તરીકે સેવા આપી રહ્યા છે.

શક્તિકાંત દાસનો કાર્યકાળ મંગળવાર(૧૦ ડિસેમ્બર, ૨૦૨૪)ના રોજ સમાપ્ત થવા જઇ રહ્યો છે. આ સાથે સંજય મલ્હોત્રા આરબીઆઇના ૨૬મા ગવર્નર બનશે. ■

# હિમાચલમાં મોસમની પહેલી હિમવર્ષા ૮૭ રસ્તા બંધ

શિમલાઃ હિમાચલ પ્રદેશમાં સિઝનની પ્રથમ હિમવર્ષા જોવા મળી હતી જેના કારણે રાજ્યના ઓછામાં ઓછા ૮૭ રસ્તા બંધ થઈ ગયા હતા.

શિમલા, કુફરી, ફાગુ, ચેન્સેલ, નારકંડા અને ચુરધર પર્વતમાળાના નજીકના પ્રવાસી રિસોર્ટ્સ તેમજ ઘણા ઊંચા પર્વતીય માર્ગો સાથે, રવિવારે સાંજે સિઝનની પ્રથમ હિમવર્ષા થઈ, જેણે ખેડૂતો, સફરજન ઉત્પાદકો અને હોટેલિયર્સ માટે ઉત્સાહ લાવી દીધો હતો.

શિમલામાં અઢી સેમી બરફ પડ્યો હતો અને ધ રિજ, મોલ રોડ અને જાખૂ પીક જેવા વિસ્તારો બરફના આછા ધાબળામાં ઢંકાઈ ગયા હતા. મનાલી, કસૌલી અને ચેલ જેવા મુખ્ય પ્રવાસન સ્થળોમાં પણ હિમવર્ષા નોંધાઈ હતી.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (એસઇઓસી) એ જણાવ્યું હતું કે શિમલામાં કુલ ૫૮ રસ્તા બંધ કરવામાં આવ્યા હતા, ત્યારબાદ કિન્નૌરમાં ૧૭, કાંગડામાં છ, લાહૌલ અને સ્પીતિમાં બે, કુલ્લુ અને ચંબા જિલ્લામાં એક-એક રસ્તાઓ બંધ કરવામાં આવ્યા હતા. મનાલીના રોહતાંગ પાસ પાસે અટારી-લેહ નેશનલ હાઈવે ૩ પણ બંધ કરાયો છે.

એસઇઓસીએ જણાવ્યું હતું કે, ૪૫૭ ટ્રાન્સફોર્મર ખોરવાઇ ગયા હોવાથી હિમાચલના કેટલાય વિસ્તારોમાં વીજળી ગુલ થઇ હતી.



**હિમવર્ષાઃ** હિમાચલ પ્રદેશના કુલુમાં સોમવારે સિઝનની પ્રથમ હિમવર્ષા થયા બાદ પર્વતીય વિસ્તાર પર બરફની ચાદર પથરાઈ ગઈ હતી. (એજન્સી)

ઊંચાઈવાળા વિસ્તારો અને પર્વતીય આદિવાસી વિસ્તારોમાં લઘુતમ તાપમાન માઇનસ ૧૨થી વધુ રહેવા સાથે તીવ્ર ઠંડીનો અનુભવ થયો હતો. ટેબોમાં માઈનસ ૧૨.૩ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

લાહૌલ અને સ્પીતિ પોલીસના જણાવ્યા અનુસાર રવિવાર સાંજથી અત્યાર સુધીમાં લાહૌલમાં હિમવર્ષાના કારણે ૪૯૦ વાહનમાં ફસાયેલા લગભગ ૮૦૦ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

કોકસરમાં ૬.૭ સેમી, ત્યાર બાદ ખાદ્રાલામાં ૫ સેમી, સાંગલામાં ૩.૬ સેમી, કેલોંગમાં ૩ સેમી અને નિચર અને શિમલામાં ૨.૫ સેમી બરફ નોંધાયો હતો.

રાજ્યની નીચલી ટેકરીઓમાં હળવો વરસાદ થયો હતો, જેમાં કંડાઘાટ, કસૌલી, જુબ્બરહટ્ટી અને મંડીમાં અનુક્રમે ૨.૨ મિમી, ૨ મિમી, ૧.૯ મિમી અને ૧.૪ મિમી વરસાદ નોંધાયો હતો.

ભારતીય હવામાન વિભાગે ૧૦ અને ૧૧ ડિસેમ્બરના રોજ વહેલી સવાર અને મોડી રાત દરમિયાન ભાખરા ડેમ જળાશય વિસ્તાર (બિલાસપુર) અને બાલ્હ વેલી (મંડી)ના ભાગોમાં ગાઢ ધુમ્મસ માટે યલો ચેતવણી જારી કરી છે. ■

### ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટ

# આઈએનએસ તુશીલને રશિયામાં ભારતીય નૌકાદળમાં સામેલ કરાયું

નવી દિલ્હીઃ ભારતીય નૌકાદળના રશિયન-નિર્મિત ગાઇડેડ મિસાઇલ ફ્રિગેટ આઈએનએસ તુશીલને સોમવારે રશિયાના દરિયાકાંઠાના શહેર કાલિનિનગ્રાડમાં દળમાં સામેલ કરવામાં આવ્યું હતું.

કમિશનિંગ સમારોહમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે ત્રિપાઠી અને અન્ય ઘણા વરિષ્ઠ ભારતીય અધિકારીઓ હાજર હતા.

૧૨૫ મીટરની લંબાઇ સાથેનું ૩૯૦૦ ટનનું આ ઘાતક જહાજ રશિયન અને ભારતીય અત્યાધુનિક ટેકનોલોજી અને યુદ્ધ જહાજના નિર્માણમાં શ્રેષ્ઠ પ્રયાસોનું પ્રભાવશાળી મિશ્રણ છે.

આ પ્રોજેક્ટમાં સામેલ મુખ્ય ભારતીય સંરક્ષણ કંપનીઓમાં બ્રહ્મોસ એરોસ્પેસ પ્રાઈવેટ લિમિટેડ, ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ, કેલ્ટ્રોન, ટાટાની નોવા ઈન્ટિગ્રેટેડ સિસ્ટમ્સ, એલ્કમ મરીન, જોન્સન કંટ્રોલ્સ ઈન્ડિયા અને અન્ય સામેલ છે.

આઈએનએસ તુશીલ એ પ્રોજેક્ટ ૧૧૩૫.૬નું અપગ્રેડેડ ક્રિવાક વર્ગનું ફ્રિગેટ છે.

આઈએનએસ તુશીલ હિંદ મહાસાગરમાં ભારતીય નૌકાદળની ઓપરેશનલ ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરશે તેવી અપેક્ષા છે.

ભારતીય નૌકાદળ માટે ચાર સ્ટીલ્થ ફ્રિગેટ્સ માટે નવી દિલ્હીએ ૨૦૧૬માં મોસ્કો સાથે કરેલા ૨.૫ બિલિયન ડૉલરના સોદાના ભાગરૂપે રશિયામાં યુદ્ધ જહાજનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ ડીલ હેઠળ બે જહાજોનું નિર્માણ રશિયામાં થવાનું છે જ્યારે અન્ય બે જહાજનું ઉત્પાદન ભારતમાં થશે.

સમારોહમાં તેમની ટિપ્પણીમાં, સિંહે યુદ્ધ જહાજના કમિશનિંગને ભારતની વધતી જતી દરિયાઈ શક્તિ અને રશિયા સાથે લાંબા સમયથી ચાલતા સંબંધોમાં નોંધપાત્ર સીમાચિહ્નરૂપ ગણાવ્યું હતું.

તેમણે કહ્યું કે ‘‘ આ જહાજ એ રશિયન અને ભારતીય ઉદ્યોગોના સહયોગી કૌશલ્યનો મોટો પુરાવો છે. તે સંયુક્ત સાહસ દ્વારા તકનીકી શ્રેષ્ઠતા તરફ ભારતની યાત્રાનું ઉદાહરણ છે.’’

સિંહે કહ્યું કે ભારત અને રશિયા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સાયબર સિક્યુરિટી, સ્પેસ એક્સ્પ્લોરેશન અને આતંકવાદ વિરોધી જેવાં ક્ષેત્રોમાં એકબીજાની કુશળતાનો લાભ લઈને સહકારના ‘‘નવા યુગ’’માં પ્રવેશ કરી રહ્યાં છે. ■

# દક્ષિણ કોરિયાના પ્રમુખના પ્રવાસ પર પ્રતિબંધ મુકાયો

સૉલ : દક્ષિણ કોરિયાના ન્યાય મંત્રાલયે સોમવારે પ્રમુખ યુન સુક યેઓલના વિદેશ જવા પર પ્રતબિંધ મુક્યો છે. યુને ગયા અઠવાડિયે લશ્કરી શાસન જાહેર કર્યું એના સંબંધમાં તેમના પર મુકાયેલા બંડખોરી અને બીજા ગુનાઓ સત્તાવાળાઓ તપાસી રહ્યા છે. આ લશકરી શાસન ક્ષણજીવી રહ્યું હતું.

યુને મંગળવારે લશ્કરી શાસનનો હુકમ બહાર પાડ્યો હતો અને આને લીધે ખાસ દળો સૉલની ગલીઓમાં આવ્યા હતા અને દક્ષિણ કોરિયા રાજકીય અનિશ્ચિતતામાં ડૂબી ગયું હતું. આવા હુકમથી તેના ચાવીરૂપ જોડીદારો અને પડોશીમાં ચિંતા ઊભી થઈ હતી.

અગાઉ, દક્ષિણ કોરિયામાં પ્રમુખ યુન સુક યેઓલને લશ્કરીશાસન લાદવાની ગયા અઠવાડિયે ભલામણ કરનારા ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન કિમ યોંગ હ્યુનની અટક કરાઇ હતી.

ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન કિમ યોંગ હ્યુન સૉલમાં પ્રોઝિક્યુટર્સ ઑફિસમાં હાજર થયા કે તુરત જ તેમનો મોબાઇલ ફોન જપ્ત કરાયો હતો અને તેમની અટક કરાઇ હતી.

ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાનની જૂની ઑફિસ અને નિવાસસ્થાને દરોડા પડાયા હતા.

પ્રમુખે એક દિવસ પહેલા જ પોતાની સામે મહાભિયોગની દરખાસ્ત સંસદમાં પસાર કરાવવાના વિપક્ષના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. સંસદમાં પ્રમુખ સામે મહાભિયોગની દરખાસ્ત પસાર કરાવવા બે-તૃતીયાંશ સાંસદોની બહુમતીની જરૂર હતી, પરંતુ અનેક સાંસદે મતદાનનો બહિષ્કાર કર્યો હતો.

દરમિયાન, દક્ષિણ કોરિયાના મુખ્ય વિપક્ષ ડેમોક્રેટિક પાર્ટીએ જણાવ્યું હતું કે અમે પ્રમુખ યુન સુક યેઓલની સામે મહાભિયોગની દરખાસ્ત ફરી રજૂ કરીશું.

કિમ યોંગ હ્યુન સામે પણ વિપક્ષોએ મહાભિયોગની દરખાસ્ત રજૂ કરતા તેમણે પ્રમુખને રાજીનામું મોકલ્યું હતું જે સ્વીકારી લેવાયું હતું. દક્ષિણ કોરિયામાં છેલ્લાં ૪૦ વર્ષથી વધુ સમયગાળામાં સૌપ્રથમ વખત લશ્કરીશાસન લદાયું હતું. (એજન્સી)■



**વિકાસઃ** હરિયાણાના પાણીપતમાં વિકાસ યોજનાઓના લૉન્ચિંગ અને શિલારોપણ સમારોહમાં કેન્દ્રનાં નાણાં ખાતાનાં પ્રધાન નિર્મલા સીતારમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કર્યું હતું. (એજન્સી)

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# આસામમાં બાંગ્લાદેશી સૈનિકોની ઘૂસણખોરી, બધાં કેમ ચૂપ?

**બાંગ્લાદેશમાં** શેખ હસીનાને ભગાડી દીધા પછી બેફામ બનેલા કટ્ટરવાદીઓ હિંદુઓની હત્યાઓ કરી રહ્યા છે, અમાનવીય અત્યાચારો કરી રહ્યા છે અને હિંદુ મંદિરોમાં તોડફોડ કરી રહ્યા છે. ભારતની કહેવાતી હિંદુવાદી સરકાર હિંદુઓની કત્લેઆમ રોકવા કશું કરી નથી રહી. તેના કારણે બાંગ્લાદેશીઓની હિંમત એ હદે વધી ગઈ છે કે, બાંગ્લાદેશી સૈનિકો ભારતની સરહદમાં ઘૂસીને હિંદુઓને ધમકાવી ગયા, રીતસરની લુખ્ખી દાદાગીરી કરીને હિંદુ મંદિરનું નિર્માણ બંધ કરાવી દીધું.

આપણી સરહદની સુરક્ષાની જવાબદારી જેમના માથે છે એ બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ)ના જવાનો બાંગ્લાદેશના બોર્ડર ગાર્ડ્સ ઓફ બાંગ્લાદેશ (બીજીબી)ના સૈનિકોને ભારતમાં ઘૂસતાં તો રોકી ના જ શક્યા પણ આઘાતજનક વાત એ છે કે, તેમણે લૂલો બચાવ કર્યો છે કે આ ઘટનામાં કશું અસામાન્ય નથી. ભારત તરફ દુશ્મનાવટ રાખતા દેશના સૈનિકો આપણી સરહદમાં ઘૂસી જાય એ ઘટના સામાન્ય કહેવાય ?

આસામમાં ભાજપના હિમંત બિસ્વ સરમાની સરકાર છે. બાંગ્લાદેશી સૈનિકો ભારતની સરહદમાં ઘૂસી ગયા પછી પોલીસને પણ જાણ કરાઈ હતી પણ પોલીસે પણ તમાશો જોઈ રહેવા સિવાય કંઈ ના કર્યું. આસામના વહીવટીતંત્રે પણ આ ઘટના કન્ફ્યુઝનના કારણે સર્જાયેલી એવું કહીને વાતનો વીંટો વાળી દીધો.

આ આઘાતજનક ઘટના આસામની શ્રીભૂમિ જિલ્લાની છે. શ્રીભૂમિ જિલ્લાની ૯૪ કિમી સરહદ બાંગ્લાદેશને અડીને આવેલી છે, તેમાંથી ૪૩ કિમી વિસ્તાર નદી કિનારો છે. આ વિસ્તારમાં કુશિયારા નદી એ બંને દેશો વચ્ચેની સરહદ રેખા છે અને નદીની બંને બાજુએ ૧૫૦ મીટરનો વિસ્તારનો લેન્ડ એરિયા જાહેર કરાયેલો છે. મતલબ કે, વિસ્તાર કોઈની માલિકીનો નથી તેથી ભારત અને બાંગ્લાદેશ બંનેના સૈનિકોએ આ વિસ્તારમાં જતા પહેલાં એકબીજાની પરવાનગી લેવી પડે છે.

બાંગ્લાદેશના સૈનિકો આ પ્રોટોકલની ઐસીતૈસી કરીને ૫ ડિસેમ્બરે નદી પાર કરીને આસામમાં પ્રવેશ્યા હતા. બાંગ્લાદેશના સિલહેટ ડિવિઝનના જકીગંજ પોઈન્ટ પર તૈનાત બીજીબી સૈનિકોની એક ટીમ નદી પાર કરીને શ્રીભૂમિમાં પ્રવેશી અને ભારતના વિસ્તારમાં નદી કિનારે જંગલ રોડ પર સ્થાનિક લોકો મા મનસા દેવીના પ્રાચીન મંદિરનો જીર્ણોદ્ધાર કરી રહ્યા હતા તે અટકાવી દીધું.

બીજીબીએ કામદારોને ધમકાવીને રવાના કરી દીધા. મંદિરની સંચાલન સમિતિએ ઘૂસણખોરી અંગે બીએસએફને જાણ કરતાં બીએસએફની ટીમ તરત જ ઘટનાસ્થળે પહોંચી. બીએસએફના જવાનોએ બીજીબી જવાનોને સ્પષ્ટ રીતે કહ્યું કે, આ મંદિર નો મેન લેન્ડથી દૂર ભારતના વિસ્તારમાં બંધાઈ રહ્યું છે તેથી બાંગ્લાદેશને તેના વિશે બોલવાનો કોઈ અધિકાર નથી, બાંગ્લાદેશના સૈનિકો આ વાતને ઘોળીને પી ગયા ને ત્યાં જ ઊભા રહ્યા. કલાકોની રકઝક પછી બીએસએફ અને બીજીબીના અધિકારીઓએ મીટિંગ કરી પછી માંડ માંડ એ લોકો પાછા ફર્યા. એ પછી મંદિરનું નિર્માણ પાછું શરૂ થયું અને હાલ મંદિરનું નિર્માણ બીએસએફની દેખરેખ હેઠળ ચાલી રહ્યું છે પણ આ ઘટનાના પગલે આસામમાં છેલ્લા ત્રણ દિવસથી તણાવ છે.

ભાજપના નેતા આ મામલે બિલકુલ ચૂપ છે. કૉંગ્રેસના રાહુલ ગાંધીને જ્યોર્જ સોરોસ સાથે કનેક્શન છે એવું સાબિત કરીને ગૌતમ અદાણીની દલાલી કરવામાં પડેલ ભાજપના નેતાઓને બાંગ્લાદેશી સૈનિકો ભારતની સરહદમાં ઘૂસીને ભારતીયોને ધમકાવી જાય તેમાં કશું વાંધાજનક નથી લાગતું. વિદેશની કોઈ સંસ્થા અદાણી સામે કંઈ કરે તો તેમને દેશની સુરક્ષા સામે ખતરો લાગવા માંડે છે ને અહીં બાંગ્લાદેશના સૈનિકો દેશની સરહદ ઓળંગીને આપણી સરહદમાં ઘૂસી ગયા તો તેમને કોઈ ફરક પડતો નથી. આ કેવો દેશપ્રેમ કહેવાય એ જ નથી સમજાતું.

બોર્ડર સિક્યોરિટી ફોર્સ (BSF) ના એક સિનિયર અધિકારીએ પણ વાહિયાત વાત કરીને કહ્યું કે, આ અસામાન્ય પ્રયાસ નથી. બંને દેશોનાં સીમા સુરક્ષાદળો એકબીજા સાથે વાત કરતા રહે છે. નદી અહીંની સરહદ છે તેથી તેનો અડધો ભાગ બીજીબી દ્વારા અને અડધો બીએસએફ દ્વારા આવરી લેવામાં આવ્યો છે. બંને તરફના સૈનિકોને કંઈપણ અસામાન્ય દેખાય ત્યારે અમે એકબીજાની સરહદમાં શું ચાલી રહ્યું છે તેના વિશે પૂછપરછ કરીએ છીએ. આ વખતે એ લોકો ભારતીય વિસ્તારમાં બાંધકામ વિશે વાત કરવા માગતા હતા અને અમે ચર્ચા દ્વારા મૂંઝવણ દૂર કરતાં આ વાતનો અંત આવી ગયો.

આ વાત અત્યંત હાસ્યાસ્પદ છે કેમ કે આ ઘટનામાં બીજીબીએ બીએસએફ સાથે વાત કરી નથી પણ સીધા નદી ઓળંગીને ભારતની સરહદમાં ઘૂસી ગયા છે. આ રીતે ભારતની સરહદમાં ઘૂસવાનો તેમને કોઈ અધિકાર નથી એવું વલણ અપનાવીને ભારતે કમ સે કમ તેની સામે આકરો વાંધો લેવો જોઈતો હતો પણ તેના બદલે અહીં તો કશું જ ના બન્યું હોય એવું વર્તન કરાઈ રહ્યું છે.

આસામની ભાજપની હિમંત બિસ્વ સરમા સરકારના અધિકારીઓ પણ આવી બકવાસ વાતો જ કરી રહ્યા છે. શ્રીભૂમિ જિલ્લાના જિલ્લા કમિશનર પ્રદિપ કુમાર દ્વિવેદીના કહેવા પ્રમાણે, આંતરરાષ્ટ્રિય સરહદે મંદિરના પુનઃનિર્માણના સ્થળની નજીક કાળા રંગનું પ્લાસ્ટિક કવર લગાવાયું હતું ને તેના કારણે બાંગ્લાદેશી સૈનિકોના મનમાં કન્ફ્યુઝન પેદા થયું હતું. દ્વિવેદી સાહેબના કહેવા પ્રમાણે, આ માત્ર મૂંઝવણનો વિષય હતો અને તે ચર્ચા પછી ઉકેલાઈ ગયો હતો.

બાંગ્લાદેશી સૈનિકોના મનમાં કન્ફ્યુઝન પેદા થયું એટલે ભારતની સરહદમાં ઘૂસી આવ્યા એ દલીલ બાયલાગીરીને ઢાંકવા માટે બરાબર છે પણ ગળે ઊતરે એવી નથી. ભારતની સરહદમાં કાળા રંગનું પ્લાસ્ટિકનું કવર લગાવાય કે ભગવો ઝંડો ફરકાવાય, બાંગ્લાદેશી સૈનિકોને તેની સાથે કંઈ લેવાદેવા નથી. આપણા પ્રદેશમાં શું કરવું એ આપણો અધિકાર છે ને તેની તપાસ કરવા બાંગ્લાદેશી સૈનિકોને આપણા વિસ્તારમાં ઘૂસવા દેવા એ નપુંસકતા કહેવાય. આ નપુંસકતાનો બચાવ કઈ રીતે થઈ શકે ?

ભારતના બાંગ્લાદેશ સાથેના સંબંધો અત્યારે અત્યંત તણાવપૂર્ણ છે. બાંગ્લાદેશની હાલની સરકાર ભારત અને ભારતીયોને દુશ્મન ગણીને જ વર્તી રહી છે ત્યારે આ પ્રકારની હરકતોને ભારતે સહન ના કરવી જોઈએ. ભારતની ચૂપકીદીનો અર્થ કાયરતા છે ને એ જોઈને બાંગ્લાદેશીઓની હિંમત વધશે, ભવિષ્યમાં આ પ્રકારની ગુસ્તાખીઓ પણ વધશે.

કમનસીબે કેન્દ્ર સરકાર આ મુદ્દે સાવ મૌન છે. આપણી સરહદની સુરક્ષા જેવા ગંભીર મુદ્દે પણ લોકોને સ્પષ્ટતા કરવાની ફરજ નથી એમ માનીને જાણે કશું બન્યું જ ના હોય એ રીતે વર્તી રહી છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન/સૌર હેમંતઋતુ, મંગળવાર, તા. ૧૦-૧૨-૨૦૨૪, પંચક

- ભારતીય દિનાંક ૧૯, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માર્ગશીર્ષ સુદ – ૧૦
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માર્ગશીર્ષ, તિથિ સુદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૨૮મો જમીઆદ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૮મો જમીઆદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૮મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૯મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા બપોરે ક. ૧૩-૨૯ સુધી, પછી રેવતી.
- ચંદ્ર મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૨ અમદાવાદ ક. ૦૭ મિ. ૧૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૦, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૩, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : રાત્રે ક. ૨૦-૦૭
- ઓટઃ બપોરે ક. ૧૩-૨૩, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૩૬ (તા. ૧૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ''અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ''ક્રોધી' નામ સંવત્સર, માર્ગશીર્ષ શુક્લ – દસમી.– પંચક, રવિયોગ અહોરાત્ર, સિદ્ધિયોગ સૂર્યોદયથી ક. ૧૩-૩૧.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ વ્યતિપાત જન્મયોગ શાંતિ પૂજા, દૈનિક વ્યતિપાત યોગ હોઈ સાંસારિક, માંગલિક કાર્યો વર્જ્ય છે. પરંતુ રવિયોગ હોઈ ચંદ્રબળ હોતા સીમંત સંસ્કાર, નવા વસ્રો, આભૂષણ, બી વાવવું, ખેતીવાડીના કામકાજ ઈત્યાદિ થઈ શકે છે. સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, મંગળ-શનિ ગ્રહદેવતાનું પૂજન, અહિર્બુધ્ન્ય, ધ્રુવદેવતાનું પૂજન. મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, બગીચાના કામકાજ, ખેતીવાડીના કામકાજ.
- આચમનઃ ચંદ્ર-બુધ ત્રિકોણ ચપળ મન

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ત્રિકોણ, ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી ઉત્તરે થશે.

- ગોચરગ્રહોઃ સૂર્ય-વૃશ્ચિક વક્રી મંગળ-કર્ક, વક્રી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મકર, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર ■

# ૧૭૦૦૦ નકલી કંપનીઓ દ્વારા કરાયેલી ₹૩૫,૧૩૨ કરોડની કરચોરી શોધી કઢાઈ

નવી દિલ્હીઃ જીએસટી અધિકારીઓએ એપ્રિલ-ઑક્ટોબર વચ્ચે ૧૭૮૧૮ નકલી કંપનીઓ દ્વારા રૂ. ૩૫૧૩૨ કરોડની આઇટીસી કરચોરીના કેસ શોધી કાઢ્યા છે અને ૬૯ લોકોની ધરપકડ કરી હોવાની વાતની જાણ સંસદને સોમવારે કરાઈ હતી. લોકસભામાં એક લેખિત જવાબમાં રાજ્યકક્ષાના નાણા પ્રધાન પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય પ્રશાસન દ્વારા ડેટા એનાલિટિક્સ અને અન્ય ઇન્ટેલિજન્સ દ્વારા નકલી કંપનીઓને શોધવા માટે નિયમિત કાર્યવાહી કરવામાં આવે છે. આ ઉપરાંત, નકલી કંપનીઓને શોધવા માટે ૧૬ ઓગસ્ટથી ૩૦ ઓક્ટોબરની વચ્ચે એક સંકલિત વિશેષ ડ્રાઈવ શરૂ કરી હતી. ચૌધરીએ જણાવ્યું હતું કે, ''નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ (એપ્રિલ-ઑક્ટો.) દરમિયાન ૩૫૧૩૨ કરોડ રૂપિયાની શંકાસ્પદ આઇટીસી કરચોરી સાથે ૧૭૮૧૮ નકલી કંપનીને સંડોવતા કુલ ૧૮૮૭૬ છેતરપિંડીના આઇટીસી કેસ મળી આવ્યા હતા.'' ચૌધરીએ જણાવ્યું હતું કે રૂ. ૫૪૨૨ કરોડ આઇટીસીને બ્લોક કરીને અને રૂ. ૧૦૬૨ કરોડ રિકવરી દ્વારા રૂ. ૬૪૮૪ કરોડની બચત થઈ છે. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ઑક્ટોબર સુધીના કેસમાં કુલ ૬૯ ધરપકડ કરવામાં આવી છે. ■

# બાંગ્લાદેશમાં લઘુમતીઓની સુરક્ષા અંગે ભારતે ચિંતા વ્યક્ત કરી

ઢાકાઃ વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ઢાકામાં તેમના સમકક્ષ સાથે ઉચ્ચ સ્તરીય વાટાઘાટો કરી હતી અને એ દરમયાન ભારતે સોમવારે બાંગ્લાદેશમાં લઘુમતીઓની સુરક્ષા અને પાડોશી સાથે ''સકારાત્મક, રચનાત્મક અને પરસ્પર ફાયદાકારક'' સંબંધની તેની ઇચ્છા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

૫ ઓગસ્ટે વડા પ્રધાન શેખ હસીનાને હાંકી કાઢવામાં આવ્યાં હતાં અને તે જીવ બચાવવા ભારત આવ્યાં ત્યારથી થયેલી ભારતીય અધિકારીની પ્રથમ ઉચ્ચ સ્તરીય મુલાકાતમાં, મિસરીએ જણાવ્યું હતું કે તેમણે અહીં વિદેશ સચિવ મોહમ્મદ જશીમ ઉદ્દીન સાથે લઘુમતીઓની સુરક્ષા અને કલ્યાણ સાથે સંબંધિત અમારી ચિંતાઓ જણાવી. અમે સાંસ્કૃતિક, ધાર્મિક અને રાજદ્વારી સંપત્તિઓ પર હુમલાની કેટલીક ખેદજનક ઘટનાઓની પણ ચર્ચા કરી હતી. મિસરીએ પત્રકારોને જણાવ્યું હતું કે મેં ભારપૂર્વક કહ્યું કે ભારત બાંગ્લાદેશ સાથે સકારાત્મક, રચનાત્મક અને પરસ્પર લાભદાયી સંબંધો ઈચ્છે છે .ઓગસ્ટમાં સરકાર વિરોધના કારણે હસીનાને દેશ છોડવાની ફરજ પડી તે પછી ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના ગાઢ સંબંધો ગંભીર તાણ હેઠળ આવ્યા હતા. હિંદુઓ પર હુમલા અને હિંદુ સાધુ ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડને કારણે તાજેતરના અઠવાડિયામાં સંબંધો વધુ બગડ્યા છે. ■

# ગુલમર્ગમાં માઈનસ ૯ ડિગ્રી ઠંડી

સુરેશ એસ ડુગ્ગર

જમ્મુ : કાશ્મીર ખીણની જોડે લદાખમાં હાજા ગગડાવી નાખે એવી ઠંડી પડી રહી છે. કાશ્મીરમાં ઠંડીની ભયંકર મોસમ ચિલ્લે કલાં ૨૧ ડિસેમ્બરથી શરૂ થશે.

કાશ્મીરમાં કાતીલ ઠંડીનો પ્રકોપ જારી છે અને તાપમાનમાં ભારે ઘટાડો તથા શરૂઆતમાં જ ઠંડી ફેલાઈ ગઈ છે. ગુલમર્ગના સ્કી રિસોર્ટમાં સૌથી ઓછું તાપમાન નોંધાયું હતું. ત્યાં પારો શૂન્યથી પણ નવ ડિગ્રી નીચે ઊતરી ગયો હતો. શોપિયામાં માઈનસ ૭.૭ ડિગ્રી અને સોનમર્ગમાં માઈનસ ૭.૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. પહલગામ (માઈનસ ૬.૮ ડિગ્રી સેલ્સિયસ) અને પુલવામા (માઈનસ ૬.૭ ડિગ્રી સેલ્સિયસ) જેવાં પર્યટન સ્થળોમાં પણ કાતિલ ઠંડી પડી રહી છે. શ્રીનગર અને ગંદરબલ જેવા થોડા ગરમ વિસ્તારો પણ ઠંડીથી બચી શક્યા નહોતા અને ત્યાં માઈનસ ૩.૩ ડિગ્રી તાપમાન હતું. કુપવાડા (-૪.૪ ડિગ્રી સેલ્સિયસ) કુલગામ (-૫.૧ ડિગ્રી સેલ્સિયસ) અને બાંદીપોરા (-૪.૧ ડિગ્રી સેલ્સિયસ) જેવાં અન્ય સ્થળોમાં તાપમાન શૂન્યથી નીચે જતું રહ્યું હતું.

અહીં ઉલ્લેખનીય છે કે રૂપ સે લાર્નુમાં તાપમાન માઈનસ ૭.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જે કાશ્મીરમાં ભયંકર ઠંડીનો સંકેત આપે છે.

જોકે જમ્મુમાં મોસમમાં મોટો ફેરફાર જોવા મળ્યો હતો. મેદાની વિસ્તારોમાં રાહત જોવા મળી હતી. જોકે ઊંચાઈવાળા વિસ્તારોમાં ઠંડીની અસર હતી. કાશ્મીરના શોપિયામાં -૭.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ત્યાર બાદ પૈડર પણ બીજા નંબરનું ઠંડું સ્થળ હતું. બનિહાલ (-૩.૧ ડિગ્રી સેલ્સિયસ) અને ભદ્રવાહ (-૪.૪ ડિગ્રી સેલ્સિયસ) જેવા ઊંચાઈવાળા પ્રદેશમાં બરફીલું હવામાન હતું.

આનાથી વિપરિત મેદાની પ્રદેશમાં ઓછી ઠંડી હતી. જમ્મુમાં (૬.૫ ડિગ્રી સેલ્સિયસ) અને કતુઆમાં (૭.૦ ડિગ્રી) તાપમાન નોધાયં હતું. જોકે સાંબા (૨.૩ ડિગ્રી સેલ્સિયસ) અને ઉધમપુર (૧.૬ ડિગ્રી સેલ્સિયસ)માં હજી ઠંડીની એટલી અસર નહોતી. રામબન ૯.૨ ડિગ્રી સેલ્સિયસ સાથે સૌથી ગરમ શહેર રહ્યું.

લદાખમાં ટંડીનો સૌથી મોટો કહર રહ્યો. લેહમાં માઈનસ ૧૨.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. લેહ સૌથી ઠંડું શહેર હતું. આ તાપમાન કાતિલ ઠંડીની સ્થિતિ દર્શાવે છે

દરમિયાન ગુલમર્ગના ઉપ વિભાગીય મેજિસ્ટ્રેટ (એસડીએમ)એ આગામી મહિનાઓમાં ગુલમર્ગ-ટંગમર્ગ સડક પર સુચારુ અને સુરક્ષિત અવરજવર કરવા માર્ગદર્શિકા જારી કરી હતી. લપસણી પરિસ્થિતિ અને ભારે હિમવર્ષા પરિવહન અંગેની સમસ્યાઓ અને દુર્ઘટનાઓ સર્જે છે.

વાહનોની અવરજવર પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે બરફ સાફ ન થાય ત્યાં સુધી ચાર બાય ચાર વાહનોને જ ટંગમર્ગથી ગુલમર્ગ વચ્ચે યાત્રા કરવાની અનુમતિ દીધી છે. હલકા મોટર વેહિકલ પર રોક લગાડાઈ છે. ઓછા બ્રેકડાઉન અને ટ્રાફિક જામ કરવા ૧૦ લોકોની ક્ષમતાવાળા હલકા મોટર વેહિકલને જ જવાની મંજૂરી અપાઈ છે. એન્ટી-સ્કીજ ચેન પોલિસી ચાલુ છે. આનો દર દરેક જોડી દીઠ ૬૦૦ રૂપિયા નક્કી કરાયો છે. આ વિક્રેતાઓએ ભીડ ઓછી કરવા પાર્કિંગ ક્ષેત્રોમાં કામ કરવું જોઈએ. ■

# રાજ્યસભાના અધ્યક્ષ સામે અવિશ્વાસની દરખાસ્ત લવાશે

## સંસદનાં બન્ને ગૃહમાં ધાંધલ

નવી દિલ્હીઃ રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડને દૂર કરવા અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની તૈયારી વિપક્ષોની યુતિ કરી રહી છે, જેમાં સમાજવાદી પાર્ટી તેમ જ તૃણમુલ કૉંગ્રેસ પણ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની તરફેણમાં છે.

સોમવારે સંસદનાં બન્ને ગૃહની કાર્યવાહી ખોરવાઈ હતી. જ્યોર્જ સોરોસ-કૉંગ્રેસની કડી અને અદાણી બાબતને લીધે બન્ને ગૃહોની કાર્યવાહીમાં વારંવાર વિક્ષેપ પડ્યો હતો. લોકસભા વીકએન્ડની રજા બાદ સવારે ૧૧ વાગ્યે શરૂ થઈ ત્યારે વિરોધ પક્ષના સભ્યો ઊભા થઈ ગયા હતા. સ્પીકર ઓમ બિરલાએ સભ્યોને તેમની બેઠકમાં બેસી જવા અને ગૃહનું કામકાજ ચાલવા દેવાનું કહ્યું હતું. તેમણે સભ્યોને કહ્યું હતું કે પ્રશ્નોત્તરી કાળ મહત્ત્વનો છે. તમે ગૃહને ચાલવા દો, પરંતુ સભ્યો માન્યા નહોતા. આથી ગૃહ ૧૨ વાગ્યા સુધી મોકૂફ રહ્યું હતું. ધાંધલને લીધે બપોરે બે અને ત્રણ વાગ્યે અને પછી આખા દિવસ માટે લોકસભા મોકૂફ રહી હતી. રાજ્યસભામાં પણ શાસક પક્ષ અને વિરોધ પક્ષે ઘોંઘાટ મચાવતાં ગૃહની કામગીરી મોકૂફ રહી હતી. ■

પહેલા પાનાનું ચાલુ

### ત્રણ કરોડ મહિલાને

રાજ્યના વિકાસ માટે ત્રણ ગણી ઝડપથી કામ કરશે. મહિલાઓને જ્યારે આગળ વધવાની તક મળે છે ત્યારે દેશ માટે પણ તકના અનેક નવા દરવાજા ખૂલી જાય છે, એમ તેમણે કહ્યું હતું.

દેશભરની અંદાજે ૧૦ કરોડ કરતાં પણ વધુ મહિલાઓ સેલ્ફ હેલ્પ ગ્રૂપ સાથે સંકળાયેલી હોવાનું તેમણે કહ્યું હતું.

છેલ્લાં ૧૦ વર્ષમાં સરકારે સેલ્ફ હેલ્પ ગ્રૂપની મહિલાઓને આઠ લાખ કરોડ રૂપિયા કરતાં પણ વધુની સહાય કરી હોવાનું તેમણે કહ્યું હતું.

એલઆઈસીની આ યોજના અંતર્ગત ૧૮થી ૭૦ વર્ષની વયજૂથની દસમી પાસ મહિલાઓનું સશક્તીકરણ કરવામાં આવશે.

આ યોજના અંતર્ગત મહિલા એજન્ટને પગાર પેટે પ્રથમ વરસે પ્રતિમાસ રૂ. ૭૦૦૦, બીજે વરસે પ્રતિમાસ રૂ. ૬,૦૦૦ અને ત્રીજે વરસે પ્રતિમાસ રૂ. ૫,૦૦૦ મળશે.

ત્રણ વર્ષમાં બે લાખ કરતાં પણ વધુ વીમા સખીની નિમણૂક કરવાની યોજના છે.

મોદીએ કર્નાલ ખાતે મહારાણા પ્રતાપ હોર્ટિકલ્ચર યુનિવર્સિટી મુખ્ય પરિસરનું શિલારોપણ પણ કર્યું હતું.

અગાઉ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે દેશનો દરેક ક્ષેત્રે વિકાસ થઈ રહ્યો છે. 'રિફોર્મ', પરફોર્મ અને ટ્રાન્સફોર્મનો મંત્ર દરેક ક્ષેત્રમાં દેખાઈ રહ્યો છે.

રાઈઝિંગ રાજસ્થાન શિખર પરિષદને સંબોધન કરતાં તેમણે કહ્યું હતું કે આજે વિશ્વના નિષ્ણાતો અને રોકાણકારો ભારત માટે ખૂબ જ ઉત્સાહિત છે.

ભારતમાં ઉત્પાદનનો બૅઝ વધુ વ્યાપક હોય એ મહત્ત્વનું છે કેમ કે વિશ્વને એવા અર્થતંત્રની જરૂર છે જે મોટામાં મોટી કટોકટીમાં પણ સતત મજબૂત રીતે કાર્યરત રહે. આ માટે દેશમાં ઉત્પાદનનો બૅઝ વધુ વ્યાપક હોય એ જરૂરી અને મહત્ત્વનું છે, એમ તેમણે કહ્યું હતું. મોદીએ કહ્યું હતું કે ડિજિટલ ટૅક્નોલૉજીનું લોકશાહીકરણ કઈ રીત દરેક ક્ષેત્ર અને વર્ગને લાભ કરાવી રહ્યું છે તે ભારતે દર્શાવી દીધું છે.

ભારત વિશ્વને ખરા અર્થમાં 'ડેમોક્રસી, ડેમોગ્રાફી અને ડૅટા'ની વાસ્તવિક તાકાતનો પરિચય કરાવી રહ્યું છે.

ભારતની યુવાશક્તિ દેશની પ્રાચીન પરંપરાને આગળ લઈ જઈ રહી છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે અમારી સરકાર વિકાસની સાથે સાથે વારસાના મંત્ર પર કામ કરી રહી છે અને રાજસ્થાનને તેનો સૌથી વધુ લાભ થઈ રહ્યો છે.

રાજસ્થાન માત્ર ઊભરી નથી રહ્યું તે વધુ વિશ્વસનીય પણ બની રહ્યું છે. રાજસ્થાન પરિવર્તનશીલ છે અને સમયની સાથે સાથે તે પોતાનું શુદ્ધિકરણ પણ કરી રહ્યું છે, એમ મોદીએ કહ્યું હતું. (એજન્સી) ■

## રાજસ્થાનમાં જંગી રોકાણની બાંયધરી

જયપુરઃ રાજસ્થાનમાં અદાણી ગ્રૂપે ૭.૫ લાખ કરોડ, બિરલા ગ્રૂપે ૫૦,૦૦૦ કરોડનું અને મહિન્દ્રા ગ્રૂપે રૂપિયા ૧૧,૦૦૦ કરોડનું રોકાણકરવાની બાંયધરી આપી હતી. અહીં યોજાયેલી રાઈઝિંગ રાજસ્થાન શિખર પરિષદને સંબોધન કરતાં અદાણી પોર્ટ ઍન્ડ સેઝના મેનેજિંગ ડિરેક્ટર કરણ અદાણીએ કહ્યું હતું કે પચાસ ટકા જેટલું રોકાણ આવતા પાંચ વર્ષમાં કરવામાં આવશે.

અદાણી ગ્રૂપ રાજસ્થાનમાં વિવિધ ક્ષેત્રમાં કુલ ૭.૫ લાખ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે.

કંપની ૧૦૦ ગીગા વૉટ અક્ષત ઊર્જા, ૨૦ લાખ ટન હાઈડ્રોજન અને હાઈડ્રો પ્રોજેક્ટ સંબંધિત ૧.૮ ગીગાવૉટ સહિત વિશ્વની સૌથી મોટી ઈન્ટીગ્રેટેડ ડ્રીમ એનર્જી ઈકોસિસ્ટમનું નિર્માણ કરવાની યોજના ધરાવે છે. આ રોકાણ રાજસ્થાનને ગ્રીન જૉબનું હરિયાળુ રાજ્ય બનાવશે.

આદિત્ય બિરલા ગ્રૂપ આવનારાં થોડાક વરસોમાં રાજસ્થાનમાં રૂ. ૫૦,૦૦૦ કરોડનું રોકાણ કરવાની નેમ ધરાવે છે, એમ કંપનીના ટોચના અધિકારીએ કહ્યું હતું. આદિત્ય બિરલા ગ્રૂપના અધ્યક્ષ કુમાર મંગલમ બિરલાએ કહ્યું હતું કે ગ્રૂપ દ્વારા રાજ્યમાં કરવામાં આવનારાં કુલ રોકાણમાં આવતા બે વર્ષમાં અક્ષત ઊર્જા ક્ષેત્રમાં રૂ. ૬,૦૦૦ કરોડનાં રોકાણનો સમાવેશ થાય છે.

મહિન્દ્રા ગ્રૂપનું સોલાર યુનિટ રાજસ્થાનમાં રૂ. ૧૧,૦૦૦ કરોડનું રોકાણ કરશે એમ જણાવતાં કંપનીના ટોચના અધિકારીએ કહ્યું હતું કે કંપનીએ રાજસ્થાનમાં ૧.૧ ગીગાવૉટ સોલાર ક્ષમતા ઊભી કરી છે. કંપનીએ રાજ્યમાં નવા ૫,૦૦૦ કરતાં પણ વધુ સીધા રોજગારનું નિર્માણ કર્યું છે અને આવનારાં પાંચ વર્ષમાં તેમાં અસાધારણ વધારો કરવાની કંપનીની નેમ છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### દિલ્હીની ૪૦ સ્કૂલને

ઈન્ટરનેશનલ, અરબિંદો માર્ગ, મોડર્ન સ્કૂલ, મંડી હાઉસ, ડીપીએસ વસંત કુંજ, દિલ્હી પોલીસ પબ્લિક સ્કૂલ, સફદરજંગ, ડીપીએસ ઈસ્ટ ઑફ કૈલાશ અને સાલવાન પબ્લિક સ્કૂલનો સમાવેશ થાય છે.

અધિકારીઓએ કહ્યું હતું કે જે શાળાઓને ધમકી મળી છે એ શાળાઓએ ક્લાસ બંધ કરીને વિદ્યાર્થીઓને ઘરે મોકલ્યા હતા. દિલ્હી ફાયર સર્વિસના અધિકારીએ કહ્યું હતું કે અમને બૉમ્બની ધમકીની પ્રથમ જાણકારી ડીપીએસ આરકે પુરમ (સવારના ૭-૦૬ કલાકે) અને જીડી ગોયેન્કા પશ્ચિમ વિહાર (સવારના ૬-૧૫ કલાકે) તરફથી મળી હતી.

પોલીસે કહ્યું હતું કે બૉમ્બ ડિસ્પોસલ ટીમ, સ્થાનિક પોલીસ અને ડૉગ સ્ક્વૉડે તરત એક્શનમાં આવીને સ્કૂલની ઝડતી કરી હતી.

પોલીસ અધિકારીએ સવારના સાડાનવ વાગ્યે કહ્યું હતું કે અત્યાર સુધી કશું શંકાસ્પદ મળ્યું નથી. ઓપરેશન હજી ચાલુ છે.

સૂત્રોએ કહ્યું હતું કે રવિવારે સ્કૂલ બંધ હતી ત્યારે સવારે ૧૧-૩૮ કલાકે સ્કૂલોને ઈ-મેલ મળ્યો હતો. આઈ-મેલ તભજ્ઞર્શિયહફક્ષફડલળફશહ.ભજ્ઞળ થી આવ્યો હતો.

ઈ-મેલમાં લખવામાં આવ્યું હતું કે મેં મકાનની અંદર અનેક બૉમ્બ મૂક્યા છે.બૉમ્બ નાના છે અને સારી રીતે સંતાડવામાં આવ્યા છે. આનાથી મકાનને ઝાઝું નુકસાન નહીં થાય, પરંતુ એ ફૂટશે ત્યારે અનેક લોકો ઘાયલ થશે.

ઈ-મેલમાં વધુમાં કહેવામાં આવ્યું હતું કે જો મને ૩૦,૦૦૦ ડૉલર નહીં મળે તો તમે બધા સહન કરવાને લાયક છો અને તમારા હાથપગ ગુમાવશો.

સ્કૂલોએ વિદ્યાર્થીઓને રવાના કરીને વાલીને મેસેજ મોકલાવ્યો હતો. માતાપિતાઓએ એવી ફરિયાદ કરી હતી કે સ્કૂલોને નિયમિત રીતે ધમકી મળે છે. આ સરકારની નિષ્ફળતા છે મેમાં ૨૦૦થી વધારે સ્કૂલો, હૉસ્પિટલ અને સરકારી કચેરીઓને આ જ પ્રકારની બૉમ્બ ધમકી મળી હતી. (એજન્સી) ■

### કુર્લામાં ભરબજારમાં

અકસ્માત બાદ બસ ડ્રાઇવર બસ મૂકીને ફરાર થઈ ગયો હોવાનું કહેવાય છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, બેસ્ટની પહેલની કુર્લાથી અંધેરી રૂટ પર દોડતી બસ નંબર ૩૩૨ના ડ્રાઇવરે રાત્રે લગભગ ૯.૩૦ વાગ્યે, કુર્લા (વેસ્ટ), આંબેડકર નગર, બુદ્ધ કોલોની, નગરપાલિકા એલ વોર્ડ ઓફિસ, એસજી બર્વે માર્ગ પર અંજુમન-એ-ઈસ્લામ સ્કૂલની સામે એક રિક્ષા અને અન્ય કેટલાક વાહનો તથા રાહદારીઓને ટક્કર મારી હતી.

બસની બ્રેક ફેલ થવાના કારણે આ અકસ્માત થયો હોવાનું કહેવાય છે. પરંતુ અચાનક બનેલા આ અકસ્માતમાં રિક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો છે.

રિક્ષામાં સવાર મુસાફરો, રિક્ષા ચાલક અને કેટલાક રાહદારીઓ સહિત ઓછામાં ઓછા ૨૦ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

આ તમામ ઈજાગ્રસ્તોને સ્થાનિક રહેવાસીઓએ તાત્કાલિક નજીકની ભાભા અને સાયન હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. પરંતુ તેમાંથી ૩નાં મોત થયા છે. આ ઘટનામાં મૃત્યુઆંક હજુ વધવાની આશંકા છે. ■

### જૂનાગઢ વેરાવળ

લોકોનાં મોત થયાં હતા. બે કાર વચ્ચે ટક્કર થતાં એક કારમાં રહેલો ગેસનો બાટલો ફાટતાં બાજુમાં રહેલા ઝૂંપડામાં પણ આગ લાગી હતી. આજુબાજુના લોકોએ પોલીસ અને ૧૦૮ને જાણ કરી હતી.

પોલીસકાફલા સાથે ૧૦૮ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ઘટનાસ્થળે પહોંચેલી ફાયરની ટીમે ઝૂંપડામાં લાગેલી આગ પર કાબૂ મેળવ્યો હતો. જ્યારે પોલીસે મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને અકસ્માત કઇ રીતે થયો એની આગળની તપાસ હાથ ધરી હતી.

બીજી તરફ ભરૂચ અંકલેશ્વર નેશનલ હાઇવે પર બે બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. હાઇ-વે અર આવેલા અમલાખાડી બ્રિજ પર એક ખાનગી બસ અને સરકારી બસ વચ્ચે અકસ્માત સર્જાતા ખાનગી બસ પલટી મારી ગઇ હતી, જ્યારે સરકારી બસ ખાડામાં ઉતરી ગઇ હતી.

આ અકસ્માત ૧૫ જેટલા મુસાફરો ઘાયલ થયા હતા. ઇજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અંકલેશ્વર હાઇવે પર અન્ય એક અકસ્માતમાં અજાણ્યા વાહન ચાલકે બાઇકને ટક્કર મારી હતી, જેમાં બાઇક પર સવાર મહિલા નીચે પટકાતાં મહિલા પર ટ્રકનું ટાયર ફરી વળ્યું હતું. જેના લીધે તેને ગંભીર ઇજાઓ પહોંચતાં તેનું કરુણ મોત નિપજ્યું હતું, જ્યારે બાઇક સવાર ઘાયલ થતાં તેને સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ■

# સુરતમાં ભાજપના કાર્યકરે લગ્નમાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું: બે લોકો ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડાયમન્ડ સીટી સુરતમાં ગુનાખોરી ફુલીફાલી છે. લૂંટ, હત્યા, દુષ્કર્મ, છેડતી, ડ્રગ્સની તસ્કરી સહિતની ઘટનાઓ સતત વધી રહી છે. શહેરના ડિંડોલી વિસ્તારમાં મોડી રાત્રે ફાયરિંગની ઘટના બની હતી. લગ્ન પ્રસંગમાં નાચતી વખતે એક યુવકે હવામાં ફાયરિંગ કર્યું હતું. તે દરમિયાન ગોળી વાગતા બે જણા ઘાયલ થયા હતા. આ ફાયરિંગ ભાજપના કાર્યકર અને ડેનિશ કેક શોપના માલિક ઉમેશ તિવારીએ કર્યું હતું, ફાયરિંગના કારણે બે લોકો ઘાયલ થયા હતા.

લગ્ન પ્રસંગમાં ખોટી શાન બતાવવા માટે રાજકીય આગેવાને પોતાની ખાનગી રિવોલ્વરમાંથી ત્રણ રાઉન્ડ હવામાં ફાયરિંગ કર્યા હોવાનું સીસીટીવીમાં બહાર આવ્યું હતુ. આ ઘટનામાં આરોપી ઉમેશ તિવારીની ડિંડોલી પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. એક ગોળી સંતોષ હોમસિંઘ બઘેલને ડાબા પગના જાંઘના ઉપરના ભાગે વાગી હતી. આ ઉપરાંત ફરિયાદીના મિત્ર વિરેન્દ્ર વિશ્વકર્માને પણ ડાબા પગમાં ગોળી વાગી હતી.

ડિંડોલી વિસ્તારમાં મોડી રાત્રે ફાયરિંગની ઘટનાની જાણ થતાં આવતા પોલીસ તાત્કાલિક સ્થળે પહોંચી હતી. જ્યાં બે ઇજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જે બાદ ગુનો દાખલ કર્યો હતો. બંને ઇજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે ગુનો દાખલ કર્યા બાદ તપાસ શરૂ કરી હતી.

આ ઘટનાના સીસીટીવીમાં અનેક મોટા ખુલાસા થયા હતા. જેમાં પાણીપુરી વેચનાર એક વ્યક્તિને ત્યાં દીકરીના લગ્ન હોવાથી પીઠી સાથે બીજા કાર્યક્રમ હતા. આ વિસ્તારમાં રાજકીય વગ ધરાવતો ઉમેશ તિવારી નામનો વ્યક્તિ લગ્ન પ્રસંગમાં પહોંચ્યો હતો અને પોતાની ખાનગી લાઇસન્સવાળી રિવોલ્વરમાંથી ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યા હતા. આ મામલે સુરત પોલીસ, ડીસીપી, ભગીરથ ગઢવીએ જણાવ્યુ હતું કે, આ ઘટનામાં સંતોષ દુબે અને વીરેન્દ્ર વિશ્વકર્માને ઇજા થઈ છે. પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. ફરિયાદીએ જણાવ્યું હતું કે, રિવોલ્વર સરખું કરવા જતા ફાયરિંગ થયું છે. પરંતુ તપાસ કરતા જાણવા મળ્યું છે કે, હવામાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું છે. જે પુરાવા મળશે તેના આધારે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# ગુજરાતમાં આ વર્ષે ભૂકંપના કુલ ૧૩ આંચકા નોંધાયા: નવેમ્બરમાં જ ધરતીકંપના આઠ ઝટકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ ભારતના ૫૨ માં પ્રજાસત્તાક દિવસે આવેલા ધરતીકંપને લોકો આજે પણ ભૂલ્યા નથી. તેમાં પણ કચ્છમાં ભૂકંપથી જાનમાલનું મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું, બે મિનિટ કરતાં વધુ સમયથી આવેલા ભૂકંપના ઝટકાના કારણે આશરે ૨૦ હજારથી વધુ લોકોના મોત થયા હતા. ધરતીકંપની આ હોનારતમાંથી કચ્છને ફરી બેઠું કરતા વર્ષો લાગ્યા હતા.

વિનાસકારી ભૂકંપ બાદ પણ અવારનવાર ભૂકંપના આંચકા કચ્છમાં અનુભવાય છે. તા.૬ ડિસેમ્બરને શુક્રવારના રોજ કચ્છના રાપર પાસે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. બપોરે ૧:૫૯ કલાકે ભૂકંપનો આંચકો આવ્યો હતો અને તેની તિવ્રતા ૨.૮ની નોંધાઈ હતી, રાપરથી ૧૨ કી.મી. દુર ભૂકંપનું કેન્દ્રબિંદુ નોંધાયું હતું. છેલ્લા ૩ મહિનામાં ગુજરાતની ધરા ૧૦ વખત ધ્રુજી ચૂકી છે. જેમાં નવેમ્બરમાં જ ૮ આંચકાનો સમાવેશ થાય છે.

મળતી માહિતી અનુસાર, ગુજરાતમાં આ વર્ષે ભૂકંપના કુલ ૧૩ આંચકા નોંધાયા છે. જેમાં જાન્યુઆરીમાં ૨, ફેબ્રુઆરી-ઓક્ટોબરમાં ૧, નવેમ્બરમાં ૮ જ્યારે ડિસેમ્બરમાં અત્યારસુધી ૧ આંચકાનો સમાવેશ થાય છે. જેની સરખામણીએ ગત વર્ષે ૨૦૨૩માં ૫, ૨૦૨૨માં ૧ જ્યારે ૨૦૨૧માં ૭ આંચકા નોંધાયા હતા. એક જ વર્ષમાં એકસાથે ૧૩ આંચકા આવેલા હોય તેવું છેલ્લા ૧૨ વર્ષમાં બન્યું નથી. આ ૧૩ વર્ષમાં ૭ આંચકામાં કચ્છમાં એપિસેન્ટર હતું.

વર્ષ ૨૦૨૪માં ૬ આંચકામાં તીવ્રતા ચારથી વધારે નોંધાઇ હતી. જેમાં ૧૫ નવેમ્બરના ૪.૨ની તીવ્રતાનો આંચકો આવ્યો ત્યારે પાટણથી ૧૩ કિલોમીટર દૂર એપિસેન્ટર હતું. તેમ જ તા.૬ ડિસેમ્બરના રોજ આવેલ ભૂકંપનું કેન્દ્રબિંદુ કચ્છના રાપરથી ૧૨ કી.મી. દૂર નોંધાયું હતું.

# ગુજરાતના ૩૩માંથી ૨૮ જિલ્લાઓમાં ભૂગર્ભ જળની ગુણવત્તા નબળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ભૂગર્ભ જળની ઘટી રહેલી ગુણવત્તા સરકાર અને સામાન્ય લોકો માટે મોટી ચિંતાનો વિષય બન્યો છે. લોકસભામાં રજૂ કરાયેલા તાજેતરના ડેટાએ પણ આ ગંભીર મુદ્દાને ફરી એક વખત ઉજાગર કર્યો હતો. લોકસભા સાંસદ રાજેશ વર્મા, શ્રીકાંત શિંદે, નરેશ મહસ્કે અને શાંભવીના પ્રશ્નના જવાબમાં જળશક્તિ મંત્રાલયના રાજ્યપ્રધાન રાજ ભૂષણ ચૌધરી દ્વારા આ જાણકારી આપવામાં આવી હતી. સમગ્ર ગુજરાતમાં ૩૩ માંથી ૨૮ એટલે કે ૮૫ ટકા જિલ્લાના પાણીમાં ખારાશ જોવા મળી છે. સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડના ૨૦૨૨-૨૩ના અહેવાલ પર આધારિત આંકડા દર્શાવે છે કે ૩૦ જિલ્લાઓ (૯૧ ટકા)માં ઉચ્ચ લોરાઈડનું સ્તર વધુ છે, જ્યારે ૩૨ (૯૭ ટકા) જિલ્લાઓના પાણીમાં ઉચ્ચ નાઈટ્રેટ દૂષણની અસર થયેલી છે. ગુજરાત એવા છ ભારતીય રાજ્યોમાં સ્થાન ધરાવે છે, જ્યાં ૭૫ ટકાથી વધુ જિલ્લાઓ ત્રણેય પ્રકારના દૂષણથી પ્રભાવિત છે.

સીજીડબ્લ્યુબી રિપોર્ટ દર્શાવે છે કે, ગુજરાતમાં વિવિધ ભાગોમાં લેવામાં આવેલા પાણીના સેમ્પલોમાં ૧૮ ટકામાં ખારાશનું પ્રમાણ ખૂબ વધારે અને ૭ ટકા વ્યાપક પ્રમાણ હતું. આ રિપોર્ટમાં રાજ્યનો જળ ગુણવત્તા ઈન્ડેક્સ ખૂબજ ચિંતાજનક હોવાનું બહાર આવ્યું હતું. જેમાં ૧૧ ટકા જળના સેમ્પલ ઉત્કૃષ્ટ અને ૪૩ ટકા નમૂનાને નબળાના રૂપમાં વર્ગીકૃત કરવામાં આવ્યા હતાં. આ રિપોર્ટમાં ૪૫ ટકા સેમ્પલોનું પ્રમાણ તેના માન્ય ધોરણોના પ્રમાણમાં નીચું હતું. જેમાં ૩૦ ટકાને ખરાબ અને ૯ ટકાને વધુ ખરાબ તરીકે વર્ગીકૃત કરાયા હતાં. તે ઉપરાંત જળના ૬ ટકા નમૂના એવા હતાં જેને પીવા માટે અયોગ્ય માનવામાં આવ્યા હતાં.

ગુજરાતમાં ઉચ્ચ ખારાશ ધરાવતા હોટસ્પોટસમાં અમદાવાદ જિલ્લામાં વિરમગામ, ભાવનગર જિલ્લામાં સિહોર, જામનગર જિલ્લામાં જોડિયા, જૂનાગઢ જિલ્લામાં માંગરોળ અને સુરેન્દ્રનગર જિલ્લામાં લખતરનો સમાવેશ થાય છે. અમદાવાદ જિલ્લામાં ધંધુકા, અમરેલી જિલ્લામાં રાજુલા, બાબરા અને બગસરા, આણંદ જિલ્લામાં પેટલાદ, ભાવનગર જિલ્લાના મહુવા અને ઘોઘા, દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર અને ભાણવડ અને જામનગર જિલ્લાના જોડિયા અને કાલાવડ જેવા વિસ્તારોમાં નાઈટ્રેટનું સ્તર ઊંચું દર્શાવાયું છે.

ભૂગર્ભજળ નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, સૌપ્રથમ કોઈએ સપાટી પરના પાણીની ઉપલબ્ધતામાં થયેલા સુધારાને ઓળખવું જોઈએ, નર્મદા યોજના જેવી યોજનાઓને આભારી છે, જેણે બે દાયકા પહેલાની તુલનામાં ભૂગર્ભજળની ગુણવત્તા અને ઉપલબ્ધતામાં સુધારો કર્યો છે. જો કે, આયોજિત અને સતત પ્રયત્નો દ્વારા પાણીની એકંદર ગુણવત્તા સુધારવામાં વર્ષો લાગી શકે છે.

# ગુજરાતમાં પીએમજય અને મા યોજનામાં ગેરરીતિ બદલ વધુ ૫ હૉસ્પિટલ સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં ખ્યાતિ હૉસ્પિટલકાંડ બાદ રાજ્યમાં પીએમજય યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી હૉસ્પિટલો સામે સરકાર આકરા પગલાં લેવા માંડી છે. રાજ્યના આરોગ્ય વિભાગે આ હૉસ્પિટલ્સ અને ડોક્ટર્સ સામે કડકમાં કડક કાર્યવાહી આરંભી છે.પીએમજય યોજના અંતર્ગતની સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટે તજજ્ઞ તબીબોની ટીમ સાથે રાખીને રાજ્યમાં આ યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી શંકાસ્પદ હૉસ્પિટલ્સની મુલાકાત કરી હતી. જેમાં ૨ થી ૮ ડિસેમ્બર સુધીમાં રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં ૫ હૉસ્પિટલ અને ૨ ડોક્ટરની ગેરરીતિઓ બહાર આવી હતી. જેથી રાજ્યની વધુ પાંચ સહિત કુલ ૧૨ હૉસ્પિટલોને આ યોજનામાંથી સસ્પેન્ડ કરવામાં આવી હતી.

પીએમજય યોજના અંતર્ગતની સ્ટેટ એન્ટિ ફ્રોડ યુનિટે તજજ્ઞોની ટીમને સાથે રાખીને કરેલી તપાસમાં પાટણ જિલ્લાની હિર ચિલ્ડ્રન હૉસ્પિટલ , નિષ્કા ચિલ્ડ્રન હૉસ્પિટલ અને નિયોનેટલ કેર, દાહોદ જિલ્લાની સોનલ હોસ્પિટલ, અમદાવાદ જિલ્લાની સેન્ટારા ઑર્થોપેડિક હૉસ્પિટલ અને અરવલ્લી જિલ્લાની શ્રી જલારામ ચિલ્ડ્રન હૉસ્પિટલમાં વિવિધ ત્રુટિઓ અને ગેરરીતિ જણાઇ આવતા પીએમજય અને મા યોજનામાંથી સસ્પેન્ડ કરવામાં આવી હતી. તે ઉપરાંત પીએમજય અને મા યોજના અંતર્ગત સ્ટેટ એન્ટિ ફ્રોડ યુનિટની ટીમ દ્વારા રાજ્યની અન્ય હૉસ્પિટલની પણ મુલાકાત કરાઈ હતી. આ મુલાકાત દરમિયાનની હૉસ્પિટલ્સની રેકોર્ડ ચકાસણી થઇ રહી છે. આ રેકોર્ડમાં યોજનાની માર્ગદર્શિકાનું ક્યાંય પણ ઉલ્લંઘન થતું હશે તો આ હૉસ્પિટલ્સ સામે પણ કાર્યવાહી કરવામાં આવશે. જાન્યુઆરી ૨૦૨૪થી અત્યારસુધીમાં પીએમજય અને મા યોજના અંતર્ગત ગેરરીતિ બદલ કુલ ૧૨ હૉસ્પિટલને સસ્પેન્ડ, ડિએમ્પેન્લ્ડ કરવામાં આવી હતી.

# ખાદ્યચીજોમાં ભેળસેળ કરી લોકોના આરોગ્ય સાથે ચેડાં

## ગુજરાતમાં છેલ્લા ૬ મહિનામાં ૮.૩ ટકા ફૂડ સેમ્પલ ટેસ્ટમાં ફેઈલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ખાદ્યચીજોમાં ભેળસેળ એક મોટી સમસ્યા બની છે. ભેળસેળયુક્ત મેવા-મીઠાઇ, ઘી, ફરસાણ સહિતની મોટાભાગની ખાદ્યચીજો ખાવાથી બીમાર પડવાનું જોખમ વધું રહે છે. લેભાગુ વેપારીઓ ઓછા ખર્ચે વધારે નફો કમાવવા માટે ખાદ્યચીજોમાં ભેળસેળ કરતા હોય છે. આ પ્રકારની ખાદ્યચીજો માનવ સ્વાસ્થ્યને ગંભીર નુકસાન પહોંચાડે છે. ગુજરાતમાં ચાલુ વર્ષે ૮.૩ ટકા સેમ્પલો ગુણવતા માપદંડોમાં ફેઈલ થયા હતા. એપ્રિલથી સપ્ટેમ્બરનાં છ મહિનામાં ૪૩૧૬ ખાદ્યચીજોનાં સેમ્પલ ચકાસવામાં આવ્યા હતા તેમાંથી ૩૬૦ નિષ્ફળ રહ્યા હતા.

સંસદમાં રજૂ થયેલા રિપોર્ટ પ્રમાણે ૨૦૨૧-૨૨માં ૮૨૪, ૨૦૨૨-૨૩માં ૯૭૮ તથા ૨૦૨૩-૨૪માં ૯૧૦ સેમ્પલ નિષ્ફળ માલૂમ પડયા હતા. ભરૂચનાં સાંસદ મનસુખ વસાવા દ્વારા ખાદ્યચીજોમાં થતી ભેળસેળ વિશેના સવાલ પૂછવામાં આવ્યો હતો. દૂધ, ખાદ્યતેલ, મીઠાઈ સહિતની ચીજોમાં ભેળસેળ આચરતા તત્વો સામે પગલાની પણ માહિતી માંગવામાં આવી હતી. રાજ્ય કક્ષાના કેન્દ્રીય આરોગ્ય પ્રધાન પ્રતાપરાવ જાદવે લેખીત જવાબમાં કહ્યું હતું કે, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ ખાદ્યચીજોની ગુણવત્તા ચકાસવા માટે નિયમીત રીતે તપાસ કરવામાં આવતી હોય છે. ૨૦૨૧-૨૨ના વર્ષમાં ૧૩૬૬૩માંથી ૮૨૪ ફેઈલ થયા હતા. તેની ટકાવારી ૬.૦૩ ટકા હતી. ૨૦૨૨-૨૩ માં ૬.૭૨ ટકા તથા ૨૦૨૩-૨૪ માં ૫.૭૪ ટકા સેમ્પલ ફેઈલ થયા હતા. ચાલુ વર્ષે પ્રથમ છ માસમાં આ ટકાવારી ૮.૩ ટકા થઈ છે.

ગુજરાત ફૂડ વિભાગ દ્વારા તહેવારોની સીઝન પૂર્વે ખાદ્યચીજોમાં ભેળસેળ પકડવા માટે ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી હતી અને તે દરમ્યાન ૬.૩૨ કરોડની કિંમતની ૨.૨૬ લાખ કિલો ખાદ્યચીજો જપ્ત કરવામાં આવી હતી. ગત ૩ થી ૧૭ ઓકટોબર દરમ્યાન આ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. રાજયવ્યાપી દરોડા ઓપરેશનમાં ૧૧૫ સ્થળોએ દરોડા પાડીને ૮૨૪૬ સેમ્પલ લીધા હતા. મીઠાઈ, ખાદ્યતેલ, ઘી, અનાજ, મસાલા, ડ્રાયફ્રૂટ, સહીતની ખાદ્યચીજોમાં ભેળસેળ પકડવામાં આવી હતી.

# ગુજરાતમાં ચાર વર્ષમાં ૩૩.૪ લાખ મેમો મારફતે ૬૮૦ કરોડનો ટ્રાફિક દંડ ફટકારાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ટ્રાફિક નિયમોનો ભંગ કરનારા લોકો સામે દંડનિય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસ દ્વારા મેમો મોકલીને દંડ વસૂલવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં છેલ્લાં ચાર વર્ષમાં ૩૩.૪ લાખ ચલણ મારફત ૬૮૦ કરોડનો ટ્રાફીક દંડ ફટકારવામાં આવ્યો છે. ટ્રાફિક દંડ વસૂલવામાં સમગ્ર દેશમાં ગુજરાત ચોથા સ્થાને છે. રાજ્યમાં ચાર વર્ષમાં દર બે મિનિટે ત્રણ ટ્રાફીક ચલણ ઈસ્યુ થયા હતા અને તેમાં રૂ.૬૪૭૨ રૂપિયાનો દંડ ફટકારાયો હતો.

હાલમાં ચાલી રહેલા સંસદ સત્રમાં રજૂ કરવામાં આવેલા રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં ૨૦૧૯ થી ૨૦૨૩માં ૩૩.૪ લાખ ટ્રાફિક ચલણ ઈસ્યુ થયા હતા જેમાં કુલ દંડની રકમ ૬૮૦ કરોડ હતી. પ્રતિ ચલણ દંડની રકમમાં સૌથી વધુ બિહાર મોખરે છે.જ્યાં પ્રતિ ચલણ સૌથી વધુ ૩૨૩૪ નો દંડ ફટકારાયો હતો. મહારાષ્ટ્રમાં પ્રતિ ચલણ ૨૦૫૪ તથા રાજસ્થાનમાં પ્રતિ ચલણ દંડની રકમ ૨૩૮૦ થવા જતી હતી. મોટાભાગનાં ટ્રાફિક ચલણ મહાનગરોમાં ઈસ્યુ થયા છે જ્યાં માર્ગો પર સીસીટીવી નેટવર્ક છે.

સિગ્નલ ભંગ, રોંગ સાઈડ, વાહન ચલાવવા હેલ્મેટ ન પહેરવા સહિતના નિયમોનો ભંગ થતો જ રહે છે. ટ્રાફિક પોલીસના સૂત્રોએ કહ્યું કે, વખતોવખત ટ્રાફિક ડ્રાઈવ યોજીને નિયમોનો ભંગ કરતા વાહનચાલકો પર તવાઈ ઉતારવામાં આવતી જ હોય છે. લોકસભામાં પૂછાયેલા અન્ય એક પ્રશ્નમાં એમ કહેવાયું હતું કે, ૨૦૨૨ ની સરખામણીએ ટ્રાફિક ચલણ-દંડમાં ૫૧ ટકાનો વધારો થયો હતો. ટ્રાફિક દંડની રકમ ૯૨ કરોડથી વધીને ૧૩૯ કરોડ પહોંચી હતી.

# નવસારીમાં પાર્કિંગ બાબતે વિવાદ વકરતાં બે જૂથ વચ્ચે પથ્થરમારો: સૂત્રોચ્ચાર કરનાર 300 સામે ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારીમાં રવિવારે મોડી રાત્રે દરગાહ રોડ નજીક બે પરિવાર વચ્ચે પાર્કિંગ બાબતે થયેલો વિવાદ વધુ વકર્યો હતો. એટ્રોસિટી એક્ટ હેઠળ કેસ નોંધાયા પછી મોડીરાત્રે ટોળાએ રામ મંદિરમાં ભેગા થઈ રામધૂનનું આયોજન કર્યું હતું. ત્યારબાદ ટોળા દ્વારા કાગદીવાડ તરફ ધસી જઈ જય શ્રીરામના નારા પોકારવામાં આવ્યા હતા. પોલીસે ટોળાને વિખેરવા કાર્યવાહી કરી હતી. આ દરમિયાન પથ્થરમારાની ઘટનામાં એક મહિલા ઘાયલ થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. સમગ્ર વિસ્તારમાં પોલીસનો કાફલો ખડકી દેવાયો હતો. મોડી રાત્રે સૂત્રોચ્ચાર કરનારા ૩૦૦ લોકો સામે ફરિયાદ નોંધવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે નવસારી શહેરમાં દરગાહ રોડ પરની પેન્ટર શૈખની ગલીમાં રહેતાં મયૂરીબેન તેમના પતિ વિમલભાઈ પટેલ સાથે તેમના ઘર પાસે ઊભાં હતાં. એ દરમિયાન આજ મોહલ્લામાં રહેતા શાહ નવાજ ભંડેરી તેમની બાઈક પર બેસીને નીકળ્યો હતો અને વિમલ પટેલને તેની બાઈક નડતી હોવાથી સાઇડ પર હટાવી લેવાનું કહ્યું હતું. આ દરમિયાન શાહનવાઝે તેને ગાળો આપીને તેના અન્ય સાગરીતોને બોલાવ્યા હતા. તેમણે વિમલ પટેલને ગાળો બોલી માર મારવાની ધમકી આપી જાતિવિષયક ટિપ્પણી કરતાં બન્નો પક્ષ વચ્ચે તંગદીલી પ્રસરી હતી.

આ બાબતે સોશિયલ મીડિયામાં કેટલીક પોસ્ટ ઝડપી વાઇરલ થતાં રવિવારે રાત્રે પટેલ દંપતીનું સમર્થન કરતું ૨૦૦નું ટોળુ નવસારી ટાઉન પોલીસ મથકે ધસી જઈને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માગણી કરી હતી. બીજી તરફનું પણ યુવાનોનાં ટોળાં પણ દરગાહ રોડ ઉપર ભેગાં થતાં પોલીસે ચુસ્ત ચાંપતો બંદોબસ્ત ગોઠવી બને પક્ષના ટોળાંને વિખેરી દઈ પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. આ પ્રકરણમાં પોલીસે ગઈકાલે મયૂરી વિમલભાઈ પટેલની ફરિયાદને આધારે એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપી શાહનવાજ ઇકબાલ શેખ અને રસીદા સમદની ધરપકડ કરી હતી. જ્યારે અન્ય આરોપીઓને પકડવા માટે ટીમો બનાવી ચક્રો ગતિમાન કર્યાં હતાં. રવિવારે મોડીરાત્રે રામ મંદિરમાં મોટી સંખ્યામાં યુવાનો ભેગા થયા હતા અને ત્યાંથી રામધૂન બોલાવી સીધા દરગાહ રોડ વિસ્તારમાં પહોંચ્યા હતા અને જય શ્રીરામના નારા પોકારવામાં આવ્યા હતા. આ મામલે પોલીસે તાત્કાલિક તત્પરતા દાખવીને દરગાહ રોડ વિસ્તારમાં મોટો પોલીસકાફલો ખડકી દીધો હતો અને ટોળાને નિયંત્રિત કરવા માટેનાં પગલાં લીધાં હતાં. આ મામલે સામસામે નારેબાજી પોકારવામાં આવતાં પોલીસે તાત્કાલિક ૨૦૦થી ૩૦૦ જેટલાં ટોળાં સામે ફરિયાદ નોંધવાની તજવીજ શરૂ કરી હતી.

# ગુજરાતમાં જંત્રીના સૂચિત દરમાં વધારા મુદ્દે મોટા શહેરોમાં બિલ્ડર એસોસિએશનનો વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા જંત્રીના સૂચિત દરમાં કરાયેલા તોતિંગ વધારાની સામે બિલ્ડરોએ સરકાર સામે બાંયો ચડાવી છે. સરકારે વાંધા અરજી રજૂ કરવા માટેની મુદત તો એક મહિનો વધારી આપી છે. આ ઉપરાંત ક્રેડાઈ દ્વારા અરજી માટે ઓફ લાઈન વિકલ્પ આપવા સહિતની અન્ય માગણીઓ પણ કરવામાં આવી છે. ક્રેડાઈ દ્વારા આ અસહ્ય વધારો પરત લેવાની માગ કરવામાં આવી છે. જંત્રીદરમાં કરાયેલા સૂચિત વધારાના વિરોધમાં આજે ક્રેડાઈ, બિલ્ડર એસોસિયેશન દ્વારા અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત સહિતનાં શહેરોમાં રેલી યોજી વિરોધ કરવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા નવી સૂચિત જંત્રીમાં સરેરાશ ૨૦૦થી ૨૦૦૦ ટકા સુધીનો વધારો ઝીંકી દેવાયો છે. આ જંત્રીના અમલ સામે ક્રેડાઇ અને બિલ્ડર એસોસિયેશન દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો છે. આ જંત્રી કોઇપણ સંજોગોમાં સ્વીકારવા લાયક નથી એવું નક્કી કરી બિલ્ડરો દ્વારા રેલી યોજી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી જંત્રી વધારો પાછો ખેંચવા તેમજ આ જંત્રીનો અમલ ૩૧ માર્ચ સુધી રોકી દેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

બિલ્ડર એસોસિએશને જણાવ્યું હતું કે, દોઢ વર્ષ સરકારે જંત્રીમાં સરવે કરી ૨૦ નવેમ્બર ૨૦૨૪ના રોજ સૂચિત જંત્રીની જાહેરાત કરી દીધી છે. રાજ્યમાં ૪૦ હજાર વેલ્યૂઝોન છે. જેમાંથી ૧૭ હજાર અર્બન વિસ્તારમાં અને ૨૩ હજાર ગ્રામ્ય વિસ્તારમાં વેલ્યૂઝોન આવેલા છે. સરકારે પોતે દોઢ વર્ષ સરવે માટે લીધો અને જનતાને સૂચન માટે માત્ર ૧ મહિનાનો સમય આપ્યો તે વાજબી નથી. અમારા સર્વે પ્રમાણે નવી સૂચિત જંત્રીમાં ૨૦૦થી ૨૦૦૦ ટકાનો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. ક્રેડાઇ માગણી કરે છે કે, અમને રિવ્યૂ કરવા માટે ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીનો સમય આપવામાં આવે.

# મંજૂરી વગર રૅલી યોજવા મામલે ધારાસભ્ય ચૈતર વસાવા સહિત ૧૩ સામે ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આમ આદમી પાર્ટીના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ ભરૂચ અને નર્મદા જિલ્લા રેતી ખનન, બિસ્માર માર્ગો અને ઉદ્યોગોમાં સ્થાનિકોને રોજગારીની માગ સાથે ભરૂચના રાજપારડીથી ઝઘડિયા સુધી ૧૩ કિલોમીટરની પદયાત્રા કાઢી હતી. ભાજપના આગેવાનોની મિલિભગતથી સમગ્ર કૌભાંડ ચાલતું હોવાના ચૈતર વસાવા દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા હતા. આ મામલે ઝઘડિયા પોલીસના પીઆઈએ ધારાસભ્ય ચૈતર વસાવા સહિત ૧૩ લોકો સામે મંજૂરી વિના પદયાત્રા યોજી હોવાનો ગુનો નોંધ્યો હતો. આ મામલે ચૈતર વસાવાએ જેલ ભરો આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

રાજપારડી પોલીસના પીઆઈ એચ.બી.ગોહિલે પોતે ફરીયાદી બનીને ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા સહિત ૧૩ વ્યક્તિઓ સામે તારીખ ૩જી ડિસેમ્બરના રોજ મંજૂરી વિના પદયાત્રા યોજવાનો ગુનો દાખલ કર્યો હતો. ધારાસભ્ય ચૈતર વસાવા સામે ગુનો નોંધાતાં ભરૂચ અને નર્મદા જિલ્લામાં રાજકારણ ગરમાયું છે. ચૈતર વસાવાએ એક વીડિયો દ્વારા પોતાનું નિવેદન આપ્યું હતું કે, ૩ ડિસેમ્બર મંગળવારના રોજ રાજપારડી બિરસા મુંડા ચોકથી ઝઘડિયા સુધીની અમે પદયાત્રા યોજી હતી. ત્યારે રાજપારડીના પોલીસ ઇન્સ્પેક્ટર સુખમ ગોહિલ દ્વારા પોતે અરજદાર બનીને મારા સહિત ૧૩ લોકો પર ગુનો દાખલ કર્યો છે. અમે ૩૦ નવેમ્બરે કલેક્ટર અને એસપીને જાણ કરી હતી અને પ્રાંત અધિકારીની પણ પરવાનગી માગી હતી. કોઈ પણ જાતનાં ચૂંટણી કે જાહેરનામાં ન હોવા છતાં પોલીસ અધિકારીઓના નકારાત્મક અભિપ્રાયના લીધે અમને પરવાનગી આપવામાં આવી ન હતી. અમે ભરૂચની જનતા સાથે છીએ, જે પણ ભૂમાફિયા હશે કે ઓવરલોડ ટ્રકના માલિકો હશે કે પોલીસ અધિકારી હશે અમે કોઈથી ડરવાના નથી, આવનારા દિવસોમાં તમારી જેલો ભરવા માટે અમે આવી રહ્યા છીએ.

# અમદાવાદમાં બાવીસ ડિસેમ્બરે ક્ષત્રિય એકતા મહાસંમેલનઃ કરણી સેનાના રાજ શેખાવતની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ફરી એક વખતમ ક્ષત્રિયો શક્તિ પ્રદર્શન કરવા જઈ રહ્યા છે. રાજ્યમાં ક્ષત્રિયોને એક મંચ પર લાવવા માટે કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજ શેખાવતે આ મહાસંમેલનનું આયોજન કર્યું છે. રાજ શેખાવતે ભરૂચ જિલ્લામાં આમંત્રણ માટે ભરૂચ સહિત ગ્રામ્ય વિસ્તારની મુલાકાત લઈ ક્ષત્રિય એકતા મહા સંમેલનના આયોજનનો હેતુ સ્પષ્ટ કર્યો હતો.

ક્ષત્રાણીઓની અસ્મિતા અને પાઘડીના સ્વાભિમાન સંદર્ભે એક પહેલના ભાગરૂપે બધા ક્ષત્રિયોને એક મંચ પર લાવવાની નેમ સાથે અમદાવાદ ખાતે ૨૨મી ડિસેમ્બરના રોજ ક્ષત્રિય એકતા મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ભરૂચ સહિત ગ્રામ્ય વિસ્તારોમાં આમંત્રણ રૂટ યાત્રા સંદર્ભે કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજ શેખાવત સહિત અન્ય અગ્રણીઓએ ભરૂચ ખાતે પત્રકાર પરિષદ યોજી હતી.

ભરૂચના રાજપૂત છાત્રાલય ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં તેમણે જણાવ્યું હતું કે, સરકાર દ્વારા ક્ષત્રિય સમાજની અસ્મિતા અને સ્વમાનને ઠેસ લગાવવામાં આવી રહી છે. આવા પ્રહારના જવાબરૂપે અમદાવાદ ખાતે ક્ષત્રિય એકતા મહા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તમામ રાજકીય અગ્રણીઓને આમંત્રણ પાઠવવામાં આવ્યાં છે. જે બાદ તમામ રાજ્યો ખાતે પણ આવાં મહાસંમેલનનાં આયોજન આગામી દિવસોમાં કરવામાં આવશે. વધુમાં તેમણે આગામી સમયમાં પોતાની પાર્ટી પણ બનાવી આવા લોકો સામે ચૂંટણી મેદાનમાં પણ ઊતરશે તેવો પણ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

# વંશવાદમાં વિશ્વાસ રાખનારા લોકોના હાથમાં રાજનીતિ ના સોંપાયઃ મોદી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે ગુજરાતમાં રામકૃષ્ણ મઠ ખાતે આયોજિત કાર્યક્રમને સંબોધન કર્યું હતું. તેમણે સંબોધનમાં કહ્યું હતું કે, યુવાનોને રાજકારણમાં લાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કારણ કે જેઓ માત્ર વંશવાદમાં માને છે અને તેને પારિવારિક સંપત્તિ માને છે તેમના હાથમાં રાજનીતિને સોંપી ના શકાય.

સાણંદના લેખંબા ગામ નજીક રામકૃષ્ણ મઠ ખાતે આયોજિત કાર્યક્રમને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, સ્વામી વિવેકાનંદની જન્મજયંતી પર, જેને યુવા દિવસ તરીકે ઊજવવામાં આવે છે, ત્યારે સરકાર દિલ્હીમાં યંગ લીડર્સ ડાયલોગનું આયોજન કરી રહી છે. સ્વામી વિવેકાનંદ ભારતને એક મજબૂત અને આત્મનિર્ભર દેશના રૂપમાં જોવા માગતા હતા. તેમનું માનવું હતું કે, રાષ્ટ્રના વિકાસ માટે યુવાનોની ભાગીદારી નિર્ણાયક બની રહેશે. તેમણે ઉમેર્યું હતું કે, ટેકનૉલૉજી અને અન્ય ક્ષેત્રોની જેમ આપણા યુવાનોએ પણ દેશનું રાજકારણમાં નેતૃત્વ કરવાની જરૂર છે. જેઓ રાજનીતિને પોતાના પરિવારની સંપત્તિ માને છે તેને આપણે રાજનીતિ સોંપી શકીએ નહીં.

તેમણે કહ્યું હતું કે, આપણે એક નવી શરૂઆત કરવા જઈ રહ્યા છીએ.

૧૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સ્વામી વિવેકાનંદની જન્મજયંતી પર, જેને યુવા દિવસ તરીકે ઊજવવામાં આવે છે, ત્યારે સરકાર દિલ્હીમાં યંગ લીડર્સ ડાયલોગનું આયોજન કરી રહી છે. દેશમાંથી બે હજાર પસંદ થયેલા યુવાનોને આમંત્રણ આપવામાં આવશે, જ્યારે કરોડો યુવાનો સમગ્ર ભારતમાંથી જોડાશે.

યુવાનોના દષ્ટિકોણથી વિકસિત ભારતના સંકલ્પ પર ચર્ચા કરવામાં આવશે અને યુવાનોને રાજકારણ સાથે જોડવાનો રોડમેપ તૈયાર કરવામાં આવશે.

## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) ચબાન્ગબામ સુનિતા દેવી | ૪૯ | ૪૫,૦૦૦ |
| ૨) ચાંદા દેવી | ૪૬ | ૫૦,૦૦૦ |
| ૩) ચંદના શીલ | ૪૫ | ૮૦,૦૦૦ |
| ૪) ચંદ્ર સિંહ | ૫૫ | ૫૦,૦૦૦ |
| ૫) છબી મોન્ડલ | ૫૨ | ૧,૫૦,૦૦૦ |
| ૬) ચંદ્રકાન્ત જોનમેલગીરી | ૪૫ | ૨૫,૦૦૦ |
| ૭) ચંદ્રબતી બર્મન | ૫૪ | ૧,૩૦,૦૦૦ |
| ૮) ચિત્રા સરકાર સેન | ૪૪ | ૧,૫૦,૦૦૦ |
| ૯) છારા ભગવાન પાટીલ | ૬૧ | ૧,૦૦,૦૦૦ |
| ૧૦) ચાબીરાની માજી | ૫૮ | ૪૦,૦૦૦ |
| ૧૧) છાત્રપાલ સિંહ | ૬૭ | ૧,૫૦,૦૦૦ |
| ૧૨) છેમેલી દેવી | ૪૬ | ૨૫,૦૦૦ |
| ૧૩) ડોલીરાની ગોરાઈ | ૪૩ | ૨૭,૦૦૦ |
| ૧૪) દુર્ગા શંકર | ૬૦ | ૬૦,૦૦૦ |
| ૧૫) દિલીપ ઘોષ | ૪૨ | ૩૦,૦૦૦ |
| ૧૬) ચમેલી દેવી | ૪૭ | ૪૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૧૭) ચિન્મય વર્મા | ૧ | ૩,૫૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ હોળી સ્પ્રિટ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૧૮) ક્લિન્ટન સિક્વેરા | ૩૧ | ૨,૪૨,૦૦૦ |
| ૧૯) કાર્મેલીને રોસારિઓ | ૪૫ | ૨,૪૨,૦૦૦ |
| ૨૦) ચાંદ અબ્દુલ શૈખ | ૪૬ | ૧,૦૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# મહારાષ્ટ્ર વિધાનસભાનું શિયાળુસત્ર ૧૬ ડિસેમ્બરથી

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાનું શિયાળુસત્ર નાગપુરમાં ૧૬ ડિસેમ્બરથી આયોજિત કરવામાં આવ્યું છે. રાજ્ય વિધાનસભાના સ્પીકર રાહુલ નાર્વેકરે સોમવારે વિધાનસભાના ત્રણ દિવસના વિશેષ સત્રના સમાપન પ્રસંગે ઉપરોક્ત જાહેરાત કરી હતી. શિયાળુ સત્રનું સમાપન ૨૧ ડિસેમ્બરે થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે, જોકે આ અંગેનો અંતિમ નિર્ણય ૧૮ ડિસેમ્બરે મળનારી બિઝનેસ એડવાઈઝરી કમિટીની બેઠકમાં લેવામાં આવશે, એમ વિધાનસભાના ઉચ્ચ સૂત્રોએ જણાવ્યું હતું.

# લાડકી બહેન યોજના ચાલુ રહેશેઃ રાજ્યપાલ

મુંબઈઃ રાજ્ય સરકારની મુખ્ય 'મુખ્ય મંત્રી-માઝી લાડકી બહીણ યોજના' ચાલુ રહેશે, એમ રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણને મહારાષ્ટ્રની નવી ચૂંટાયેલી વિધાનસભાને તેમના સંબોધનમાં જણાવ્યું હતું. મારી સરકાર રાજ્યમાં ૨૧થી ૬૫ વર્ષની વયજૂથની મહિલાઓના સશક્તીકરણ માટે નમુખ્ય મંત્રી માઝી લાડકી બહીણ યોજનાથ લાગુ કરી રહી છે. આ યોજના હેઠળ ૨.૩૪ કરોડથી વધુ લાભાર્થી મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયાની રકમ આપવામાં આવી રહી છે અને જુલાઈથી નવેમ્બર ૨૦૨૪ સુધીના પાંચ માસિક હપ્તા ચૂકવવામાં આવ્યા છે. આ યોજના આગળ પણ ચાલુ રહેશે, એમ રાધાકૃષ્ણને કહ્યું હતું. રાજ્યપાલે કહ્યું હતું કે, કેન્દ્ર સરકારે તાજેતરમાં મરાઠી ભાષાને અભિજાત ભાષાનો દરજ્જો આપ્યો છે. આનાથી ૪૫૦ યુનિવર્સિટીઓમાં મરાઠી ભાષાના અભ્યાસ માટે વિશેષ કેન્દ્રોની સ્થાપના કરવામાં મદદ મળશે. મરાઠી ભાષાના સંરક્ષણ અને સંવર્ધન માટે કેન્દ્ર સરકાર પાસેથી વધુ ભંડોળ ઉપલબ્ધ થશે, એમ તેમણે કહ્યું હતું. તેમના મતે વર્ષ ૨૦૨૩-૨૪માં મહારાષ્ટ્ર રૂ. ૧,૨૫,૧૦૧ કરોડના રોકાણ સાથે સીધા વિદેશી રોકાણમાં દેશમાં ટોચ પર હતું. ૨૦૨૪-૨૫ના એપ્રિલથી સપ્ટેમ્બર સુધીના પ્રથમ બે ત્રિમાસિક ગાળામાં ૧,૧૩,૨૩૬ કરોડ રૂપિયાના વિદેશી સીધા રોકાણ સાથે મહારાષ્ટ્ર ફરીથી દેશમાં ટોચ પર છે, જે ગયા વર્ષના કુલ પ્રત્યક્ષ વિદેશી રોકાણના ૯૦ ટકા કરતાં વધુ છે. સરકારી નોકરી ઇચ્છુકો માટે એક સારા સમાચાર આપતાં મહારાષ્ટ્રના રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણને જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે રોજગારની તકો વધારવા માટે ૧.૫૩ લાખ ખાલી જગ્યાઓ ભરવા માટે ભરતી પ્રક્રિયા શરૂ કરી છે. મુંબઈમાં રાજ્ય વિધાનસભાના સંયુક્ત સત્રને સંબોધતા રાજ્યપાલ રાધાકૃષ્ણને કહ્યું કે અત્યાર સુધીમાં ૭૮,૩૦૯ જગ્યાઓ ભરવામાં આવી છે. રાજ્ય એફડીઆઈ માટે પસંદગીનું સ્થળ છે, એમ તેમણે ઉમેર્યું હતું. ૨૦૨૩-૨૪માં, મહારાષ્ટ્ર રૂ. ૧,૨૫,૧૦૧ કરોડના રોકાણ સાથે એફડીઆઈમાં દેશમાં ટોચ પર હતું અને વર્ષ ૨૦૨૪-૨૫ના એપ્રિલથી સપ્ટેમ્બર સુધીના પ્રથમ બે ત્રિમાસિક ગાળામાં રૂ. ૧,૧૩,૨૩૬ કરોડના એફડીઆઈ સાથે ફરીથી દેશમાં ટોચ પર છે, જે ગયા વર્ષના કુલ એફડીઆઈના ૯૦ ટકા કરતાં વધુ છે, એમ તેમણે જણાવ્યું હતું.

## સંસ્થા સમાચાર

### ઈન્દોરમાં ધીરગુરુદેવના સાંનિધ્યે ધર્માલય નિર્માણમાં ૧૦ કરોડનું દાન



શ્રી ગુજરાતી સ્થાનકવાસી જૈન સંઘના આંગણે પૂ.શ્રી ધીરગુરુદેવના સાંનિધ્યે નવ્ય ધર્માલયની શિલારોપણવિધિ સમારોહ અનેરા ધર્મોલ્લાસથી ઉજવાયો. આ પ્રસંગે વિવિધ નામકરણમાં આશરે ૧૦ કરોડનું ફંડ એકત્રિત થયું.

શ્રી નિમેષ કોઠારીના નિવાસેથી ભવ્ય શોભાયાત્રા બાદ ડુંગર દરબાર, લાભ મંડપમમાં જૈન શાળા, યુથવિંગ, મહિલા મંડળ વગેરેએ સ્વાગત ગીત, નૃત્ય રજૂ કરેલ. સંઘ પ્રમુખ શ્રી યોગેશ કોઠારીએ સહુને આવકાર્યા હતા. સૂત્ર સંચાલન નિમેષ કોઠારીએ કર્યું હતું. સંકુલમાં સુવિધિનાથ ધર્માલયનો સુવિધિ હિમાંશુ બોટાદરા અને આયંબિલ ભવનનો નીલા નિરંજન અને વર્ષા વિક્રમ દેસાઈ, વ્યાખ્યાન હોલનો કુસુમબેન રસિકલાલ કોઠારી, આયંબિલ હોલનો સુરેન્દ્રભાઈ જયંતિલાલ સંઘવી, શ્રાવક પ્રવેશદ્વારનો રમાબેન એચ. દેસાઈ, નયનાબેન ચંદ્રકાંત શાહ અને વિવિધ યોજનાનો લાભ મનુભાઈ બાવીસી, પ્રદીપભાઈ અજમેરા, મંજુલાબેન બોટાદરા, નવીનભાઈ જાગાણી, દમયંતીબેન દેસાઈ, સ્મિતાબેન યોગેશભાઈ કોઠારી, ચીમનભાઈ ગાંધી, મણીભાઈ દોશી, વીરેન્દ્ર દેસાઈ, વનિતાબેન જી. શેઠ વગેરેએ લીધો હતો. ગુરુદેવે ધર્મસભામાં જણાવ્યું હતું કે ઈન્દોરવાસીઓ સ્વદ્રવ્યથી ધર્મસંકુલનું નિર્માણ કરે એ જ આશીર્વાદ છે.

# નિર્માતા વાશુ ભગનાની સાથે નવ કરોડની છેતરપિંડીઃ ડિરેક્ટર સહિત ત્રણ સામે ગુનો

મુંબઈઃ પીઢ નિર્માતા વાશુ ભગનાની સાથે નવ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી પ્રકરણે પોલીસે ફિલ્મ ડિરેક્ટર અલી અબ્બાસ ઝફર અને તેના બે સહયોગી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

રવિવારે નોંધાયેલા ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટ અનુસાર ઝફર અને તેના સહયોગી હિમાંશુ મેહરા અને એકેશ રણદીવેએ નાણાંની કથિત રીતે ઉચાપત કરી હતી, એમ બાન્દ્રા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

કોર્ટના આદેશ બાદ આ ગુનો નોંધવામાં આવ્યો હતો. ઝફર, રણદીવે અને મેહરા વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૦(બી), ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૭૧, ૫૦૦ અને ૫૦૬ હેઠળ ગુનો નોંધાયો હતો.

# જોગેશ્વરીમાં બીએમડબ્લ્યુમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ જોગેશ્વરી પૂર્વ-પશ્ચિમને જોડનારા બ્રિજ પર સોમવારે બપોરના બીએમડબ્લુ કારમાં અચાનક આગ ફાટી નીકળી હતી. કારમાંથી ધુમાડો નીકળતો દેખાતા ડ્રાઈવર તરત તેમાંથી બહાર નીકળી આવ્યો હતો. સદ્નસીબે તેને કોઈ ઈજા પહોંચી નહોતી. જોકે કારમાં લાગેલી આગને કારણે રોડ પર ટ્રાફિક જૅમ થઈ ગયો હતો. લગભગ બે કલાક સુધી રસ્તા પર વાહનોની લાંબી લાઈન લાગી ગઈ હતી. આ અગાઉ રવિવારે મોડી રાતના અંધેરી લિંક રોડ પર પાર્ક કરેલી બીએમડબ્લુ સહિત અન્ય ત્રણ કાર આગની લપેટમાં આવી ગઈ હતી. ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ જોગેશ્વરીમાં સોમવારે બપોરના ૧.૩૦ વાગે આગની ઘટના બની હતી, જેમા સર્વિસ સેન્ટરનો ડ્રાઈવર કારને વર્કશોપમાં લઈ જઈ રહ્યો હતો ત્યારે બ્રિજ પર કારમાં અચાનક આગ લાગી હતી.

# નવી મુંબઈના ડિઝાઇન કન્સલટન્ટ સાથે ૫૮ લાખ રૂપિયાની ઓનલાઇન છેતરપિંડી

થાણેઃ શેરબજારમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે નવી મુંબઈના ૬૦ વર્ષના ડિઝાઇન કન્સલટન્ટ સાથે ૫૮ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હતી.

આ પ્રકરણે નોંધાવાયેલી ફરિયાદને આધારે પોલીસે શુક્રવારે પાંચ વ્યક્તિ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને આઇટી એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

ફરિયાદીએ એવો આક્ષેપ કર્યો હતો કે આરોપીઓએ ઑક્ટોબરમાં તેનો સંપર્ક સાધ્યો હતો અને શેરબજારમાં રોકાણ પર આકર્ષક વળતર અંગે જણાવ્યું હતું.

આરોપીઓએ ઓનલાઇન લિંક્સ પાઠવી હતી અને રોકાણ માટે રૂપિયા ડિપોઝિટ કરવા તેનો ઉપયોગ કરવાની સૂચના આપી હતી. જોકે ફરિયાદીએ જ્યારે તેના રૂપિયા અને વળતર અંગે પૂછપરછ કરી ત્યારે આરોપીઓએ તેને યોગ્ય જવાબ આપ્યો નહોતો. આરોપીઓએ એવો દાવો કર્યો હતો કે તેઓ રાષ્ટ્રીયકૃત બેન્કની શેર ટ્રેડિંગ વિંગ સાથે જોડાયેલા છે. ફરિયાદીએ ૧૬ ઑક્ટોબરથી ૨૮ નવેમ્બર દરમિયાન ૫૮ લાખ રૂપિયા ગુમાવ્યા હતા. (પીટીઆઇ)

# નાગપુરની હૉટેલમાં બૉમ્બબ્લાસ્ટની ધમકી નીકળી અફવા

નાગપુરઃ નાગપુરના ગણેશપેઠ વિસ્તારમાં આવેલી હૉટેલમાં બોમ્બબ્લાસ્ટની ચેતવણી આપતો ઇ-મેઇલ સોમવારે સવારે પ્રાપ્ત થયા બાદ ગભરાટ ફેલાયો હતો.

હૉટેલ દ્વારકામાઇમાં બોમ્બબ્લાસ્ટની ધમકી આપતો ઇ-મેઇલ સવારે હૉટેલના મેનેજરને આવ્યો હતો, જેને પગલે પોલીસને જાણ કરવામાં આવી હતી. દરમિયાન બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (બીડીડીએસ)ની ટીમ સાથે અગ્નિશમન દળના જવાનો અને પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસ ટીમે હૉટેલ પરિસરમાં ખૂણેખાંચરે ત્રણ કલાક સુધી તપાસ આદરી હતી.

જોકે કોઇ પણ વિસ્ફોટક કે શકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી. આથી બોમ્બબ્લાસ્ટની વાત અફવા સાબિત થતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. હૉટેલમાં બોમ્બબ્લાસ્ટની ધમકી આપતો ઇ-મેઇલ મોકલનારી વ્યક્તિની શોધ ચલાવવામાં આવી રહી છે, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઇ)

# થાણેમાં લોન માટે યુવાનનું અપહરણ

થાણેઃ થાણેમાં ૭૦ હજાર રૂપિયાની લોન સમયસર ન ચૂકવનારા યુવાનનું અપહરણ કર્યા પછી તેને ફટકારવામાં આવ્યો હતો. નૌપાડા પોલીસના જણાવ્યા મુજબ ઘટના રવિવારે નૌપાડા વિસ્તારમાં બની હતી. યુવાને ૭૦ હજાર રૂપિયા ઉછીના લીધા હતા. નાણાં પાછાં મેળવવા માટે અમુક લોકોએ યુવાનનું અપહરણ કર્યું હતું. લગભગ પાંચ કલાક સુધી તેને ઈન્દિરા નગર ખાતે બંધક બનાવી રાખવામાં આવ્યો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ)

## પારસી મરણ

આલુ સોલી કેરાવાલા તે મરહુમ સોલીના ધનિયાની. તે મરહુમો નાજામાય નરીમાન સખીદાસના દીકરી. તે કેશમીરા ને બીનાઇફર વાય. સોપારીવાલાના માતાજી. તે યઝદી સોપારીવાલાના સાસુજી. તે ફેયાનના મમઇજી. તે મરહુમો દોલતબાનુ દીનશાજી કેરાવાલાના વહુ. (ઉં. વ. ૮૬) રે. ઠે. ૬૦૭/એ, દોલત મંઝીલ, ડો. આંબેડકર રોડ, દાદર-ઇસ્ટ, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૦-૧૨-૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે, રૂસ્તમ ફરામ અગિયારીમાં છેજી.

## હિન્દુ મરણ

**હાલાઈ લોહાણા**

સુધીર આશર (ઉં. વ. ૮૮) મૂળ જામનગર હાલ મુંબઈ, દેવકાબેન વલ્લભદાસ ચાંપસીના પુત્ર. હંસાના પતિ. મધુકાન્ત અંજારિયાના જમાઈ. ચિ. જીત, સ્વ. હર્ષના પિતા. અ.સૌ. સોનાલીબેનના સસરા. રિતિકાના દાદા. સ્વ. પુષ્પાબેન, સુરૈયા, અ.સૌ. ઉષાબેન સંપટના ભાઈ તા. ૬-૧૨-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**નાગર બ્રાહ્મણ**

ગં. સ્વ. પ્રવિણાબેન મહેન્દ્રભાઈ ધોળકિયા (ઉં. વ. ૯૦) તે હાલ મલાડ નિવાસી સ્વ. મહેન્દ્રભાઈ દિનકરરાય ધોળકિયાના ધર્મપત્ની, સ્વ. પ્રેમિલાબેન નાનાલાલ ટંડેલના દીકરી. ભૈરવી (જીકા) અલ્કેશ મણિયારના માસી. તે ૮/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૦/૧૨/૨૪ ના ૪ થી ૬ કલાકે પંચનાથ મહાદેવ મંદિર એસ. વી રોડ, મલાડ વેસ્ટ.

**દશા પોરવાડ વણિક**

મૂળગામ સુરત હાલ અંધેરીના સ્વ. શાંતિબેન તથા સ્વ. રમણલાલ ચુનીલાલ ચિનાઈના સુપુત્ર પ્રેમેશભાઈ ચિનાઈ (ઉં. વ. ૮૬) તે ૭/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. સરોજબેનના પતિ. અનલ તથા સમરના પિતા. ધ્વનિ તથા શ્વેતાના સસરા. સ્વ. બિપીનભાઈ, સ્વ. કૃષ્ણભાઈ, સ્વ. સુરેશભાઈ, સ્વ. જગદીશભાઈ, સ્વ. મહેશભાઈ, સ્વ. રતુબેન તથા સ્વ. નીલાબેન નવીનભાઈ જાગીરદારના ભાઈ. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ભરૂચ મોઢ વણિક**

ભરૂચ નિવાસી હાલ દહિસર સ્વ. બાબુભાઈ ઈશ્વરલાલ આમોદવાલા ના ધર્મપત્ની હસુમતિબેન (ઉં. વ. ૯૦) તે વિલાસ, કોકિલા, લતા, ગીતા, સુધીર તથા અલ્કેશના માતુશ્રી. સતિષ, સંદીપ, પ્રિયા, હર્ષ, દીપના બા, હરકિશનદાસ, સ્વ. અશોકભાઈ, રોહિતભાઈ, અજયભાઇ, નીમા તથા સોનાલિના સાસુ. પિયરપક્ષે સ્વ. સુરજબેન ચીમનલાલ ખૂંધાવાલાના દીકરી. ઊર્મિ, શુભ, જુહી, જુગલ ના દાદી. ૨૯/૧૧/૨૪ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ડુંગરવાળા મહેતા (રેશમિયા) હાલ મુંબઇ સ્વ. દમયંતીબેન હસમુખલાલ હરિલાલ મહેતાના પુત્ર નીતિનભાઇ (ઉં. વ. ૬૭) શનિવાર, તા. ૭-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે અજય અને રાકેશના મોટાભાઇ. તે જયશ્રી અને અલ્પાના જેઠ. હડમતીયાવાળા સ્વ.ધીરજલાલ, રમેશભાઇ, સ્વ. સુભાષભાઇ, સ્વ. દીલીપભાઇ, લલિતભાઇ, સુરેશભાઇના ભાણેજ. તે કેવલ, પ્રથમ, અભિરાજ, નિયતિના મોટા કાકા. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**દશા મોઢ માંડલિયા વૈષ્ણવ વણિક**

ચોરવાડ નિવાસી હાલ ઘાટકોપર ઇંદિરાબેન જવાહરલાલ જમનાદાસ ઝવેરી (ઉં. વ. ૮૨) સોમવાર, તા. ૯-૧૨-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. ગુલાબબેન વિઠ્ઠલદાસ શાહના દીકરી. સ્મિતા ભદ્રેશ શાહ, નીતા બીજલ બખાઇ, હેમંત ઝવેરીના માતા. દીપાના સાસુ. ઝલક કુશલ કોઠારી, નિલય બખાઇ, વિદ્ધિ ધ્રુવેન દોશી, પૂજા રોનક પારેખ, બિયંકા, આદર્શ અજમેરાના દાદી-નાની. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૬-૧૨-૨૪ના લાયન્સ કોમ્યુનિટી હોલ, ગરોડિયા નગર, ઘાટકોપર પૂર્વ, મુંબઇ-૭૭. સાંજે ૫થી ૭.

**હાલાઇ લોહાણા**

મૂળગામ આતીદરવાસી નિવાસી હાલ નાલાસોપારાના ગં. સ્વ. તરુબેન તથા સ્વ. વસંતલાલ નરસિંહદાસ ઠકરારના સુપુત્ર અજયભાઇ (ઉં. વ. ૫૦) તે તા. ૬-૧૨-૨૪ના દહીંસર મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ગોરધનભાઇ તથા સુરેશભાઇના ભત્રીજા. મનીષા, દીપ્તિ, સુધા, મીના, સરોજ, વિપુલ, રાકેશ તથા નિલેશના ભાઇ. સુધીરકુમાર તથા દિપકકુમાર બાબુલાલ ઉનડકટના સાળા. મોસાળ પક્ષે સ્વ. ધીરુભાઇ હરિદાસ રાયઠઠ્ઠાના ભાણેજ. મિલી, અવી તથા મિહિરના મામા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જેસર નિવાસી હાલ સાંતાક્રુઝ વિશાલ નવીનચંદ્ર અંદરજી દોશીના ધર્મપત્ની અ. સૌ. માનસી વિશાલ દોશી (ઉં. વ. ૪૫) તે સ્વ.જ્યોત્સનાબેન નવીનચંદ્ર અંદરજી દોશીના પુત્રવધૂ, પ્રિશા અને કિયાનના માતુશ્રી. મીતા નીલેશકુમાર તન્ના, રીટા નવીન દોશી, જાગૃતિ અભય શેઠના ભાભી તા. ૦૯/૧૨/૨૪, સોમવારના અરિહંત શરણ થયેલ છે. પિયર પક્ષે અમદાવાદ નિવાસી હાલ મલાડ તે શ્રીમતી નીલાબેન દિલીપભાઈ દોશીના દીકરી તથા નિલયભાઈના બેન. પ્રાર્થના સભા ૧૦/૧૨/૨૪ મંગળવારે સાંજે ૪ થી ૬, પ્રાર્થનાસ્થળઃ સરદાર પટેલ બાગ, પાર્લેશ્વર રોડ,આર્ય ભવન, વિલે પાર્લે ઇસ્ટ.

**ઝાલાવાડી દિગંબર જૈન**

ધાંધલપુર નિવાસી, હાલ કાંદિવલી, ગં.સ્વ. સુશીલાબેન, (ઉં. વ. ૯૬) તા. ૮.૧૨.૨૪ ના દેહપરિવર્તન થયેલ છે. તે સ્વ. શાંતિલાલ છોટાલાલ તુરખિયાના પત્ની. દીપક શાંતિલાલ તુરખિયાના માતા. ડૉ નેમિના દાદી, સ્વ. વેલશિભાઈ તથા સ્વ. મોતિબેન શાહના પુત્રી, જયંતભાઈ શાહ અને પ્રીતિબેન દેસાઈના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગુંદાલાના ભાનુબેન પ્રેમજી રાંભીયા (ઉં. વ. ૭૪) તા. ૮-૧૨-૨૪ના અવસાન પામ્યા છે. મઠાબેન મેઘજીના પુત્રવધૂ. રેખા, હીરેનના માતુશ્રી. તેજબાઇ કુંવરજી વિરપારના સુપુત્રી. સ્વ. ઠાકરશી, કલ્યાણજી, મનસુખ, ગુંદાલાના વેલબાઇ ખેતશી, રતાડીયા (ગ.) ના સાકરબેન લખમશી, છસરાના ઝવેરબેન વીરજી, મયાબેન કાનજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હીરેન રાંભીયા, બી - ૨૦૫, નવનીતનગર, દેશલેપાડા, ડોંબીવલી (ઈ) ૪૦૧૨૦૩.

રાયણના ડો. અરવિંદ પ્રેમજી રાયશી શાહ (દેઢિયા) (ઉં. વ. ૭૯) તા.૮-૧૨-૨૪ના અવસાન પામેલ છે. માતુશ્રી ચનીબાઈ પ્રેમજી રાયશીના પુત્ર. સ્વ.સુશીલાના પતિ. પરાગ, દિમીના પિતા. માતુશ્રી વેલબાઈ હીરજી સુંદરજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ.દિમી ઠાકર. એ- ૨૦૬, ઉત્સવ પ્લાઝા, બિલ્ડીંગ નં.૭, મધુબન ટાઉનશીપ, એવરશાઈન ગેટની સામે ગોકીવરે, વસઈ (ઈસ્ટ).

ભુજપુરના નરશી કારૂ દેઢિયા (ઉં. વ. ૯૨) રવિવાર, તા. ૮-૧૨-૨૪ના અવસાન પામેલ છે. ગંગાબેન કારૂ રામજી દેઢિયાના પુત્ર. લક્ષ્મીબેનના પતિ. મનસુખ, ચંદ્રકાંત, કિશોરના પિતાજી. રામાણીયા મઠાંબાઈ વશનજી, નાના ભાડીયા કુંવરબાઈ કલ્યાણજી, પત્રી ભાનુબેન (બચુડી) રામજી, દેવચંદના ભાઇ. કપાયા લાધીબાઇ રામજી ઉકેડા સંગોઈના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, ગ્રાઉન્ડ ફ્લોર, દાદર (ઈ), ટા. ૪ થી ૫.૩૦. નિ. નરશી કારૂ દેઢિયા, ૯૦૪, સનશાઇન ઇન્ફિનિટી, સુમનતાઈ મ્હાત્રે રોડ, આશિર્વાદ બિલ્ડીંગ પાસે, વડાલા (વે).

ડોણના મણીલાલ રતનશી છેડા (ઉં. વ. ૭૫) તા.૭-૧૨-૨૪, શનિવારના અવસાન પામ્યા છે. લક્ષ્મીબાઈ રતનશીના સુપુત્ર. સાકરબાઈના પતિ. રાજશ્રીના પિતા. લખમશી, પદમશી, નવાવાસના જયવંતીબેન જયંતિલાલ, તલવાણાના લીલાવંતી અમૃતલાલના ભાઈ. બિદડાના નાનબાઇ હેમરાજ વરજાંગના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. મણીલાલ રતનશી છેડા. સરસ્વતી ચાલ, આંબેડકર ચોક, એલ.બી.એસ. માર્ગ, સુર્યનગર, વિક્રોલી (વેસ્ટ), ૪૦૦૦૮૩.

**પાટણ જૈન**

ઢંઢેરવાડાના મંજુલાબેન હરિલાલ શાહ (ઉ.વ.૮૭) તે હિતેશ, હર્ષા પ્રવીણભાઇ, વર્ષા ભૂપેન્દ્રભાઇ, સ્મિતા ધીરેનભાઇના માતુશ્રી. સોનલબેનના સાસુ. વિરાટ-શિવાલી, પાર્થ-સલોનીના દાદી. રિવાન, સારવના પરદાદી. અંકુર, દર્શી, રાહિલ, સાહિલ, હાર્દિકના નાની. તા. ૮-૧૨-૨૪ના સ્વર્ગવાસ થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી સમાજ જૈન**

વાંકાનેર નિવાસી હાલ કલ્યાણ સોમચંદ જસરાજ પારેખના સુપુત્ર અનંતરાય (ઉં. વ. ૮૦) તા. ૭ ડિસેમ્બરના શનિવારના અરિહંતશરણ પામેલ છે. ચંદ્રલેખાબેન તથા સુધાબેનના પતિ. મીનલ તથા તેજસના પિતાશ્રી. મનોજભાઇ તથા હેતલના સસરા. યોગશ્રમણ વિજયજી મહારાજ સાહેબ, નલીનભાઇ, પ્રદીપભાઇ, મંજુલાબેન નવીનભાઇ લોદરીયા, વસુબેન વસંતભાઇ શેઠ, રમીલાબેન અતુલભાઇ શાહ તથા ભદ્રાબેન નીતેશભાઇ કોઠારીના ભાઇ. નટવરલાલ સુખલાલ મહેતા તથા ઉજમશીભાઇ સોમચંદભાઇ મહેતાના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

પાટણ નિવાસી ભાભાના પાડાના હાલ અંધેરી મુંબઇ અ. સૌ. શોભનાબેન બિપીનભાઇ શાહ (ઉં. વ. ૭૪) તે સ્વ. તારાબેન બાલુભાઇ શાહના પુત્રવધૂ. બિપીનભાઇના ધર્મપત્ની. ચંદ્રાબેન વિનોદભાઇ ચોકસીના સુપુત્રી. પૂર્વાંગ, મોના, મૌલિકના માતુશ્રી. અ. સૌ. બેલાબેન, ભાવેશભાઇના સાસુ. મલ્હાર, પ્રીશા, મેઘનાના દાદી. તા. ૮-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

તળાજા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. રમણીકલાલ વિઠ્ઠલદાસના પુત્ર સ્વ. હસમુખરાયના ધર્મપત્ની ઇન્દુમતીબેન (ઉં. વ. ૮૦) તા. ૮-૧૨-૨૪ના સ્વર્ગવાસ થયેલ છે. તે નૂતન, સ્વ. મલય, સ્વ. સપના, સ્વ. તેજપાલ તથા શ્રીપાલના માતુશ્રી. તે પ્રદીપકુમાર રતિલાલ ગાંધી તથા ડોલીના સાસુ. તે હેતયશાશ્રીજી માસા, ક્રિષા, ક્રિયાના દાદી. પિયર પક્ષે સમઢીયાળાવાળા સ્વ. હિંમતલાલ હરજીવનદાસ શાહના પુત્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

મોરબી નિવાસી હાલ ભાયંદર નીતિનભાઇ મૂળશંકર સૌભાગચંદ મહેતાના ધર્મપત્ની અ. સૌ. નયનાબેન (ઉં. વ. ૬૬) તે બીજલ નિર્ભયકુમાર વોરા તથા ભાવિશા અંક્તિકુમાર મહેતાના માતુશ્રી. તથા જયશ્રીબેન રાજેન્દ્રકુમાર સંઘવી, ચંદ્રિકાબેન હરેશકુમાર શાહ, પિયુષભાઇ તથા પરેશભાઇના ભાભી. મીરાબેન, પ્રીતિબેનના જેઠાણી. અને કિયાન, વિવાન અને નક્ષના નાની. તથા પ્રાણજીવન ગુલાબચંદ મહેતાના સુપુત્રી. ભાયંદર મુકામે તા. ૯-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

નવમા પાનાનું ચાલુ

### ગૃહ ખાતા માટે

મહાયુતિને બહુમતી મળી હતી અને ભાજપ સૌથી મોટી પાર્ટી બની. આથી મુખ્યમંત્રી પદ ભાજપ પાસે ગયું. જેના કારણે મહાગઠબંધનના ઘટક પક્ષ શિવસેનાએ નાયબ મુખ્યપ્રધાનની સાથે ગૃહપ્રધાન પદનો દાવો કર્યો હતો. પરંતુ ભાજપે શિંદે જૂથને ગૃહપ્રધાન પદ આપવાનો ઇનકાર કર્યો હતો. તેના બદલે બીજું ખાતું આપવા જણાવ્યું હતું.

ગઈકાલે રાત્રે વર્ષાના નિવાસસ્થાને બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં એકનાથ શિંદે હજુ પણ ગૃહ પ્રધાનપદ માટે આગ્રહી હોવાની માહિતી વિશ્વસનીય સૂત્રોએ આપી છે. આ બેઠકમાં કેબિનેટ પોર્ટફોલિયોની ફાળવણી અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

બીજી તરફ ભાજપ ગૃહ ખાતું પોતાની પાસે રાખવા પર અડગ છે. દેવેન્દ્ર ફડણવીસે એકનાથ શિંદેને તેના બદલે મહેસૂલ અને અન્ય ખાતા લેવાની સલાહ આપી છે. આજે મોડી રાત્રે ફરી બેઠક યોજાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

દરમિયાન, ૧૨ ડિસેમ્બરે શપથ ગ્રહણ સમારોહ યોજાવાની શક્યતા છે. જો તે પહેલા ગૃહ ખાતા માટેની અડચણ દૂર નહીં થાય તો કેબિનેટનું વિસ્તરણ મોકૂફ રહેવાની શક્યતા છે. હવે ઘણા ધારાસભ્યો પણ પ્રધાનપદ મેળવવા લોબિંગ કરી રહ્યા છે. નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે દ્વારા કેબિનેટ વિસ્તરણમાં શિવસેનામાંથી પાંચ નવા ચહેરાઓને પ્રધાનપદ આપવામાં આવી શકે છે.

વિધાનસભાના શિયાળુ સત્રની તારીખોની જાહેરાત થઈ ગઈ છે. નાગપુરમાં ૧૬મી ડિસેમ્બરથી વિધાન મંડળનું સત્ર શરૂ થવાનું છે અને તેની પહેલા પ્રધાનમંડળનું વિસ્તરણ કરવામાં જ આવશે એવી અટકળો થઈ રહી છે. જોકે એ કામ સરળ નહીં હોય અને એમાં હજી ઘણી અડચણો આવે એવું લાગી રહ્યું છે.

### જોકે સરકાર

હાલમાં લાભ મેળવી રહી છે અને લાભોનું વિતરણ કરવામાં આવે તે પહેલાં તમામ અરજીઓની સંપૂર્ણ સમીક્ષા કરવામાં આવી હતી. અન્યથા સૂચવતા કોઈપણ સમાચાર ખોટા છે,' એમ તટકરેએ એક પ્રાદેશિક ન્યૂઝ ચેનલને જણાવ્યું હતું.

લાડકી બહેન યોજના હેઠળ લાભાર્થી મહિલાઓને દર મહિને રૂ. ૧,૫૦૦ મળે છે, જેને મહાયુતિના નેતાઓએ ચૂંટણી પ્રચાર દરમિયાન વધારીને રૂ. ૨,૧૦૦ કરવાનું વચન આપ્યું હતું.

તટકરેએ કેટલીક મહિલાઓ આ યોજના હેઠળ ખોટી રીતે ભંડોળ મેળવી રહી હોવા અંગેની ફરિયાદો સ્વીકારી હતી.

'ફરિયાદોની તપાસ કરવી અને નિર્ણય લેવો તે ડબ્લ્યુસીડી વિભાગનો વિશેષાધિકાર હશે. જે પણ ફરિયાદો પ્રાપ્ત થઈ છે તે વિભાગ સાંભળશે, પરંતુ હું સ્પષ્ટતા કરવા માગું છું કે અરજીઓની ફરીથી સમીક્ષા કરવા અથવા તેની ચકાસણી કરવાનો કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી,' એમ એનસીપીના વિધાનસભ્યે જણાવ્યું હતું.

ફડણવીસે કહ્યું હતું કે યોજનાના કેટલાક લાભાર્થીઓ પરિમાણોનું પાલન કરતા નથી તેવી ફરિયાદોને ધ્યાનમાં રાખીને, અરજીઓની ચકાસણી જરૂરી છે.

'તેને સંપૂર્ણપણે રદ કરવામાં આવશે નહીં. તપાસ પીએમ કિસાન યોજનાની તર્જ પર કરવામાં આવશે, જ્યાં અયોગ્ય લાભાર્થીઓએ સ્વેચ્છાએ તેમનો લાભ છોડી દીધો હતો,' એમ તેમણે કહ્યું હતું.

### મહાબળેશ્વર

પારો ૧૩.૭ નોંધાયો હતો. હવામાન ખાતાના જણાવ્યા મુજબ મુંબઈમાં સાંતાક્રુઝમાં સોમવારે મહત્તમ તાપમાન ૩૧.૮ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૧૩.૭ ડિગ્રી તો વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૪૪ ટકા નોંધાયું હતું. તો કોલાબામાં મહત્તમ તાપમાન ૨૯.૮ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૧૯.૨ ડિગ્રીની સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૪૬ ટકા નોંધાયું હતું. આ અગાઉ મુંબઈમાં ૨૪ ડિસેમ્બર, ૨૦૧૫ની સાલમાં પારો ૧૧.૪ ડિગ્રી જેટલો નોંધાયો હતો. મુંબઈમાં ગયું આખું અઠવાડિયું ગરમી અને ઉકળાટ રહ્યું હતું. તેમાં પણ પાછું ચાર ડિસેમ્બરના તો મુંબઈમાં ૩૭.૩ ડિગ્રી જેટલું ઊંચુ તાપમાન રહ્યું હતું, જે ડિસેમ્બર મહિનાનો સૌથી હાઈએસ્ટ મહત્તમ તાપમાન રહ્યું હતું. આઅગાઉ ડિસેમ્બરમાં ૨૦૦૮ની સાલમાં ૩૭.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

#### મહાબળેશ્વરમાં ૧૫ ડિગ્રી

મુંબઈની સાથે જ તેની આજુબાજુના વિસ્તારોમાં પણ સોમવારે ઠંડીનું મોજું ફરી વળ્યું હતું. જોકે હિલ સ્ટેશન મહાબળેશ્વર મુંબઈની સરખામણીમાં ગરમ રહ્યું હતું. અહીં લઘુતમ તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયું હતું. તો સમગ્ર રાજ્યમાં સૌથી નીચું તાપમાન જળગાંવમાં ૮.૬ ડિગ્રી નોંધાયું હતું. નાશિકમાં ૯.૪, બદલાપુરમાં ૧૧.૩ ડિગ્રી, પુણેમાં ૧૨.૦ ડિગ્રી, માથેરાનમાં ૧૧.૨ ડિગ્રી, પાલઘર, ૧૦.૫ ડિગ્રી, અંબરનાથમાં ૧૨.૧, કલ્યાણમાં ૧૩.૨ ડિગ્રી, પનવેલમાં ૧૩.૨ ડિગ્રી, ડોંબિવલીમાં ૧૩.૩ ડિગ્રી, થાણેમાં ૧૪ ડિગ્રી, નવી મુંબઈમાં ૧૪ ડિગ્રી, અહમદનગરમાં ૧૩.૭ ડિગ્રી જેટલું તાપમાન નોંધાયું હતું.

### ૩૫થી ૪૦ લાખ

લાડકી બહેન યોજના કાયમ રહેશે એવી જાહેરાત કરી હતી. ફાઈનાન્શિયલ પ્લાનિંગમાં યોગ્ય પ્રકારે સંવાદિતા સધાયા બાદ વધારાનો હપ્તો આપવામાં આવશે, એવું પણ તેમણે સ્પષ્ટ કર્યું હતું. બીજી બાજુ માપદંડમાં ન બેસતી હોય એવી મહિલાઓએ પણ આ યોજનાનો ગેરલાભ લીધો હોવાની અનેક ફરિયાદો મળતાં હવે સરકારે અરજી કરનારી આવી મહિલાઓના ફોર્મની ચકાસણી હાથ ધરી છે. આના પરથી સ્પષ્ટ થઇ રહ્યું છે કે ૨.૩૪ કરોડ લાભાર્થી પૈકી ૨૦ ટકા મહિલા અપાત્ર ઠરે એવી શક્યતા છે. શરૂઆતમાં કુટુંબમાં માત્ર એક મહિલા માટે જ આ યોજના હતી. ત્યાર પછી મતોનું રાજકારણ કરવામાં આવ્યું હતું, જેમાં ૨૧થી ૬૫ વર્ષની વય ધરાવતી મહિલાઓ આ યોજના લાગુ કરવામાં આવી હતી. મહિલાઓનાં બેંકખાતાં અને કુટુંબની કુલ આવક અઢી લાખથી ઓછી હોવી જોઇએ એવી બે શરત હતી. રાજ્યમાં પાત્ર વયજૂથની ૪.૭ કરોડ મહિલા મતદાર પૈકી ૨.૪૭ મહિલાએ આ યોજના માટે અરજી કરી હતી. રાજ્ય સરકારે આ યોજના માટે ૪૬ હજાર કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. ચૂંટણી સમયે અરજી કરનારી ૧૩ લાખ મહિલાઓનાં બેંકખાતાં આધાર કાર્ડ સાથે જોડવામાં આવ્યાં હતાં. દરમિયાન પ્રધાનમંડળની બેઠકમાં નજીકના સમયમાં જ લાભાર્થીઓને ડિસેમ્બરનો હપ્તો આપવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવશે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

તન-મન-ધનથી રહો

# તરોતાજા




## વસિયતનામું કેવું હોવું જોઈએ?

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

'મારે બાળમંદિરના મારા શિક્ષકને ૨૫,૦૦૦/- રૂપિયા આપવા છે. મારા ઘડતરને અને શિક્ષણમાં એમનું બહુ મોટું યોગદાન છે....'

'મારા એક ક્લાયન્ટ આ કહી રહ્યા હતા. એ વ્યવસાયે ડૉક્ટર હતા. એમની વાત સાંભળીને મને ઘણું સારું લાગ્યું.

પરંતુ મારા વસિયતનામામાં પહેલો મુદ્દો આ રાખજો, જેથી આખી દુનિયાને ખબર પડે કે મેં આવું કંઈક કર્યું છે....'

આવું એમણે કહ્યું ત્યારે મારા અચરજનો પાર ન રહ્યો. 'આપ મૂઆ ફિર ડૂબ ગઈ દુનિયા' એ ઉક્તિથી વિપરીત આ ડૉક્ટર પોતાના મૃત્યુ બાદ પણ પોતાના કોઈ કાર્ય પ્રત્યે સમાજનું ધ્યાન દોરવા માગતા હતા.... મેં મનમાં વિચાર્યું:

આ માણસ પોતાનું વસિયતનામું શું આખી દુનિયાને વંચાવવા માગે છે? ફાઈનાન્સિયલ પ્લાનર તરીકે મારા કાર્યકાળમાં આવું તો અનેક વાર બન્યું છે. પોતાની લાગણીઓને વસિયતનામામાં વ્યક્ત કરવા માગતા હોય એવા ઘણા ક્લાયન્ટ મને મળ્યા છે. એમાંથી કાંતાબહેન નામના વડીલે કહ્યું હતું:

મારી સૌથી મોટી પુત્રવધૂએ મને સારી રીતે રાખી નથી તેથી મારે મારાં ઘરેણાંમાંથી એને એક પણ ઘરેણું આપવું નથી.... સાસુને નહીં સાચવવાના પરિણામનું પુત્રવધૂને 'ભાન' થાય એ માટે કાંતાબહેનને એમની વસિયતમાં આવું લખાવવું હતું!

પરિવારની વ્યક્તિને મિલકતમાં હિસ્સો આપવો કે નહીં એ પોતાની મુનસફી પર હોય છે, પરંતુ તમારી અંગત લાગણીઓને વસિયતનામામાં સ્થાન આપવાની કોઈ જ જરૂર નથી.

વસિયતનામું કેવી રીતે બનાવવું એ કહેવા માટે તો ઢગલાબંધ વેબસાઈટ અને લેખો ઉપલબ્ધ છે એટલે અહીં આપણે વસિયતનામું કેવી રીતે બનાવવું એના કરતાં તેમાં રહેલી માનવીય લાગણીઓના તાણાવાણા વિશે વધારે વાત કરીશું.

ઘણા લોકો વસિયતનામું એકદમ જટિલ બનાવી દેતા હોય છે. કોઈક પોતાની મિલકતમાંથી ટ્રસ્ટ બનાવવા માગતું હોય છે તો કોઈક કેટલીક શરત રાખીને મિલકતોની વહેંચણી કરતું હોય છે માટે શક્ય હોય ત્યાં સુધી વસિયતનામું એકદમ સરળ હોવું જોઈએ. જટિલ વસિયતનામું માણસની અસલામતીની લાગણીનું પ્રતિબિંબ પાડતું હોય છે. માણસ પોતાના મૃત્યુ પછી પણ અંકુશ છોડવા માગતો નથી એ પણ કેવી વિચિત્ર વૃતિ કહેવાય!

કોઈ પણ વસિયતનામું પરિપૂર્ણ હોઈ ન શકે. ભગવાનમાં શ્રદ્ધા રાખવી અને વસિયતનામું શક્ય તેટલું વધારે સરળ બનાવવું.

વસિયતનામું કઈ ઉંમરે બનાવવું જોઈએ એવો પ્રશ્ન પણ વારંવાર પુછાતો હોય છે. તેના માટે મારો સ્ટાન્ડર્ડ જવાબ એ છે કે તમે જે દિવસે પોતાનું પહેલું બૅન્ક અકાઉન્ટ ખોલવો એ જ દિવસે વસિયતનામું બનાવવું જોઈએ.... બૅન્ક અકાઉન્ટ ખોલાવવામાં આવે એ જ દિવસથી સંપત્તિસર્જન શરૂ થઈ જતું હોય છે. ટૂંકમાં, એટલું જ કહેવાનું કે વસિયતનામું બનાવવામાં વિલંબ કરવો નહીં. વસિયતનામું એ મૃત્યુનું વૉરંટ નથી કે તમે વસિયતનામું બનાવી દીધું એટલે યમરાજ આવી ચડશે એવું નથી. ઊલટાનું, જો તમે વસિયતનામું બનાવવામાં મોડું કરશો અને યમરાજ આવી જશે તો એ વખતે સમસ્યા ઊભી થઈ શકે છે. યમરાજને કેટલીક વખત કહ્યું કે તમારે નોટિસ આપ્યા વગર આવવું નહીં, પરંતુ એ સાંભળતા જ નથી!

જેમને મિલકતમાં ભાગ મળવાના હોય એ લોકો સહેલાઈથી વહેંચણી કરી શકે એ રીતનું વસિયતનામું બનાવવું જોઈએ. પોતે જેની સાથે રહેતા હોય એ દીકરાને અડધો ફ્લૅટ અને અમેરિકામાં રહેતી દીકરીને બાકીનો અડધો ફ્લૅટ આપવાનું કહેતું વસિયતનામું કેટલું જટિલ કહેવાય એ સમજી શકાય એવી વાત છે. મારા દાગીના દીકરીઓ અને પુત્રવધૂઓ વચ્ચે સરખે ભાગે વહેંચી લેવા' એવું લખવાનું બદલે ઘરેણાંના ફોટા પાડીને કોને કયું ઘરેણું આપવું એ લખી લેવાનું યોગ્ય કહેવાય.

કોઈક કારણસર જો દાગીનાની વહેંચણી સરખા ભાગે કરવાનું શક્ય ન હોય તો- (૧) સરકારી વેલ્યુઅર પાસે જવું અને એમણે આપેલા વેલ્યુએશનના આધારે વહેંચણી કરવી અને કોઈ ઘટ પડે તો રોકડ આપવી અથવા તો (૨) ઘરેણાં ભંગાવીને વહેંચણી કરવી, જેવા વિકલ્પ આપી શકાય.

આમ તો ઘરેણાં ભંગાવવાની વાત ઘણાને ગમતી નથી, પરંતુ 'આપ મૂઆ ફિર ડૂબ ગઈ દુનિયા' હોય તો પછી શેની ચિંતા કરવાની હોય? વસિયતનામું લખતી વખતે વિરકત થઈ જવું જોઈએ.... આ તો મારા પેઢીઓ જૂના દાગીના છે, તેમને ભંગાવી શકાય નહીં' એવું મેં લોકોને કહેતાં સાંભળ્યા છે.

જો રિયલ એસ્ટેટની વહેંચણી એક કરતાં વધુ વ્યક્તિઓમાં કરવાની હોય તો એ રિયલ એસ્ટેટનું મૂલ્ય કોણ નક્કી કરશે અને કેટલા સમયની અંદર વહેંચણી કરવી એ બધું વિગતે લખવું જોઈએ. મિલકત માટે ઝઘડા થવાનું એક કારણ અસ્પષ્ટ વસિયતનામું પણ હોય છે. મિલકત મેળવનારી અનેક વ્યક્તિઓમાંથી કોઈકની ઇચ્છા તરત જ મિલકત વેચી દેવાની હોય અને કોઈક ભાવ વધવાની રાહ જોવા માગતું હોય એવું બની શકે છે.

તમારા ગયા પછી પરિવાર પ્રેમથી રહે અને વસિયતનામું કજિયાનું કારણ બને નહીં એ રીતે વસિયતનામું બનાવવું એ ડાહ્યા માણસનું કામ છે. ■

## કરજની લેતી-દેતી વખતે શું ધ્યાનમાં રાખવું?

ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા

**તમે** કોઈની પાસેથી નાણાં ઉછીનાં લીધાં હોય તો તમે એ વ્યક્તિના કરજદાર કહેવાઓ અને એ તમારા લેણદાર.

આજના જમાનામાં કરજ પ્રત્યે કોઈ સૂગ નથી. ફક્ત ફરક એટલો જ છે કે કરજ કયા સંજોગોમાં અને કેટલું સારું કહેવાય. તમે ક્રેડિટ કાર્ડ વાપરતા હો તોપણ તમે જ્યાં સુધી એનું બિલ ચૂકવો નહીં ત્યાં સુધી કરજદાર ગણાવ. કરજ લેનારે એ વાતનું ધ્યાન રાખવું જરૂરી છે કે કરજ-લોન પોતાનાં ગજાં બહાર પહોંચી જાય નહીં. આથી જ કરજનું વ્યવસ્થાપન કરવું જરૂરી બને છે. યોગ્ય આયોજન, બજેટિંગ અને રોકડપ્રવાહની વ્યવસ્થા દ્વારા કરજનું નિયમન થઈ શકે છે. કાળક્રમે કરજમુક્ત થવું એ જ એનું ધ્યેય હોય છે.

કરજ માટે આજકાલનો પ્રચલિત શબ્દ છે 'લોન' ચાલો, આપણે વાતની શરૂઆત લોનના પ્રકારથી કરીએ.



### લોનના પ્રકાર

ઔપચારિક લોનઃ બૅન્કો અને નાણાકીય સંસ્થાઓ પાસેથી લેવાતી લોન ઔપચારિક લોનની શ્રેણીમાં આવે છે. એમાં પણ બે પ્રકાર હોય છેઃ

અ) સિક્યોર્ડ લોન અને બ) અનસિક્યોર્ડ લોન.

અ) સિક્યોર્ડ લોનમાં કરજદારે કોઈ જમાનત આપવી પડે છે. જો કરજદાર લોન ચૂકવી શકે નહીં તો એ જમાનતમાંથી વસૂલી થઈ શકે છે. આવી લોનમાં પ્રમાણમાં ઓછો વ્યાજદર હોય છે. હોમ લોન એ સિક્યોર્ડ લોનનું સૌથી શ્રેષ્ઠ ઉદાહરણ છે.

બ) અનસિક્યોર્ડ લોન લેતી વખતે કોઈ જમાનત આપવી પડતી નથી. આથી લોન આપનારાનું જોખમ વધારે હોય છે. આથી જ આ પ્રકારની લોનના વ્યાજદર ઊંચા હોય છે. પર્સનલ લોન અને ક્રેડિટ કાર્ડ લોન આનાં ઉદાહરણ છે.

અનૌપચારિક લોનઃ મિત્રો, પરિવારજનો અને પરિચિતો કે સંબંધીઓ પાસેથી લેવાતી લોન આ શ્રેણીમાં આવે છે.

લોનની વાત આવે ત્યારે ઘણાં બધાં પરિબળોને ધ્યાનમાં લેવાં પડતાં હોય છે. પર્સનલ લોન, કાર લોન વગેરે લોન લઈ લીધાં બાદ એના પર ઘણું વ્યાજ ચૂકવવું પડે છે. આવામાં રોકાણો પરનું વળતર લોનની ચુકવણી કરવા જેટલું મળતું નથી. આથી આવકનો ઘણો મોટો હિસ્સો લોન પરનું વ્યાજ ચૂકવવામાં ખર્ચાઈ જતો હોય છે. આ નાણાં નિવૃત્તિકાળના ભંડોળ જેવાં નાણાકીય લક્ષ્યો માટે ભેગાં કરવામાં વાપરી શકાયાં હોત.

લોકો વર્તમાન ઉપભોગને ધ્યાનમાં રાખે છે, પરંતુ ભાવિ લક્ષ્યો તરફ દુર્લક્ષ કરે છે. જો તમે ધિરાણ બાબતે વ્યવસ્થિત નિર્ણયો લીધા હોય તો આવું બને નહીં.


જોકે, અહીં એ પણ જાણી લો કે ક્યારેક લોન સારી પણ હોય છે. જે અસ્કયામતના ભાવમાં વૃદ્ધિ થવાની આશા હોય અને ભવિષ્યમાં એ અસ્કયામતમાંથી આવક રળવાની સંભાવના હોય એના માટે લોન લેવી સારી. અહીં આપણે શૈક્ષણિક લોનની વાત કરી રહ્યા છીએ. ઉચ્ચ શિક્ષણ માટે લેવામાં આવતી શૈક્ષણિક લોન તમે સહેલાઈથી લઈ શકો છો, કારણ કે એ અભ્યાસ કર્યા પછી સારા પગારની નોકરી મળી શકે છે. સારા પગારને લીધે તમે લોન ચૂકવ્યા બાદ પણ સારી જીવનશૈલી માણી શકો છો. નફાકારક બિઝનેસ માટે અને જ્યાં મૂલ્યની વૃદ્ધિ થવાની સંભાવના હોય એવી પ્રોપર્ટીની ખરીદી માટે લેવાતી લોન પણ સારી લોન ગણી શકાય છે.

બીજી તરફ, કેટલીક લોનને ખરાબ લોન કહેવામાં આવે છે. જે અસ્કયામતના મૂલ્યમાં ઘસારો લાગવાનો હોય અને ભવિષ્યમાં એને લીધે ખર્ચ વધવાનો હોય એવી લોનને ખરાબ લોન કહી શકાય. કાર લોન આનું એક ઉદાહરણ છે. કારને હંમેશાં ડેપ્રિશિયેશન લાગુ થતું હોય છે. કાર ચલાવવા માટે પેટ્રોલનો અને એના સર્વિસિંગ માટે ખર્ચ કરવો પડતો હોય છે. એ ઉપરાંત કાર ઇન્સ્યોરન્સનો ખર્ચ પણ થતો હોય છે. આવી લોન હંમેશાં બોજારૂપ બને છે. ક્રેડિટ કાર્ડ લોન, રજાઓ માણવા માટેની કે ઈલેક્ટ્રૉનિક્સ ખરીદવા માટેની પર્સનલ લોન પણ ખરાબ લોનનું ઉદાહરણ છે અને એટલે જ વડીલો લોન શબ્દને ઉલટાવીને કહેતા હોય છેઃ

'ન-લો !' ■

## પેટનાં ચાંદાં

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા



**પેટનું અલ્સરઃ** હોજરીમાં રહેલું એસિડ, હોજરીના અંદરના પડને નુકસાન પહોંચાડે છે, તેથી પડમાં ચાંદાં થાય છે, તેને અલ્સર કહેવાય છે.

### અલ્સરનાં લક્ષણ

જે લક્ષણો એસિડિટીનાં હોય છે તે લક્ષણો અલ્સરનાં પણ હોય છે. પરંતુ અલ્સરની પીડા એસિડિટી કરતાં વધારે તીવ્ર હોય છે.

### કારણ

તણાવ, ચિંતા અને ભયમુક્ત જીવન.

આધુનિક વિજ્ઞાને તે સાબિત કર્યું છે કે, દર્દીને થતાં પેટનાં ચાંદા ઘણી વાર માનસિક અસંતુલિતતાથી થતા હોય છે. ડૉ. જોસફ મોન્ટેગેજ ('Nervous Stomach Trouble' પુસ્તકના લેખક) કહે છે કે, પ્રાયઃ અલ્સરોનું મૂળ કારણ તો દર્દીનું માનસિક વલણ હોય છે. જેમ કે ક્રોધ, ભય, ટેન્શન, ઈર્ષ્યા, કોઈના પ્રત્યે હલકી કલ્પના કરવી, ચીડિયો સ્વભાવ વગેરે.

જે કારણોથી અજીર્ણ અને એસિડિટી થાય છે, તે કારણો લાંબા સમયે અલ્સર માટે જવાબદાર બને છે.

અતિ તીખા, તળેલા, વાસી કે આથેલા આહાર - આ રોગ થવાનું મુખ્ય કારણ છે.

પેટમાં હેલીકોબેક્ટર પાઈલોરી (Helicobacter Pylori) જીવાણુની માત્રા વધી જવાથી.

આ જીવાણુ પેટના એસિડમાં જ જીવી શકે છે અને તે જે દેશોમાં સ્વચ્છતા ઓછી હોય, તે દેશોના લોકોમાં થવાની સંભાવના વધુ છે.

અમુક દુઃખાવો દૂર કરવાની દવાઓના વધુપડતા સેવનથી.

આપણે બીમારીની પીડા દૂર કરવા પેઈનકિલર (દર્દશામક) દવાઓ લેતાં હોઈએ છીએ, પરંતુ તે દવાઓ જ પેટમાં અલ્સર પેદા કરતી હોય છે. ૩૦-૩૫% લોકોને આવી દવાઓથી જ અલ્સર થાય છે.

દારૂ, તમાકુ, ગુટકા કે સિગારેટનું વ્યસન હોવાથી.

### સાવધાની

અલ્સરના દર્દીઓએ તીખા, તળેલા અને ખાટા પદાર્થો ન લેવા. તેમ જ કઠોળ જેવો ભારે, કડક અને સૂકો આહાર પણ ન લેવો.

અલ્સરનું નિદાન કરાવ્યા બાદ ચિકિત્સકના માર્ગદર્શન મુજબ અહીં દર્શાવેલ ઉપચારો કરવા.

### ઉપચારો

૧. ૨ ચમચી મધમાં ૧ ચમચી તજનો પાઉડર ભેળવી સવારે લેવાથી અલ્સરનાં ચાંદાં મટી શકે છે.

૨. ૧ કપ (૨૫૦ મી.લી.) ગાજરનો રસ ભૂખ્યા પેટે રોજ સવાર-સાંજ પીવો.

૩. ૧ કપ કોબીજનો રસ ભૂખ્યા પેટે સવાર-સાંજ પીવો.

૪. ૨૫ મી.લી. આમળાનો જ્યૂસ રોજ ભૂખ્યા પેટે પીવો.

૫. ૧ કપ કુંવારપાઠાનો જ્યૂસ રોજ ભૂખ્યા પેટે પીવો.

૬. રોજ ૧ કપ દૂધમાં ૧ ચમચી મેથીનો પાઉડર નાખી પીવું.

૭. ૧૫ ગ્રામ શતાવરીનું ચૂર્ણ અને ૫ ગ્રામ જેઠીમધનું ચૂર્ણ, ૨૦૦ ગ્રામ દૂધ અને ૨૦૦ ગ્રામ પાણીમાં ઉકાળીને પાણી બળી જાય પછી તેમાં સાકર અને એલચી નાખી ઠંડું થાય પછી પીવું.

૮. ૨ ચમચી મધ રોજ સવારમાં ભૂખ્યા પેટે ચાટવું.

૯. સવાર-સાંજ ૧ નાળિયેરનું પાણી રોજ પીવું.

૧૦. ૨-૩ ચમચી દિવેલ ૧ કપ દૂધમાં રોજ સૂતાં પહેલાં પીવું.

૧૧. ૨થી ૩ કેળાં ઘી સાથે બપોરે અને રાત્રે રોજ જમવાં. ■

feedback@bombaysamachar.com
ફોકસ
રાજકુમાર દિનકર



## લગ્નમાં ભરપેટ જમવાનું જોખમ

**મોસમ** બદલાય એટલે આપણું બીમાર પડવું પણ સ્વાભાવિક છે. એવામાં જો થોડી સાવચેતી રાખવામાં આવે તો આપણે બીમાર પડતાં બચી શકીએ છીએ. વરસાદની ઋતુમાં વિવિધ રોગચાળો ફાટી નીકળે છે. એથી જો બીમાર ન પડવું હોય તો થોડી તકેદારી તો રાખવી જ રહી. આ તો થઈ વરસાદની વાત પરંતુ લગ્નસરાની ઋતુમાં પણ સમારંભમાં પેટભરીને જમતાં લોકોએ થોડી સાવધાની રાખવી જરૂરી છે. તળેલા, ગળ્યાં, ઠંડા અને તીખા પદાર્થો પર તૂટી પડતાં લોકોને બાદમાં માંદા પડવાનો વારો આવે છે. એવામાં લગ્નની આ મોસમમાં પોતાને બીમાર પડતાં બચાવવા માટે શું સાવધાની રાખવી એનાં પર એક નજર નાખીએ.

### ભૂખ્યા પેટ ન રહેવું

કેટલાંક લોકોને ટેવ હોય છે કે લગ્નમાં પેટ ભરીને જમવાની લાલચમાં આખો દિવસ તેઓ ભૂખ્યા રહે છે. આવું કરવું તમારા સ્વાસ્થ્યને નુકસાન કરી શકે છે. વધારે ભૂખ લાગવાથી તેઓ પાર્ટીમાં પેટ ભરીને જમે છે. એથી ઘરેથી નીકળતા પહેલા ભલે ઓછું અને હલ્કું ભોજન લેવું જોઈએ. સાવ ભૂખ્યા પેટ તો ન જ રહેવુ જોઈએ.

### હલકું જમવું

જો પાર્ટીમાં રાતે જવાનું હોય તો હલ્કું લંચ લેવું. લગ્નના દિવસે બપોરે ભોજનમાં ફળ કાં તો સૂપ લઈ શકાય. જે કાંઈ પણ ખાઓ તે પૌષ્ટિક અને હળવો ખોરાક હોવો જોઈએ. એથી રાતે વધારે કેલેરીવાળો ખોરાક લેતા બચી શકીએ.

### વધુ ડ્રિન્ક ન કરવું

મૉકટેલ ડ્રિન્ક્સમાં વધુ કેલેરી હોય છે. હળવો પદાર્થ લેવાના નામે લોકો ફ્રૂટ સલાડ અને મૉકટેલ ડ્રિન્ક્સ વધારે પ્રમાણમાં લે છે. એના બદલે હળવો ખોરાક લેવો જોઈએ. આલ્કોહોલ ફ્રી મળતો હોવાથી વધારે ડ્રિન્ક ન કરવું, કેમ કે એમાં પણ કેલેરીઝ વધારે હોય છે.

### તળેલો ખોરાક ન લેવો

લગ્નમાં તળેલો ખોરાક વધુ પિરસવામાં આવે છે. એથી સ્ટાર્ટર જેટલું શક્ય હોય એટલો ઓછો લેવો, કેમ કે બધા સ્ટાર્ટર્સ તળેલાં હોય છે. બેક્ડ સ્ટાર્ટર્સ સારો વિકલ્પ છે. ગ્રિલ્ડ નૉનવેજ કે પછી ફીશ લઈ શકાય છે. ડિપ્સમાં પણ વધારે પડતી કેલેરીઝ હોય છે. એને બદલે તમે અલગ-અલગ પ્રકારના સલાડ લઈ શકો છો. સલાડમાં મૂળા, ગાજર, કાકડી લઈ શકાય છે.


### પાણી, શરબત અને લસ્સી

લગ્નની ઇવેન્ટમાં પાણી, શરબત અને લસ્સી જેવા પીણાં બનાવવામાં અતિશય બરફનો ઉપયોગ કરવામાં આવે છે. એથી એ પીણાં પણ સમજી-વિચારીને પીવા જોઈએ. બજારમાં મળતાં બરફમાં ખરાબ પાણીનો ઉપયોગ કરવામાં આવે છે, જે આપણને બીમાર કરી શકે છે.

### ડિઝર્ટસ

લગ્ન સમારોહમાં ભોજન બાદ મીઠી વાનીઓના ઘણાં પર્યાય હોય છે. કેટલાક લોકો તો થોડા-થોડા સમયમાં વિવિધ મીઠી વાનીઓને ચાખ્યા કરે છે. ચાસણી ડૂબાડેલા રસગુલ્લા હોય કે જલેબી કે પછી ગાજરનો હલવો હોય, રસમલાઈ હોય કે પછી આઇસક્રીમ હોય. લોકો એનાં પર તૂટી પડે છે. એથી ભરપેટ જમીને માંદા ન પડવું હોય તો થોડી પરેજી પાળવી પણ ખૂબ જરૂરી છે. ■

# તૃપ્ત અતૃપ્ત



પ્રકરણ ૧૮

■ એચ. એન. ગોલીબાર

'દરવાજો ખોલો માલિક!' ગોગિયાએ કહ્યું.

જીમીએ દરવાજાના હૅન્ડલ પર હાથ મૂક્યો અને હૅન્ડલ ફેરવીને એણે જેવો દરવાજો ખોલ્યો કે તુરત જ ધુમાડાના ગોટે-ગોટા એની તરફ ધસી આવ્યા. જીમીએ ધુમાડાના ગોટા વચ્ચેથી પણ એક પગ આગળ વધાર્યો, હજુ પણ એના હાથમાં દરવાજાનું હૅન્ડલ તો હતું જ. એ આગળ વધવાને બદલે ઊભો રહી ગયો, થોડીક વાર પછી ધુમાડાના ગોટા ગાયબ થઈ ગયા અને ડાબા હાથે આંખો મસળીને જીમીએ જોયું તો એની આંખો નવાઈથી ફાટી ગઈ, એના ગળા સુધી આવી ગયેલી ચીસ મોઢાની બહાર સુધી નીકળી શકી નહીં.

ધુમાડાના ગોટાઓ ઊડ્યા એ પહેલાં જીમીએ કમરાનો દરવાજો ખોલ્યો હતો અને કમરાના દરવાજાનું હૅન્ડલ એણે પકડ્યું હતું. પરંતુ ધુમાડાના ગોટા ગાયબ થયા ત્યારે એણે જોયું કે, એના હાથમાં કમરાના દરવાજાનું હૅન્ડલ હતું, અને એ કમરાની બહાર નીકળવાને બદલે ટૅક્સીમાં પ્રવેશી રહ્યો હતો. એ નવાઈના ભારથી અંદર પ્રવેશીને ટૅક્સીની સીટ પર બેસી ગયો અને પછી એણે ટૅક્સીના ડ્રાઈવરની સીટ તરફ જોયું તો એ ફાટેલી આંખે ત્યાં જોતો જ રહી ગયો.

ડ્રાઈવરની સીટ પર ગુલુ જીમી તરફ જોઈને મુસ્કુરાતો બેઠો હતો.....

'તું.... તું અહીં ક્યાંથી?' ટૅક્સીમાં - ડ્રાઈવરની સીટ પર બેઠેલા અને પોતાની તરફ જોઈને રહસ્યમય રીતે મુસ્કુરાઈ રહેલા ગુલુને જોઈને જીમીએ થોથવાતી જીભે પૂછ્યું. પરંતુ ગુલુએ કોઈ જવાબ આપ્યો નહીં, એટલે એણે ગુલુ પરથી નજર ખસેડીને નવાઈથી ભરેલી નજર ટૅક્સીમાં દોડાવી. એ જોવા માંગતો હતો કે શું એ ખરેખર ટૅક્સીમાં બેઠો હતો કે પછી એ ભયાનક 'અજનબીના બંગલા'ના એ કમરામાં! ખાતરી કરવા માટે એણે બારીના કાચ ચઢાવી-ઉતારી જોયા અને ખટાક્ સાથે દરવાજો ખોલી-બંધ કરીને જોયો. હા! ખરેખર એ ટૅક્સીમાં જ બેઠો હતો. એણે બારીની બહાર નજર કરી તો વળી પાછી એની નવાઈ બેવડાઈ. બહાર કાળું-ધબ અંધારું હતું. અત્યારે બહાર અંધારું હતું જેવું ટૅક્સી ખાઈમાં પડી તે વખતે હતું, પરંતુ એને બરાબર ખ્યાલ અને ખાતરી હતી કે જ્યારે એ ગોગિયા સાથે એ કમરામાં હતો ત્યારે એણે બારીની બહાર સવારનું પહેલું અજવાળું ફેલાતાં જોયું હતું, પરંતુ પાંચ મિનિટ પછી - અત્યારે જ્યારે એ ટૅક્સીમાં બેઠો હતો ત્યારે બહાર આગલી રાત જેટલું જ અંધારું છવાયેલું હતું.

'શું વિચારી રહ્યા છો સાહેબ?' વિચારોમાં ખોવાયેલા જીમીને ગુલુએ પૂછ્યું.

'આ કેવો ગોરખધંધો છે ગુલુ? તું ક્યાં જતો રહ્યો હતો?'

'ક્યાંય નહીં! હું તો આ ટૅક્સીમાં જ ક્યારનોય બેઠો છું. તમે જ ટૅક્સી રોકાવડાવીને થોડી વાર માટે બહાર ગયા હતા.'

'હું ગયો હતો?!' જીમીના માનવામાં આવ્યું નહીં.

'જી હા! જ્યારે તમે બહાર ગયા અને હું આ ટૅક્સીમાં જ બેઠો રહ્યો હતો.'

'તો શું તારી આ ટૅક્સી ખાઈમાં નહોતી ગબડી?'

'કેવી અપશુકનિયાળ વાત કરી રહ્યા છો તમે? મારા દુશ્મનોની ટૅક્સી પડે ખાઈમાં!' ગુલુએ કાન પર હાથ ધરતાં કહ્યું.

'તું ભૂલી રહ્યો છે ગુલુ! ટૅક્સી ખાઈમાં ગબડી એ પહેલાં તેં તો એમ પણ કહ્યું હતું કે, એક નવપરિણીત પતિ-પત્ની નેવું વરસથી આ ઘાટીના કિનારે મારી વાટ જોઈને ઊભાં છે, અને તારા કહ્યા મુજબ એ પતિ-પત્ની મળ્યાં હતાં અને મારી સામે આ ગાડીમાં બેઠાં હતાં.'

'નવપરિણીત પતિ-પત્ની બેઠાં હતાં...?'

'હા! એ બન્ને હાડકાંઓનાં પતિ-પત્ની હતાં, બન્ને હાડપિંજર હતાં.'

'હા... હાડ... પિંજર!' ગુલુ ગભરાહટને કારણે થોથવાતી જીભે બોલ્યો.

'હા... હા...! હાડપિંજર! તું જાણી-જોઈને મને બેવકૂફ બનાવી રહ્યો છે!' જીમીએ જરા કડક અવાજમાં કહ્યું.

'ના સાહેબ! હું તમને બેવકૂફ નથી બનાવી રહ્યો સાહેબ! હું તો હજુ સુધી સમજી નથી શક્યો કે મામલો શું છે?' ગુલુએ નવાઈભરેલા નિર્દોષ અવાજે કહ્યું.

'સારું, જવા દે. જે થયું એ થઈ ગયું.' જીમી જાણે મનમાં નિર્ણય લેતો હોય એ રીતે બોલ્યોઃ 'હું ભયાનક, ચિત્ર-વિચિત્ર પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છું, અને હવે મેં એ પરિસ્થિતિઓ સાથે ટક્કર લેવાનું પણ નક્કી કરી લીધું છે. હવે હું કોઈ ચીજ કે વાતથી નહીં ડરું. જેને જે મન ફાવે તે રીતે મને હેરાન કરે - પણ હું પરેશાન નહીં થાઉં. હવે મેં જ્યારે ખાંડણીમાં માથું મૂક્યું જ છે તો હવે મારે ઘાથી શું ડરવાનું? હું જાણું છું કે, કેટલીક અદૃશ્ય શક્તિઓ મારી પાછળ પડીને મને પરેશાન કરી રહી છે - મારી પરીક્ષામાંથી પાર ઊતરીશ.'

'સારું સાહેબ! હવે હું પણ આ બાબતમાં વધુ પંચાત કરવા નથી માગતો. હવે તમારી શું મરજી છે! આપણે ઊપડીશું?'

'હા... હા...! શું હું આખી રાત અહીં બેસી રહીશ? મારે સવારે જઈને મારી નોકરીમાં લાગી જવું છે. ચાલ હવે જલદી કર...!'

ગુલુએ ડોક ફેરવીને સ્ટીયરિંગ પર હાથ મૂક્યા અને ટૅક્સી ચાલુ કરી અને પછી રસ્તા પર દોડાવી મૂકી.

અને જીમી ફરી વિચારોમાં ખોવાઈ ગયો. એને થતું હતું કે, શું એ ઊંઘી તો નહોતો ગયો ને? કદાચ એણે, હાડપિંજર, અજનબીનો બંગલો, આરસપહાણની મૂર્તિ - કજલી, ગોગિયો અને પેલું બાળક સપનામાં, બધું જ સપનામાં તો એણે નહોતું જોયું ને? શું હકીકતમાં એ બધું સાચું હતું કે પછી સપનાનો એક ચમત્કાર?

કદાચ ગુલુની વાત પણ સાચી હોય કે, ખાઈમાં ટૅક્સી પડી જ ન હોય અને એ જ ટૅક્સીમાંથી બહાર નીકળ્યો હોય. જો એ નીચે ઊતર્યો હતો, પણ તો શા માટે ઊતર્યો હતો! શું કામ માટે એ ઊતર્યો હતો! વળી ગુલુ પાછો વિચિત્ર-વિચિત્ર વાતો પણ કરતો હતો. ટૅક્સી ખાઈમાં પડી એ પહેલાં ગુલુ એ ભયાનક-ડરામણી વાતો કહેતો રહ્યો હતો અને વળી એ કજલીને પણ જાણતો હોય એવી વાતો કરતો હતો તો પછી આ બધું શું હતું? શું ખોટું અને શું સાચું હતું?

'ગુલુ...' જીમીએ ગુલુને કહ્યુંઃ 'તું ભલે હવે સાચું બોલે કે ન બોલે, પરંતુ એ વાત તો સાચી જ છે કે તેં મને નેવું વરસ પહેલાંનાં નવપરિણીત પતિ-પત્નીની વાત કરી હતી, અને જ્યારે એ પતિ-પત્ની દેખાયાં ત્યારે તું ગાયબ થઈ ગયો હતો. એ કઈ રીતે બને ગુલુ? કઈ રીતે...?'

'આવું બન્યું હતું સાહેબ?' ગુલુએ સામેથી જીમીને સવાલ કર્યો.

ગુલુનો સામેથી સવાલ સાંભળીને જીમીએ વાળમાં આંગળીઓ નાખીને માથું ઝટક્યું. 'બન્યું હતું કે નહોતું બન્યું એ વાત જવા દે પણ તું મને એટલું કહે કે, હું સૂઈ તો નહોતો ગયોને?'

'જી ના! તમે ઊંઘ્યા જ નહોતા, તમે તો આખા રસ્તે મારી સાથે વાતો કરતાં આવ્યા છો અને આમ પણ હું પૅસેન્જર સાથે હંમેશાં આડીઅવળી વાતચીત કર્યા જ કરું છું.'

'કેમ?'

'જેથી પૅસેન્જર સૂઈ ન જાય. પૅસેન્જર સૂઈ જાય ત્યારે મને પણ બગાસાં આવવા લાગે છે અને તમે સમજતા હશો કે, ટૅક્સી ચલાવતી વખતે ડ્રાઈવરે ક્યારેય ન ઊંઘવું જોઈએ.

'હા! એ વાત તો બરાબર છે.' જીમીએ ગુલુની વાત સ્વીકારી. 'એનો મતલબ એ કે, આખાય રસ્તે હું ઊંઘ્યો નથી!'

'હા...!'

'બસ ત્યારે! હવે તું ટૅક્સી ચલાવ્યે રાખ અને કાશ્મીરી ગીત પણ લલકારતો રહે, જેથી કરીને હું ઊંઘી ન જાઉં.'

'ભલે!' ગુલુએ કહ્યુંઃ 'પરંતુ હવે એની જરૂર નથી. બે કલાકમાં - છ વાગ્યા સુધીમાં આપણે શ્રીનગર પહોંચી જઈશું.'

જીમીએ ગુલુની વાતનો કોઈ જવાબ ન આપ્યો. એણે સીટ પર પોતાની પીઠ મૂકી અને આરામથી બેઠો.

> **એ વાત તો સાચી જ છે કે તેં મને નેવું વરસ પહેલાંનાં નવપરિણીત પતિ-પત્નીની વાત કરી હતી અને જ્યારે એ પતિ-પત્ની દેખાયાં ત્યારે તું ગાયબ થઈ ગયો હતો!**

એને વિશ્વાસ થઈ ગયો હતો કે, હકીકતમાં એણે કોઈ ભયાનક સપનું જોયું હતું.

જીમીનું મગજ કંટાળી ગયું હતું, એટલે એણે આ વિશે વધુ શ્રીનગરમાં જઈને વિચારવાનું વિચારીને આંખ મીંચી દીધી.

બ્રેકની એક ચિચિયારી સાથે ટૅક્સી જ્યારે ટેલિવિઝન સ્ટુડિયો પર આવીને ઊભી રહી ત્યારે જ જીમીની આંખ ખૂલી. એણે ઘડિયાળમાં જોયું તો છ વાગ્યા હતા અને સડક પર હજુ પણ સન્નાટો હતો.

'અત્યારે આટલી સવારમાં ઑફિસ નહીં ખૂલી હોય ગુલુ!' જીમીએ આંખો મસળતાં કહ્યુંઃ 'તું મને ટૂરિસ્ટ કૅમ્પસમાં લઈ ચાલ. બનતાં સુધી એ આટલામાં જ છે.'

'જી હા! બિલકુલ નજીક જ છે.' કહેતાં ગુલુએ કારને ફેરવીને આગળથી ડાબી બાજુ વાળી દીધી.

ટૂરિસ્ટ કૅમ્પસમાં ગુલુએ ટૅક્સી લાવીને ઊભી રાખી. જીમી નીચે ઊતર્યો. ગુલુએ ટૅક્સીમાંથી ઝડપથી સામાન ઉતારી આપ્યો. જીમીએ ખિસ્સામાંથી પૈસા કાઢીને ગુલુના હાથમાં મૂક્યા. ગુલુએ પૈસા ગણવાની દરકાર કરી નહીં.

'સારું સાહેબ! ત્યારે જાઉં! તકલીફ માફ કરશો.' કહેતાં ગુલુ ડ્રાઈવરની સીટ પર બેઠો - દરવાજો બંધ કર્યો. ટૅક્સી ચાલુ કરી અને પછી એક છેલ્લી - રહસ્યમય મુસ્કુરાહટ જીમી પર ફેંકીને ગુલુએ ટૅક્સી દોડાવી મૂકી. જીમીએ જતી ટૅક્સીને જોઈ પાંચ જ સેકન્ડમાં જીમીની નજર સામેથી ટૅક્સી ગાયબ થઈ ગઈ. અધવચ્ચેથી જ જાણે ટૅક્સી અદૃશ્ય થઈ ગઈ હોય. જીમીએ બૅગ પાછી જમીન પર મૂકતાં આંખો ચોળી, એને લાગ્યું કે કદાચ ઉજાગરાને કારણે ટૅક્સી એને અદૃશ્ય થયેલી લાગી હશે. એવું વિચારતાં એણે એક બગાસું ખાધું અને પછી બૅગ-બિસ્તરો ઉઠાવીને ટૂરિસ્ટ કૅમ્પસની બિલ્ડિંગમાં પ્રવેશ્યો.

* * *

સવારે દશ વાગ્યે જીમી નોકરીએ જોડાઈ ગયો. ત્યાં એને યાદ આવ્યું કે, એના રહેવાની વ્યવસ્થા ટેલિવઝન તરફથી બનાવવામાં આવેલા ક્વાર્ટર્સમાં કરી દેવામાં આવી છે, જે અહીંથી ખૂબ જ નજીક હતા.

કામમાં પરોવાઈ ગયેલો જીમી રાતની ભયાનક વાતોને ભૂલી ગયો અને એના ચહેરા પરથી કોઈ પામી ન શકે કે, ગઈ કાલે એ કંઈ કેટલીય ભયાનક ઘટનાઓમાંથી પસાર થયો હશે.

નોકરીનો પહેલો દિવસ ઑફિસના સભ્યોની ઓળખાણ-પિછાણમાં અને પોતાના કામને સમજવામાં જ વીતી ગયો. ઑફિસમાં બધા જ ઑફિસરો જીમીની સભ્યતા, એના મીઠા સ્વભાવ અને સુંદર ચહેરાથી પ્રભાવિત થયા હતા.

સાંજે બધું કામ સમજીને જીમી ક્વાર્ટર પર પહોંચ્યો ત્યારે ચોકીદાર એની વાટ જોઈને જ બેઠેલો હતો. ચોકીદારે જીમીને એનું ક્વાર્ટર બતાવ્યું, જેમાં એક બેઠકરૂમ અને એક બેડરૂમ હતો. જીમી સહુથી પહેલાં નાહ્યો અને બેઠકરૂમમાં આવીને બેઠો ત્યાં જ ચોકીદાર જીમીને પૂછીને અંદર આવ્યો.

'સાહેબ!' કાશ્મીરી ચોકીદારે કાશ્મીરી અને હિન્દીની ભેળસેળ ભાષામાં બોલતાં કહ્યુંઃ 'સાહેબ! આપની પત્ની અહીંયા આવ્યાં હતાં. એ પૂછતાં હતાં કે સાહેબ ક્યાર સુધીમાં આવશે? મેં જ્યારે એમને કહ્યું કે, મેં તો હજી સુધી સાહેબની શક્લ પણ નથી જોઈ ત્યારે એ ખૂબ જ હસ્યાં અને પછી હસતાં-હસતાં બોલ્યાં કે, 'સાંજે જોઈ લેજો, હું પણ સાંજે જ પાછી આવીશ.'

જીમીને ચોકીદારની વાત સાંભળીને નવાઈ લાગી. પોતાની પત્ની રોઝી પોતાની ઘરડી માને મુંબઈ મૂકીને ક્યારેય અહીં આવે નહીં. અને જો એને આવવું જ હોત તો એની સાથે જ ન આવી ગઈ હોત!'

એણે ચોકીદારને પૂછ્યુંઃ 'તેં કઈ રીતે જાણ્યું કે મારી પત્ની જ છે?'

'સાહેબ! એ જ કહી રહ્યાં હતાં કે તેઓ સાહેબનાં પત્ની છે.' ચોકીદાર પોતાના દાંત જીમીને દેખાડતા હસ્યો.

'પણ... પણ મારી પત્ની તો મુંબઈમાં છે? એ અહીંયા આવે જ નહીં.'

'તો તો પછી સાહેબ, એ કોઈ બીજી સ્ત્રી હશે. નીચેથી અહીંયા ઉપર આવી હશે. અહીંયા આવી-તેવી સ્ત્રીઓ ઘણી આવે છે.' ચોકીદારે થોડુંક સંકોચાતાં કહ્યું.

'તેં કઈ રીતે જાણ્યું કે એ ખરાબ સ્ત્રી હતી?'

'વાત એમ છે સાહેબ...' ચોકીદાર શરમ અને સંકોચને કારણે થોથવાયો.

'હા... હા... બોલ શું વાત છે.'

'જી! એના શરીર ઉપર ખૂબ જ ઓછાં કપડાં હતાં.' ચોકીદારે કંઈક વધુ શરમાતાં કહ્યું.

જીમી વિચારમાં પડી ગયો. એને યાદ આવ્યું કે, કજલી આવાં જ કપડાં પહેરતી હતી.

આ વિચાર આવતાં જ એના હૃદયમાં ઝણઝણાટી થઈ. કજલી અને એ પણ અહીં? એ કઈ રીતે બની શકે?

ખાતરી કરવા માટે જીમીએ ચોકીદારને પૂછ્યુંઃ 'શું એની આંખો ભૂરી હતી?'

'હા સાહેબ... એની આંખો ભૂરી હતી.'

'કજલી...' જીમીની જીભેથી આ એક જ શબ્દ બહાર નીકળ્યો. એને આંખેથી એક સેકન્ડ માટે અંધારાં આવીને પસાર થઈ ગયાં. એ તો કજલીને ખતમ કરી ચૂક્યો હતો, પછી એ અહીંયા આવી કેવી રીતે? વળી હજુ ગઈ રાત્રે ટૅક્સીમાં પણ એણે ભયાનક ઘટનાઓ સપનામાં જોઈ હતી.

જીમીને લાગ્યું કે, આવું સપનું એને એટલા માટે આવ્યું હશે કે, એની પર કજલીનો ડર સવાર છે, પણ પછી જો સપનું ડરને કારણે હોય તો આજે અહીં કજલી કઈ રીતે આવી શકે? એનો જીમી પાસે જવાબ નહોતો, પણ હા! જીમીના મગજમાં એક બીજો વિચાર જરૂર આવ્યો. જેણે એના ડરને થોડોક દૂર કર્યો - બની શકે છે કે અહીં આવનાર એ સ્ત્રી કજલી ન પણ હોય...

(ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ


'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ખાડો | Mine |
| ખાતર | Pit |
| ખાણ | Assurance |
| ખાલ | Manure |
| ખાતરી | Skin |

### ઓળખાણ પડી?



સામાન્યપણે શરીરની કદની સરખામણીએ વધુ લાંબી ચાંચ ધરાવતા વિશિષ્ટ પંખીની ઓળખાણ પડી? સૌથી વધુ લાંબી ૧૨ ઈંચની હોઈ શકે છે.

અ) Pelican બ) Hummingbird ક) Strock ડ) Curlew

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'કહે છે કોઈ આ ધરતીનું સદન બદલો' પંક્તિમાં સદન શબ્દનો અર્થ જણાવો.

અ) સ્વરૂપ બ) જમીન ક) ચણતર ડ) ઘર

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ AERONAUTICSના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) વિસ્તાર બ) સબમરીન ક) વિમાન ડ) શરીર

### માતૃભાષાની મહેક

બોલવામાં અ સૌથી સહેલો અક્ષર છે અને તેટલા માટે બીજી જાણીતી ભાષામાં પણ તેને મળતો અક્ષર પહેલો મૂકવામાં આવે છે. અક્ષરોમાં એ સર્વથી શ્રેષ્ઠ મનાય છે. ઉપનિષદોમાં એનો ઘણો મહિમા વર્ણવ્યો છે અને ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે કે અક્ષરોમાં હું અ છું. આ અક્ષરની વિશિષ્ટતા એવી છે કે કોઈ પણ ગુજરાતી શબ્દને છેડે તે આવતો નથી.

### ઈર્શાદ

ઈચ્છાઓ મને કેટલી ઈચ્છા વગર મળી,
કોણે કહ્યું અમીન માગ્યા વગર ન મળે.

-- અમીન આઝાદ

### માઈન્ડ ગેમ

થોમસ આલ્વા એડિસને જગતને બલ્બની ભેટ આપી. આ બલ્બમાં કયા વાયુનો ઉપયોગ કરવામાં આવે છે એ વિકલ્પમાંથી શોધી કાઢો.

અ) ઓક્સિજન બ) આર્ગોન
ક) નાઈટ્રોજન ડ) રેડોન

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ૨ લ | ૩ ક | ૪ મ | લ | ૫ ક | ■ | ૬ આ | ૭ સ | ૮ ન |
| ૯ પ | મ | રા | ટ | ■ | ૧૦ મા | દ | ર | પા | ટ |
| ૧૧ રા | ણા | ■ | ૧૨ ન | ૧૩ ક | લ | ■ | ■ | ૧૪ દ | ખ |
| ૧૫ જિ | તો | ■ | ■ | લા | ■ | ૧૬ આ | ૧૭ વ | ■ | ટ |
| ૧૮ ત | ડ | ૧૯ ફ | ૨૦ ડ | ■ | ■ | ૨૧ ભ | ર | ૨૨ મ | ■ |
| ■ | ■ | ૨૩ ડ | ર | ૨૪ પો | ૨૫ ક | ■ | ■ | ૨૬ લ | ૨૭ ત |
| ૨૮ અ | ૨૯ વા | ક | ■ | ૩૦ ત | ડ | ૩૧ કી | છાં | ય | ડી |
| ૩૨ વ | ર | ■ | ૩૩ બા | પો | કા | ર | ■ | ■ | પા |
| ૩૪ સા | ક | ર | ■ | તા | ■ | ■ | ૩૫ આ | ૩૬ ભા | ર |
| ૩૭ દ | રી | ■ | ૩૮ અ | ના | મ | ત | ■ | ડું | ■ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | | ૩ | ૪ | | ૫ | ૬ |
| | | | ૭ | ૮ | | | | ૯ | |
| ૧૦ | ૧૧ | | | | | ૧૨ | ૧૩ | | |
| | | | ૧૪ | | ૧૫ | | | | ૧૬ |
| ૧૭ | | ૧૮ | | ૧૯ | | ૨૦ | | ૨૧ | |
| | | ૨૨ | | | ૨૩ | | | ૨૪ | |
| ૨૫ | | | | ૨૬ | | | ૨૭ | | |
| | | | ૨૮ | | | | | | |
| ૨૯ | ૩૦ | | | | | | ૩૧ | ૩૨ | |
| | | | ૩૩ | | | | | ૩૪ | |

**આડી ચાવી**

૧. પ્રકાશ ફેલાવનાર (૪)
૩. શિક્ષણનું શાસ્ત્ર જાણનાર (૫)
૭. માછલી (૨)
૯. સાર, તત્ત્વ (૨)
૧૦. છ નો સમૂહ (૩)
૧૨. કામઠું, ધનુષ્ય (૩)
૧૪. પડછાયા નઠારી છાયા (૩)
૧૭. હૃદયમાં રહેલું (૩)
૧૯. માગણી (૩)
૨૧. ઘરની બાજુની દીવાલ (૨)
૨૨. --- ગુર્જરી એટલે ગુજરાતી ભાષા (૨)
૨૩. ઓછું (૨)
૨૪. --- કમાઈ એટલે બાપદાદાની કમાઈ (૨)
૨૫. ખોટું (૩)
૨૭. હીરાના --- ને સાચવીને મૂકો (૩)
૨૮. સ્વપ્નનું સેવન કરવું તે (૫)
૨૯. તણખો, અંગારો (૩)
૩૧. --- ઊંચી કરવી એટલે સામા થવું (૨)
૩૩. જેનાં આઠેય અંગ વાંકાં છે તે (૪)
૩૪. મૂઢમાર પર ગરમ પાણીનો--- કરો (૨)

**ઊભી ચાવી**

૧. ભવિષ્ય ભાખવાની વિદ્યા (૩)
૨. લક્ષ્મી, સ્ત્રી (૨)
૪. ક્ષણભંગુર (૩)
૫. રાજ્ય વહીવટ (૩)
૬. સ્ત્રીપણું (૨)
૮. આશ્રય (૪)
૧૧. -- જોવું એટલે મીટ માંડીને (જોવું) (૩)
૧૩. પંખીઓનું ઘર (૨)
૧૫. માગણ (૩)
૧૬. બીજા પર ઉપકાર કરનાર (૫)
૧૭. ઉદ્યોગનો માલિક (૫)
૧૮. સ્થિર (૨)
૨૦. સંજ્ઞા (૨)
૨૧. ભંગારનો વેપારી (૩)
૨૬. સ્વપ્ન જોનાર (૪)
૨૭. સ્ત્રીઓનું કાનનું એક ઘરેણું (૩)
૩૦. વિશિષ્ટ (૨)
૩૨. ક્યાંય (૨)

### સુડોકુ-૭૦૫૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | ૫ | | | | ૬ | |
| ૩ | | | | | ૨ | ૧ | | ૫ |
| ૫ | | ૧ | | | | ૨ | ૯ | ૪ |
| ૭ | | | | | | ૮ | | |
| | ૮ | | ૩ | | ૪ | | ૫ | |
| | | ૨ | | | | | | ૬ |
| ૪ | ૧ | ૫ | | | | ૬ | | ૯ |
| ૮ | | ૭ | ૯ | | | | | ૧ |
| | ૯ | | | | ૮ | | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૫૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | ૪ | ૨ | ૫ | ૩ | ૭ | ૮ | ૧ |
| ૩ | ૭ | ૨ | ૪ | ૧ | ૮ | ૯ | ૬ | ૫ |
| ૫ | ૮ | ૧ | ૯ | ૭ | ૬ | ૨ | ૪ | ૩ |
| ૧ | ૨ | ૭ | ૩ | ૮ | ૯ | ૬ | ૫ | ૪ |
| ૮ | ૯ | ૫ | ૭ | ૬ | ૪ | ૧ | ૩ | ૨ |
| ૪ | ૩ | ૬ | ૧ | ૨ | ૫ | ૮ | ૯ | ૭ |
| ૭ | ૪ | ૩ | ૮ | ૯ | ૨ | ૫ | ૧ | ૬ |
| ૨ | ૫ | ૮ | ૬ | ૪ | ૧ | ૩ | ૭ | ૯ |
| ૬ | ૧ | ૯ | ૫ | ૩ | ૭ | ૪ | ૨ | ૮ |

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| કલાઈ | Sn |
| ચાંદી | Ag |
| તાંબુ | Cu |
| સોનુ | Au |
| લોખંડ | Fe |

ઓળખાણ પડી? ટ્યુલિપ

ગુજરાત મોરી મોરી રે હવામાન

ચતુર આપો જવાબ અર્થ જણાવો ઝેરી નાગ

માઈન્ડ ગેમ નાઈટ્રસ ઓક્સાઈડ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) સુરેખા દેસાઈ (૩) ડૉ. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતિ ભારતી કટકિયા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) નીતા દેસાઈ (૮) સુભાષ મોમાયા (૯) ભારતી બુચ (૧૦) ધીરેન્દ્ર ઉદેશી (૧૧) ગીતા ઉદેશી (૧૨) પ્રતિમા પમાણી (૧૩) વિભા મહેશ્વરી (૧૪) ખુશરૂ કાપડિયા (૧૫) હર્ષા મહેતા (૧૬) પુષ્પા પટેલ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) મીનળ કાપડિયા (૧૯) નુતન વિપીન (૨૦) મહેન્દ્ર લોઢાવિયા (૨૧) મહેશ સંઘવી (૨૨) ભાવના કર્વે (૨૩) મહેશ દોશી (૨૪) જ્યોતિ ખાંડવાલા (૨૫) કલ્પના આશર (૨૬) વિણા સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) જગદીશ ઠક્કર (૨૯) અંજુ ટોલિયા (૩૦) શિલ્પા શ્રોફ (૩૧) મનીષા શેઠ (૩૨) ફાલ્ગુની શેઠ (૩૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૪) દિલીપ પરીખ (૩૫) નીતિન બજરિયા (૩૬) અરવિંદ કામદાર (૩૭) અશોક સંઘવી (૩૮) પુષ્પા ખોના (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશ દલાલ (૪૩) ઈનાક્ષી દલાલ (૪૪) હિના દલાલ (૪૫) શિલ્પા શ્રોફ (૪૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૭) પ્રવીણ વોરા (૪૮) દિલીપ પરીખ (૪૯) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૫૦) જયવંત પદમશી ચિખલ (૫૧) શિલ્પા શેઠ (૫૨) ગિરીશ શેઠ (૫૩) હિંમતલાલ પી. ખોલીયા (૫૪) કમલેશ મૈઠિઆ (૫૫) કિશોર બી. સંઘરાજકા

feedback@bombaysamachar.com
વિશેષ
દિક્ષિતા મકવાણા

# ચિકનગુનિયાથી સાવધાન...!




શું તમે ક્યારેય અનુભવ્યું છે કે અચાનક ત્રીવ તાવ, સાંધામાં અસહ્ય દુખાવો અને શરીરમાં નબળાઈએ તમારા રોજિંદા જીવનને અસર કરી છે? જો હા, તો તમારે ચિકનગુનિયા વિશે જાગૃત રહેવાની જરૂર છે. આ એક એવો રોગ છે જે મચ્છર કરડવાથી થાય છે અને ઝડપથી ફેલાય છે. નેશનલ સેન્ટર ફોર વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ (એનસીવીબીડીસી) ના અહેવાલ મુજબ, ૨૦૨૩ માં ભારતમાં ચિકનગુનિયાના પુષ્ટિ થયેલા કેસોની કુલ સંખ્યા ૧૧૪૭૭ હતી, જ્યારે ૨૦૨૪ માં અત્યાર સુધીમાં આ સંખ્યા ૧૨,૫૮૭ થઇ છે. ચિકનગુનિયાથી બચવા માટે તેના વિશે વિગતવાર જાણવું જરૂરી છે. અહીં આપણે ચિકનગુનિયાના લક્ષણો, કારણો, નિદાન, સારવાર અને નિવારણના પગલાં વિશે વિગતવાર જાણીશું.

મચ્છરો દ્વારા ફેલાતો આ રોગ આફ્રિકા અને એશિયાના દેશોમાં વ્યાપકપણે જોવા મળે છે. જો કે યુરોપ અને અમેરિકાના ભાગોમાં પણ મચ્છરોથી થતા આ રોગના કેટલાક કિસ્સાઓ જોવા મળ્યા છે. ચિકનગુનિયા શબ્દ કિમાકોન્ડે ભાષામાંથી આવ્યો છે, જે દક્ષિણ-પૂર્વ તાંઝાનિયા અને ઉત્તર મોઝામ્બિકમાં બોલાય છે. આ વાયરલ રોગ સૌપ્રથમ પૂર્વ આફ્રિકામાં ૧૯૫૨માં જોવા મળ્યો હતો.

## ચિકનગુનિયા શું છે?

આ એક વાઈરસ છે જે સંક્રમિત માદા મચ્છરો (એડીસ એજીપ્ટી અને એડીસ આલ્બોપીકટસ) ના કરડવાથી થાય છે. ચિકનગુનિયા એ આલ્ફાવાઈરસ જૂથના ચિકનગુનિયા વાઈરસના ચેપને કારણે થતો વાયરલ રોગ છે. આ મચ્છરો દિવસના સમયે કરડે છે અને ગંદા પાણીમાં પ્રજનન કરે છે. ચિકનગુનિયા ચેપગ્રસ્ત મચ્છરોના કરડવાથી મનુષ્યોમાં ફેલાય છે.

ચિકનગુનિયા સામાન્ય રીતે મચ્છર કરડ્યા પછી ૩-૭ દિવસની વચ્ચે શરૂ થાય છે. ચિકનગુનિયાનો ફેલાવો સામાન્ય રીતે ઘરની બહાર અને દિવસના સમયે થાય છે. ખાસ કરીને મચ્છર વહેલી સવારે અથવા મોડી બપોરે અંધારૂ થતાં પહેલાં સૌથી વધુ સક્રિય હોય છે, તેથી આ સમય દરમિયાન ચિકનગુનિયા ખૂબ જ ઝડપથી ફેલાય છે. આ વાઈરલ ઈન્ફેક્શનને કારણે ખૂબ જ તાવ આવે છે



અને સાંધા કે સ્નાયુઓમાં દુખાવો થાય છે. જો કે તે જાતે જ મટી જાય છે, પરંતુ કેટલાક કિસ્સાઓમાં તે જીવલેણ પણ હોઈ શકે છે. આ સિવાય માથાનો દુખાવો, ચક્કર, થાક અને ચકામા જેવી સમસ્યાઓ પણ તેના અન્ય લક્ષણો હોઈ શકે છે. આ રોગની કોઈ દવા, રસી કે ઈલાજ નથી, પરંતુ લક્ષણોના આધારે તેની સારવાર કરવામાં આવે છે.

## એ કેટલો સમય રહે છે?

ચિકનગુનિયામાં તાવ સામાન્ય રીતે ૨ થી ૩ દિવસ સુધી રહે છે. આ પછી તાવ ઉતરી જાય છે, પરંતુ ચિકનગુનિયા વાઈરસ ચેપગ્રસ્ત વ્યક્તિમાં લગભગ એક અઠવાડિયા સુધી રહે છે. આનો અર્થ એ છે કે તાવ મટાડ્યા પછી પણ વાઈરસ થોડા દિવસો સુધી તમારા શરીરમાં સક્રિય રહે છે. આવી સ્થિતિમાં જો તમને કોઈ મચ્છર કરડે તો તેને ચેપ લાગે છે અને તે જેને કરડે છે તેને ચિકનગુનિયાનો ચેપ ફેલાઈ જાય છે.

## નિદાન

ચિકનગુનિયા વાઈરસનું નિદાન સામાન્ય રીતે લક્ષણોની ઓળખ અને વિશેષ પરીક્ષણો દ્વારા કરવામાં આવે છે. નિદાનની પ્રક્રિયામાં નીચેના પગલાં સામેલ છે.

**લક્ષણોની તપાસ કરવી:** ચિકનગુનિયાનાં સામાન્ય લક્ષણોમાં તાવ, સાંધામાં તીવ્ર દુખાવો, માથાનો દુખાવો, સ્નાયુઓમાં દુખાવો, ચામડી પર ફોલ્લીઓ અને થાકનો સમાવેશ થાય છે. ડોકટરો લક્ષણોના આધારે પ્રારંભિક નિદાન કરે છે.

**તબીબી ઇતિહાસ:** ડોક્ટર દર્દીને તાજેતરના પ્રવાસના ઇતિહાસ વિશે પૂછી શકે છે, ખાસ કરીને એવા વિસ્તારોમાં જ્યાં ચિકનગુનિયા પ્રચલિત છે.

**રક્ત પરીક્ષણ:** ચિકનગુનિયા વાઈરસની પુષ્ટિ કરવા માટે રક્ત પરીક્ષણ કરવામાં આવે છે. મુખ્યત્વે બે પ્રકારના રક્ત પરીક્ષણો કરવામાં આવે છે:

**RT-PCR ટેસ્ટ:** આ ટેસ્ટ વાઈરસની હાજરીની પુષ્ટિ કરે છે.

**સેરોલોજિકલ પરીક્ષણો (IgM અને IgG એન્ટિબોડી પરીક્ષણો):** આ વાઈરસ સામે શરીરમાં બનેલા એન્ટિબોડીઝને શોધી કાઢે છે. ઈલખ એન્ટિબોડીઝ ચેપની શરૂઆતમાં રચાય છે, જ્યારે ઈલત્ર્ક એન્ટિબોડીઝ પાછળથી બને છે અને લાંબા સમય સુધી ચાલે છે.

કેટલીકવાર ડેન્ગ્યૂ અથવા ઝિકા જેવા અન્ય વાઈરલ તાવ સાથેના લક્ષણોની સમાનતા જોતાં, સાચા રોગને ઓળખવામાં મદદ કરવા માટે અન્ય પરીક્ષણો કરવામાં આવી શકે છે.

**ડૉક્ટરની સલાહ:** લક્ષણો અને પરીક્ષણ પરિણામોના આધારે ડૉક્ટર નિદાનની પુષ્ટિ કરે છે અને યોગ્ય સારવાર કરે છે. ચિકનગુનિયા વાઈરસનું વહેલું અને યોગ્ય રીતે નિદાન રોગના અસરકારક સારવારમાં મદદ કરે છે.

## સારવાર શું છે?

આ વાઈરલ ચેપ હોવાને કારણે, ચિકનગુનિયા માટે કોઈ ચોક્કસ દવા અથવા રસી ઉપલબ્ધ નથી. મોટા ભાગના કિસ્સાઓમાં દર્દી એક અઠવાડિયામાં સ્વસ્થ થઈ જાય છે. પરંતુ સાંધાના દુખાવાની સમસ્યા લાંબા સમય સુધી અથવા તો મહિનાઓ સુધી રહી શકે છે. ચિકનગુનિયાની પ્રારંભિક સારવાર માટે તાવ, સોજો અને સાંધા અથવા સ્નાયુઓમાં દુખાવો ઘટાડવા માટેની દવાઓની ભલામણ કરવામાં આવી શકે છે. ઉપરાંત દર્દીને શક્ય તેટલું વધુ પ્રવાહી પીવા અને આરામ કરવાની સલાહ આપવામાં આવે છે.

## સારવાર માટે શું કરવું?

ચિકનગુનિયા માટે કોઈ ચોક્કસ દવા કે એન્ટિવાયરલ સારવાર નથી, પરંતુ તેના લક્ષણોને નિયંત્રિત કરવા માટે નીચેના પગલાં લઈ શકાય છે.

**દુખાવાથી રાહત આપતી દવાઓ:** પેરાસીટામોલ જેવી દવાઓ તાવ અને સાંધાના દુખાવાને ઘટાડવામાં મદદ કરી શકે છે. જો કે એસ્પિરિન અને નોન-સ્ટીરોઈડલ એન્ટી-ઈન્ફ્લેમેટરી દવાઓ (NSAIDs)નો ઉપયોગ ટાળવો જોઈએ, કારણ કે તે રક્તસ્રાવનું જોખમ વધારી શકે છે.

**પોષણયુકત આહાર:** સંતુલિત આહાર લો, જેમાં વિટામિન સી સમૃદ્ધ ફળો અને શાકભાજીનો સમાવેશ થાય છે, જે રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. તાજા ફળો, શાકભાજી અને પ્રોટીનયુક્ત ખોરાક જેમ કે કઠોળ અને બદામ ખાઓ.

**આરામ:** શરીરને સંપૂર્ણ આરામ આપવો ખૂબ જ મહત્વપૂર્ણ છે, જેથી તે વાયરસ સામે લડી શકે અને ઝડપથી સ્વસ્થ થઈ શકે.



**પાણીનું સેવન:** હાઇડ્રેટેડ રહેવું ખૂબ જ જરૂરી છે. વ્યક્તિએ પુષ્કળ પાણી, નાળિયેર પાણી અને અન્ય પ્રવાહી પીવું જોઈએ જેથી શરીરમાં કોઈ નિર્જલીકરણ ન થાય.

ચેપગ્રસ્ત વિસ્તારમાં જવાનું ટાળો. મચ્છર કરડવાથી બચવા માટે, મચ્છરદાનીનો ઉપયોગ કરો અને સંપૂર્ણ બાંયના કપડાં પહેરો. ઘરની આસપાસ પાણી ભેગુ થવા ન દો અને જંતુનાશક દવાનો ઉપયોગ કરો.

## ઘરેલું ઉપચાર

કેટલાક ઘરેલું ઉપચાર ચિકનગુનિયાનાં લક્ષણોને ઘટાડવામાં પણ મદદરૂપ થઈ શકે છે.

**તુલસીના પાન:** તુલસીના પાનનું સેવન કરવાથી રોગપ્રતિકારક શક્તિ મજબૂત બને છે અને શરીરને ચેપ સામે લડવામાં મદદ મળે છે.

**ગળોનું જ્યૂસ:** ગળોનું જ્યૂસ પીવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે અને તાવ ઓછો કરવામાં મદદ મળે છે. આયુર્વેદમાં ગળોને અમૃત સમાન ગણવામાં આવે છે.

**હળદરનું સેવન:** હળદરમાં બળતરા વિરોધી ગુણ હોય છે, જે સાંધાના દુખાવાને ઘટાડી શકે છે. તેને દૂધમાં ભેળવીને પીવાથી ફાયદો થાય છે.

**લીમડાના પાન:** લીમડાના પાનની પેસ્ટ લગાવવાથી ત્વચા પર થતા ફોલ્લીઓ ઘટાડી શકાય છે અને ચેપથી બચી શકાય છે.

**લસણનું સેવન:** લસણના સેવનથી શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે અને શરીરમાંથી ઝેરી તત્ત્વો બહાર નીકળી જાય છે.

**આદું:** આદું સોજો અને દુખાવો ઓછો કરવામાં પણ મદદ કરે છે. આદુંની ચા બનાવીને અથવા કાચું આદુ ચાવીને તેનું સેવન કરી શકાય છે.

**મેથીના દાણા:** મેથીના દાણા દુખાવા અને સોજાને ઓછો કરવામાં મદદરૂપ છે. તમે તેને આખી રાત પાણીમાં પલાળી શકો છો અને સવારે ખાઈ શકો છો અથવા તેની પેસ્ટ બનાવીને દુખાવાની જગ્યા પર લગાવી શકો છો.

**પપૈયાના ઝાડના પાંદડાં:** પપૈયાના ઝાડના પાનનો રસ પ્લેટલેટ કાઉન્ટ વધારવામાં મદદ કરે છે. તેને બનાવવા માટે પાંદડાને પીસીને તેનો રસ કાઢીને પીવો.

આ ઉપરાંત વિટામિન-સી, નારંગી, લીંબુ અને આમળા જેવા વિટામિન સીથી ભરપૂર ફળો ખાવાથી રોગપ્રતિકારક શક્તિ મજબૂત થાય છે. સાંધાનો દુખાવો અને સોજો ઘટાડવા માટે સાધાંમાં ગરમ ફોમેન્ટેશન કરવું.

આ ઘરગથ્થુ ઉપચારોનો ઉપયોગ કરતી વખતે, ધ્યાનમાં રાખો કે જો લક્ષણો ગંભીર બની રહ્યાં છે અથવા તેમાં કોઈ સુધારો થતો નથી, તો તરત જ તમારા નજીકના ડૉક્ટરનો સંપર્ક કરો. ચિકનગુનિયાના સાચા નિદાન અને સારવાર માટે તબીબી સલાહ લેવી જોઈએ.

## આ બીમારી દરમિયાન શું ન કરવું?

**એસ્પિરિન અને NSAIDs દવા ટાળો:** આ દવાઓ લેવાથી રક્તસ્રાવનું જોખમ વધી શકે છે, ખાસ કરીને જ્યારે પ્લેટલેટ્સ ઘટે છે.

**અતિશય શારીરિક શ્રમ:** શરીરને આરામ આપવો જરૂરી છે, તેથી ભારે કામ કરવાનું ટાળો.

**અતિશય કેફીન અને આલ્કોહોલ:** આ શરીરને નિર્જલીકૃત કરી શકે છે અને લક્ષણોમાં વધારો કરી શકે છે.

## આફ્ટર કેર

ચિકનગુનિયામાંથી સાજા થયા પછી પણ, નબળાઇ અને સાંધાનો દુખાવો થોડા અઠવાડિયા તેમજ મહિનાઓ સુધી ચાલુ રહી શકે છે. આથી નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જોઈએ:

**સંતુલિત આહાર:** પોષક તત્ત્વોથી ભરપૂર આહાર લો, જે શરીરને ઝડપી પુનઃપ્રાપ્તિમાં મદદ કરશે.

**હળવી શારીરિક પ્રવૃત્તિ:** ધીમે ધીમે હળવી કસરતો અને યોગ કરો, જેથી શરીરના સ્નાયુઓ અને સાંધાઓની ગતિશીલતા સુધારી શકાય.

**પૂરતો આરામ:** શરીરને પૂરતો આરામ આપો અને જરૂરિયાત મુજબ ઊંઘ લો.

**સ્વાસ્થ્યપ્રદ આદતો:** અન્ય ચેપથી બચવા માટે નિયમિતપણે હાથ ધોવા અને સ્વચ્છતાનું ધ્યાન રાખો. ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# ચિત્તની ચંચળતા અનિદ્રાનું એક કારણ

હવે આપણે જોઇએ કે બસ્તિક્રિયાથી શું થાય છે.

બસ્તિક્રિયા એક ઉત્તમ શોધનકર્મ છે. તેના અભ્યાસથી મલાશય અને મોટા આંતરડાની સફાઇ થાય છે. પરિણામે તેમની ક્ષમતા વધે છે. વાયુજન્ય રોગોના નિવારણ માટે બસ્તિક્રિયા ઉત્તમ ઉપાય છે.

કબજિયાત અને અપાનવાયુની ક્રૂરતા બસ્તિના અભ્યાસથી દૂર થાય છે.

પેટની દીવાલ અને પેટના સ્નાયુઓ કાર્યક્ષમ અને સ્વસ્થ બંને છે.

કબજિયાત અને વાયુને કારણે શિરદર્દ રહેતું હોય તો બસ્તિક્રિયા દ્વારા તરત રાહત મળે છે.

આયુર્વેદના મત પ્રમાણે અનેક માનસિક બીમારીઓનું કારણ વાયુનો પ્રકોપ હોય છે. બસ્તિક્રિયા દ્વારા વાયુનો પ્રકોષ શાંત થાય છે. આ રીતે અનેક મનોરોગની ચિકિત્સા તરીકે બસ્તિક્રિયાનો ઉપયોગ થઇ શકે તેમ છે.

હવે આપણે જોઇએ કે અનિદ્રાની બીમારીમાંથી મુક્ત થવામાં બસ્તિકર્મ કઇ રીતે સહાયક બને છે.

આપણે જોયું છે તે પ્રમાણે અનિદ્રાની બીમારીનું એક કારણ વાયુનો પ્રકોપ છે. વાયુનો પ્રકોપ ચિત્તને ચંચળ બનાવે છે. ચિત્તની ચંચળતા અનિદ્રાનું એક કારણ છે. હવે જો કોઇક ઉપાય દ્વારા વાયુના પ્રકોપને શાંત્ત કરવામાં આવે તો ચિત્તની ચંચળતા હળવી બને છે અને આમ થાય તો અનિદ્રામાંથી મુક્ત થવાય છે. આયુર્વેદ દુંદુભિ વગાડીને કહે છે કે વાયુના પ્રકોપમાંથી મુકત થવા માટે બસ્તિક્રિયા જેવો કોઇ ઉપાય નથી.

આમ બસ્તિક્રિયાના અનુશીલનથી વાયુનો પ્રકોપ શાંત થાય છે. વાયુના પ્રકોપના શમનથી ચિત્તની ચંચળતા હળવી થાય છે. ચિત્તની ચંચળતાનું શમન થવાથી અનિદ્રાની બીમારીમાંથભી મુક્ત થવાય છે.

આ સર્વનો સારાંશ એ છે કે બસ્તિક્રિયાના ઉચિત પ્રયોગ દ્વારા અનિદ્રામાંથી મુક્ત થવામાં ઘણી મૂલ્યવાન મળે છે.

**(૬) યોગાસનોનો અભ્યાસ:**

અનિદ્રાની બીમારીમાંથી મુક્ત થવા માટે ઉપરોક્ત સાધનોની સાથે થોડાં હળવાં યોગાસનોનો અભ્યાસ પણ સહાયભૂત બની શકે તેમ છે. કોઇ અધિકારી વ્યક્તિ પાસેથી શીખીને નીચેનાં યોગાસનોનો અભ્યાસ કરી શકાય:

(૧) વિપરીતકરણી અથવા સર્વાંગાસન
(૨) ભુજંગાસન
(૩) અર્ધશલભાસન
(૪) વક્રાસન અથવા અર્ધમત્સ્યેન્દ્રાસન
(૫) યોગમુદ્રા


અનિદ્રાની બીમારી હોય તેમણે બહુ કઠિન યોગાસનોનો અભ્યાસ ન કરવો.

(૭) આંતરનિરીક્ષણ અને સમજ:

વ્યક્તિ પોતાની જાતને તપાસે, પોતાની જાતને સમજે- આ પ્રક્રિયા સ્વસ્થ જીવન માટે બહુ ઉપયોગી છે. આપણાં જીવનમાં અનેક સમસ્યાઓ સમજના અભાવમાં ઉપસ્થિત થાય છે. આંતરનિરીક્ષણની પ્રક્રિયા સતત ચાલતી રહેવી જોઇએ. આપણી અંદર શું ચાલી રહ્યું છે તેની આપણને જાણ હોવી જોઇએ. આપણાં જીવનની સમસ્યાઓનું સ્વરૂપ શું છે અને તેનાં મૂળભૂત કારણો ક્યાં છે, તે આપણે જાતતપાસ દ્વારા શોધી કાઢવું જોઇએ.


આપણે આપણી જાતને સમજીએ તે માટે આપણે કોઇ જાણકાર વ્યક્તિઓનું માર્ગદર્શન પણ મેળવી શકીએ છીએ.

પોતાની જાતને તપાસીને આપણે પોતાની જાતને સમજી શકીએ તો અનેક સમસ્યાઓના અને અનિદ્રાના સ્વરૂપને પણ સમજી શકીએ છીએ. જો આમ બને તો અનિદ્રામાંથી મુક્ત થવાનો ઉપાય સહજ રીતે જ હાથવગો બની શકે છે.



કોઇ પણ સમસ્યાના સ્વરૂપને સમજી લેવામાં આવે તો તે સમસ્યાના કારણને સમજી શકાય છે અને કારણ સમજી શકાય તો તેના નિવારણનો ઉપાય પણ સરળતાથી હાથવગો બને છે.

અનિદ્રા મનઃશારીરિક ઘટના હોવા છતાં તેનાં મૂળ મહદંશે મનમાં હોય છે. આંતરનિરીક્ષણ અને સમજ મનની સમસ્યાઓમાંથી મુક્તિનો મૂલ્યવાન ઉપાય છે. તેથી જો વ્યક્તિ પોતે જ પોતાની જાતના આંતરનિરીક્ષણ દ્વારા પોતાની આ સમસ્યાના સ્વરૂપની સમજ મેળવે તો સમસ્યાના નિરાકરણનો ઉપાય દૂર નહીં રહે. (ક્રમશઃ)■



feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# દારૂમાં નશો હોત, તો બોટલ ના ડોલતી હોત?

કહેવું પડે આ તો મારું બેટું જબરું, ચંબુલાલ..અમે જિંદગીભર પ્રાણાયામો, આસનો, કસરતો, સ્વિમિંગ, વોકિંગ આ બધુ કરી કરીને થાકી ગયા, તૂટી ગયા ને છતાં ઇકોતેરે પહોંચતા તો ગળી ગયેલા કેળાં જેવા થઈ ગયા ને મોઢા ઉપર તો નારિયેળના છોતરાં જેવી કરચલીઓ પડી ગઈ ને તમે કઇ કમાણી પર આ ક્રિકેટની સિઝનમાં જિંદગીના મેદાન પર દેવ આનંદ જેવા કાયમી લીલા એટલે કે એવરગ્રીન રહી ૯૪ રને નોટઆઉટ છો? તો શું છે આ તંદુરસ્તીનું રહસ્ય ?' શું હોય બકા? શરીરમાં ગુટકા, તમાકુ, સિગારેટ માટે મો પર 'નો એન્ટ્રી'નું પાટિયું મારી દીધું છે ને દારૂને તો ક્યારે હાથ પણ લગાડ્યો નથી.' અરે, વાહ હાથ લગાડ્યા વગર ગ્લાસ ડાઇરેક્ટ મોઢે..?! '

તું નસ ન ખેંચ, ડોબા મેં ક્યારેય પીધો જ નથી. જો બકા, આઉટ થવાના છીએ એની ખાતરી હોવા છતાં નોટઆઉટ રહેવા પ્રયત્ન તો કરવા જ પડે ને? છતાં મારી પણ ઘણી મહેનત પાણીમાં ગઈ' કઇ?' આ જુવાનીને જાળવવાની ને વૃધ્ધત્વ ને ટાળવાની.. બાકી તો મેચ ભલે પાંચ દિવસની હોય પણ આપણો દાવ પૂરો થાય એટલે મેદાન છોડી દેવું પડે અને..' ત્યાં તો અચાનક ફળિયામાં ટુટિયું વાળીને સૂતેલા કૂતરાના કાન પણ બે ઘડી ઊંચા થઈ જાય ને સ્મશાનમાં સૂતેલા મડદા પણ બેઠા થઈ જાય એવો પ્રચંડ ધડાકો મારા કાને અથડાયો આ ધડાકો .. '

'મારા બાપુજી, રોજ પી ને રસોડાની બારીમાંથી એન્ટ્રી મારે છે. મારા ડોહા ૧૨૫ રને હજી નોટઆઉટ છે. આવા માણસો પર ઈશ્વર આયખાનો ઢગલો શું કામ કરતો હશે? સાલું, પ્રભુ જાણે એમના મૃત્યુ પછી મને રડવાનો કે કારજનો લાભ મળશે કે નઇ? એમના પહેલાં કદાચ મારી એક્સિટ થઈ જાય એવું ....' આટલું સાંભળી હું અંદરથી ચમક્યો ને બારથી હલબલી ગયો ત્યાં તો રસોડામાંથી મોતીલાલની,'જિંદગી, ખ્વાબ હૈ' ની અદાથી સ્કેટિંગ કરતાં કરતાં આવતા હોય એમ કાકાએ હોલમાં જાજરમાન પ્રવેશ કર્યો. દારૂ વગર ૯૪ ને દારૂ પીવા છતાં ૧૨૫ ની યાત્રા ..અદ્‌ભુત ! મિસ્ટર ચંપકકાકા, દારૂ ક્યારે શરૂ કરેલો?' મે પૂછ્યું.

એવું તો ક્યાંથી યાદ હોય, પણ મારામાં પરોપકારની ભાવના વર્ષો પહેલાં પ્રગટ થયેલી. કોઈએ કીધું કે દારૂ તબિયત માટે બહુ ખરાબ છે એટલે મને થયું કે ચાલો, પી પી ને ખતમ કરી નાખીએ, શંકરે પણ ઝેર પી લોકોને અમૃત આપેલું જ ને ..'

'કાકા, રોજ કેટલા પેગ?'.

કભી જ્યાદા કભી કમ

'ક્યારે પીઓ?'

'કભી સુબહ કભી શામ.'

'દારૂના રૂપિયા કોણ આપે?'

'કભી વો કભી હમ.'

'પણ આટલો બધો પીવાનું કારણ?'

'કભી ખુશી કભી ગમ.'

'બસ... ઠાકર આવો જ પ્રાસ મેળવી મને ત્રાસ આપે છે.'. ચંબુ બોલ્યો. હું ક્યાં ત્રાસ આપું છું? અરે, હું તો મારી સહન શક્તિને માપુ છું.' 'અરે, એના કરતાં પીવામાં માપ રાખોને. ત્યાં તો માપ બહાર નીકળો છો. સૂન ઠાકર,.' કાકો બોલ્યો : 'હમ નહીં પીતે તો કહી બેમોસમ નહીં પીતે મગર બૈઠ ગયે તો કિસીસે કમ નહીં પીતે.'

અરે ઠાકર, દીકરો બાપનું નામ પાણીમાં બોળે એ સાંભળ્યું હશે પણ આ બાપ તો દીકરાનું નામ બોળે એવો આ જગતનો પહેલો બાપ. સાલું, ઘરમાં તો દારૂમાં પાણી પણ નથી મેળવતા.. નીટ .'. એય ડફોળ, દારૂ જોઈને જ મોઢામાં પાણી આવી જાય છે. અરે, આ મોંઘવારીમાં પાણી બચાવું છું એ નથી જોતો, અલ્યા ઠાકર... સમજાવ એને કે દારૂમાં જ જો પાણી ન મેળવું તો ઇજ્જત તો કેવી રીતે પાણીમાં બોળુ?' 'ઠાકર', ચંબુ ઉવાચ : મારા બાપુજી દારૂ વગર જીવી શકતા નથી ને દારૂ જીરવી પણ શકતા નથી ને પીએ એનો વાંધો નથી, પણ પીધા પછી મને પીધેલો ધારે છે. એનું શું ? અરે, કાલની જ વાત કરું. કાલે અચાનક બૂમ આવી, 'ચંબુડા, જલ્દી આવ' પીને બૂમો પાડતા હતા, આપણા ઘરની છત નીચે આવી ગઈ છે.' હું ગભરાયો, ચમક્યો કેમ કરતાં આવું બન્યું, બાપરે,.. જોયું તો બાપુજી ટેબલ નીચેથી બૂમબૂમ કરતાં હતા.

'બાપુજી એ છત નથી. ટેબલ છે.. જલ્દી બહાર આવો ને પછી ભાનમાં આવો ,' યસ, માય ડિયર આઈપીએલ' એટલે હું પીધેલો છું', બટ અબ આયા ઊંટ પહાડકે નીચે.' પછી મારી બાજુ ડોકી ફેરવી બોલ્યા : 'ઠાકર બેટા, આ મારો ચંબુ સરકારી ઓફિસર છે અને ટેબલ નીચેથી જ રૂપિયાની થપ્પીઓ લઈ લાંચ લઈ અમારા કુટુંબની આખી ઇજ્જતની છત નીચે જ લાવ્યો છે.... ઠાકર,સાંભળ.. નશો દારૂમાં હોતો જ નથી, નઇતર બોટલ પોતેજ ન ડોલતી હોત, નશો તો આપણામાં છે. દારૂનો નશો તો ઊતરી પણ જાય પણ અમારા આ ચંબુ પુત્તરને ધનનો, કીર્તિનો, માયાનો નશો એવો ચડયો છે કે જીવનના અંત સુધી ઉતરશે નહીં. દારૂ જ નથી પીતો બાકી ઘણાના લોહી પીધા છે. બહારથી દેખાતો આ શેઠ અંદરથી શઠ છે એને લાંબું જીવવું છે પણ લાંબું વિચારવું નથી. અલ્યા ચંબુડા, તારા બાપને એક સવાલનો જવાબ આપ કે દારૂ ભલે મેં પીધો હોય પણ નશો તો તને ચડ્યો છે કે નઇ? ઠાકર, એને પૂછ કે ક્યારેય ઘરનાં બારણાં મારા માટે ખુલ્લા રાખ્યા છે? મારે શું કામ રસોડામાંથી આવવું પડે?' 'પણ વડીલ તમારી તો કમાલ છે... પીવા છતાં ૧૨૫ કેવી રીતે જીવ્યા?' 'યુ આર વન વીક લેટ ડિયર, અઠવાડિયા પહેલાં જ મારી બા ગુજરી ગયાં .' આ સાંભળતા મને મારુ હૃદય બંધ પડવાનો ભય લાગ્યો ઝાટકા પર ઝાટકો... કેવી રીતે?' 'બા સુવાવડમાં ગુજરી ગયા.' હું બેભાન બની ગયો ત્યાં ચંપકલાલ ને ચંબુલાલ એક સાથે બોલી ઉઠયા,' અરે, આ ઠાકરને અહીંથી ઉઠાવો. નઇતર એ ઇકોતેરે અહીં જ રનઆઉટ થઈ જશો!' શું કહો છો ? ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# બેકાર પાન તરીકે ઓળખાતાં હિમશૈલ સલાડ પત્તાં છે ઉપયોગી

**શિયાળામાં** ઠંડીમાં થરથર કાંપતાં રહેવાનો એક આગવો આનંદ છે. ગરમાગરમ ફૂલકાં રોટલી કે બાજરાના રોટલા સાથે લીલાછમ શાકભાજીનો સ્વાદ માણવાનો આનંદ સવારે અનેરો હોય છે. તો રાત્રિના ભોજનમાં ગરમાગરમ વિવિધ જાતના સૂપ પીવાનો આનંદ હટકે હોય છે. ચોક્કસ શાકભાજી બપોરના ભોજનમાં જ લેવાતા હોય છે. તો સૂપનો સ્વાદ રાત્રિના ભોજન વખતે માણવામાં આવે છે. વિવિધ જાતના સલાડ બનાવીને ખાવામાં કોઈ બાધ નથી. ભારતીય ભોજનમાં સલાડને આગવું સ્થાન આપવામાં આવ્યું છે. તેમાં પણ જો આપ કાઠિયાવાડની મુલાકાત લો તો ભોજન પીરસાય તે પહેલાં એક મોટી થાળીમાં વિવિધ સલાડ, કચુંબર,સંભારો શિયાળુ અથાણાં તથા ગોળ-ઘીની વાટકીઓ દરેક ટેબલ ઉપર સજાવેલી જોવા મળે છે.

જમાનામાં બદલાવ આવતો ગયો તેમ ભોજનની સામગ્રીમાં ફેરફાર થવા લાગ્યો છે. એક સમય હતો જ્યારે દિવસ પ્રમાણે ખાસ પ્રકારના શાક-દાળ-કઠોળ તથા સલાડ બનાવીને તેનો ઉપયોગ કરવામાં આવતો. વર્તમાનમાં વિદેશી શાકભાજી કહો કે વિદેશી ફળ કહો આપને ઘેર બેઠાં સરળતાથી મળી રહે છે. જે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક ગણાય છે. આઈસબર્ગ સલાડના પાનને ‘હિમશૈલ સલાડ પાન’ તરીકે ઓળખવામાં આવે છે. આ પાનમાં કેલરીની માત્રા ઘણી ઓછી હોય છે. તેથી વજનને નિયંત્રણમાં રાખવામાં ઘણા જ ઉપયોગી થાય છે.

હિમશૈલ સલાડ પાનને ‘બેકાર’ ભાજી તરીકે ઓળખવામાં આવે છે. વાસ્તવમાં તે પૂર્ણ રીતે નકામી નથી. તેમાં ઘણા સ્વાસ્થ્યવર્ધક ગુણો સમાયેલાં છે. ૧૯૪૫માં સૌ પ્રથમ બજારમાં જોવા મળી હતી. તે સમયે જ સલાડ -જગતમાં તેના પાનનું આગમન થયું હતું. બજારમાં તેને ‘ક્રિસ્પીડ સલાડ’ તરીકે ઉપયોગમાં લેવામાં આવ્યો હતો. ધીમે ધીમે તેને ‘હિમશૈલ સલાડ’ તરીકે ઓળખ મળી. તેનું મુખ્ય કારણ હતું પાનને એક જગ્યાથી બીજે સ્થળે લઈ જવા માટે બરફથી ઢંકાયેલાં ટ્રકોમાં લઈ જવામાં આવતાં. તેથી જ આઈસ બર્ગ પાન તરીકે ઓળખાયાં. પાન ચાવવામાં કડક એટલે કે કુરકુરા હોય છે. તેથી જ વિદેશી સલાડમાં તેનો ઉપયોગ વધુ કરવામાં આવે છે.

આઈસ બર્ગ પાનના પોષ્ટિક ગુણોની વાત કરીએ તો તેમાં સાડિયમ, મેંગેનિઝ, પોટેશિયમ, આયર્ન, કેલ્શિયમ મેગ્નેશિયમ તથા ફોસ્ફરસની માત્રા સમાયેલી છે. વિટામિન એ, વિટામિન સી, વિટામિન કે, વિટામિન બી-૬ તથા થિયામિનના ગુણો સમાયેલાં છે.



## લેટ્યૂસ પાન તથા હરાભરા ચણા સલાડ



**સામગ્રી :** ૧ મોટી વાટકી અડધા કાપેલાં લેટ્યૂસ પાન, ૧વાટકી લીલા બાફેલાં ચણા, ૧ નંગ લીલી કાકડીના ટુકડા,૧ નંગ બીજ કાઢીને કાપેલું ટામેટું, ૧ નંગ લીલી ડુંગળી કાપેલી, ૧ વાટકી પનીરના ટૂકડાં, સ્વાદાનુસાર ફુદીનાના પાન, સ્વાદાનુસાર કોથમીર, અડધી ચમચી લીંબુનો રસ, ૧ નાની ચમચી ખાંડ, ૧ નાની ચમચી ચાટ મસાલો, ચપટી સંચળ

**બનાવવાની રીત :** સૌ પ્રથમ લીલા ચણાને બાફી લેવા. એક બાઉલમાં લેટ્યૂસના પાન હાથેથી કાપીને લેવા. તેમાં બાફેલાં ચણા, લેટ્યૂસના પાન, કાકડી, ટમેટું, પનીર, લીલી ડુંગળી, ફુદીનાના પાન, ખાંડ, ચાટ મસાલો, કોથમીર, લીંબુનો રસ, વગેરે ભેળવીને બરાબર હલાવી લેવું. આયર્ન તથા પ્રોટીનથી ભરપૂર સલાડ અત્યંત પોષ્ટિક બનશે. ઠંડીમાં તમારી ત્વચા ગુલાબી બની જશે.

### આઈસ બર્ગ લેટ્યૂસ પાનના સ્વાસ્થ્યવર્ધક ગુણો

**રોગપ્રતિકારક શક્તિ વધારવામાં ઉપયોગી :** આઈસ બર્ગ લેટ્યૂસમાં મેંગેનીઝ,

મેગ્નેશિયમ, પોટેશિયમ, આયર્ન, ફોસ્ફરસ તથા કેલ્શિયમ જેવા શરીર માટે અગત્યના ખનીજ તત્ત્વો સમાયેલાં છે. જે વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. શરીરના હાનિકારક મુક્તકણોને ઘટાડવામાં મદદ કરે છે. વાઇરલ ચેપ કે મોસમ પ્રમાણે વધતી બીમારીથી બચાવે છે.

**ઍનિમિયાની વ્યાધિથી બચાવે છે :** હિમશૈલ સલાડના પાનમાં આયર્નની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. તેથી જ તેના નિયમિત સેવનથી નવી રક્ત-કોશિકા બનાવવામાં મદદ કરે છે. આયર્ન શરીરના વિવિધ ભાગોને ઑક્સિજન પહોંચાડવામાં મદદ કરે છે. ઍનિમિયાની વ્યાધિથી બચવું હોય તો શરીરમાં લાલ રક્તકણોની માત્રા વધતી રહે તે આવશ્યક છે.

**અનિદ્રાથી બચાવે છે :** હિમશૈલ સલાડનું સેવન કરવાથી આંખોને સંપૂર્ણ ઠંડક મળે છે. શરીરનાં વિવિધ અવયવોને પૂરતાં પ્રમાણમાં આરામ મળે છે. આથી જ નિષ્ણાત આહાર તજજ્ઞો અનિદ્રાની વ્યાધિથી પીડાતી વ્યક્તિને સલાડની માત્રા વધુ લેવાની સલાહ આપે છે.

**પાચનતંત્ર સુધારવામાં ગુણકારી :** હિમશૈલ સલાડનો આહારમાં ઉપયોગ કરવાથી પેટની તકલીફથી છુટકારો મેળવવો સરળ પડે છે. કેમ કે લેટચૂસ પાન શરીરમાં રહેલાં વજનદાર કાર્બોહાઈડ્રેટ તથા પ્રોટીનને તોડવામાં મદદ કરે છે. જેને કારણે પાચનક્રિયા સુચારૂ રીતે ચાલે છે. લેટ્યૂસના પાનમાં ૦.૪ ગ્રામ ફાઈબરની માત્રા સમાયેલી હોય છે. વળી પાણીની માત્રા વધુ હોવાથી પાચનક્રિયા સરળ બનવામાં મદદ મળે છે. કબજિયાત રોકવામાં ઉપયોગી ગણાય છે.

**તંદુરસ્તી જળવાય છે :** સલાડનો ઉપયોગ સામાન્ય રીતે શરીરની પ્રત્યેક પ્રક્રિયા વ્યવસ્થિત રીતે કામ કરે છે. હિમશૈલ પાનમાં વિટામિન એની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી છે. વિટામિન એ આંખોની તંદુરસ્તી માટે લાભકારક ગણાય છે. હાડકાંને મજબૂત બનાવવામાં વિટામિન એની મુખ્ય ભૂમિકા હોય છે. શરીરની રોગપ્રતિરક્ષા પ્રણાલીને મજબૂત કરવામાં મદદ કરે છે.

**ડાયાબિટીસમાં લાભકારી:** ડાયાબિટીસના દર્દીઓ માટે આઈસબર્ગ લેટ્યૂસના પાન કાચા ચાવવા ગુણકારી ગણાય છે. કેમ કે આઈસબર્ગ લેટ્યૂસ પાનનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ૧૫ છે. ગ્લાઈસેમિક લોડ ૧ છે. વળી અડધી વાટકી લેટ્યૂસ પાનમાં ૧.૫ ગ્રામ કાર્બ્સ હોય છે. જે લોહીમાં ગ્લુકોઝની માત્રાને ઝડપથી વધવા દેતી નથી. આથી જ મધુમેહના દર્દી માટે આઈસબર્ગ સલાડ ઉત્તમ ગણાય છે.

આઈસબર્ગ લેટ્યૂસના પાનનો ઉપયોગ મુખ્યત્વે સલાડમાં થતો હોય છે. તેની ખેતી સૌ પ્રથમ મિસ્રમાં થતી હતી. ધીમે ધીમે તે વધતી ગઈ તથા અમેરિકા પહોંચી ગઈ. ત્યારબાદ તે વિશ્વના પ્રત્યેક દેશમાં ઊગવા લાગ્યા. અમેરિકામાં સૌથી વધુ વપરાતા સલાડ પાનમાં તેનો નંબર પ્રથમ આવે છે. હાલમાં તો ભારતમાં તેની માગ વધવા લાગી છે. તેનું વૈજ્ઞાનિક નામ ‘લૈક્ટુકા સૈટિવા’ છે. સૈંન્ડવીચ, સૂપ, બર્ગર તથા કટલેસની સજાવટમાં તેનો વધુ ઉપયોગ થાય છે. આછા લીલા રંગના પાન કોબી પરિવારના સભ્ય ગણાય છે. ■

feedback@bombaysamachar.com
ફોક્સ પ્લસ
રશ્મિ શુકલ

# તમે શરદી - ઉધરસથી પરેશાન છો?

**છાતીમાં જામેલા કફને દૂર કરવા માટે લીંબુ-મરી, વરાળ, હળદરનું દૂધ અને ઉકાળો પીવો. તેનાથી ગળાની ખરાશ અને ઉધરસમાં પણ રાહત મળશે**

**શિયાળામાં** અને બદલાતા હવામાનને કારણે છાતીમાં કફ જમા થવો એ એક સામાન્ય સમસ્યા છે. આ સમસ્યા માત્ર શ્વાસ લેવામાં તકલીફ જ નથી કરતી પણ ખાંસી અને ગળામાં દુખાવો પણ વધારી શકે છે. જેના કારણે શરીરમાં નબળાઈ અનુભવાય છે અને રોજિંદા કામ પર પણ અસર પડે છે. શિયાળામાં લોકો શરદી અને ઉધરસથી પીડાય છે. જો કે દવાઓ લઈ શકાય છે, પરંતુ આ સમસ્યામાંથી રાહત મેળવવા માટે ઘરેલું ઉપચાર સૌથી સુરક્ષિત અને અસરકારક વિકલ્પ બની શકે છે. અહીં અમે તમને એવા પાંચ ઘરગથ્થુ ઉપાયો જણાવીશું જે છાતીમાં જમા થયેલ કફને તો દૂર કરવામાં મદદ કરશે પરંતુ ખાંસી અને ગળાના દુખાવાથી પણ રાહત આપશે.

છાતીમાં એકઠા થયેલા કફને દૂર કરવા માટેના પાંચ ઉત્તમ ઘરેલુ ઉપાય

## લીંબુ - મરી

લીંબુ વિટામિન સીનો સારો સ્રોત છે, જે રોગપ્રતિકારક શક્તિ વધારે છે. કાળા મરી કફને બહાર કાઢવામાં મદદ કરે છે. આ મિશ્રણનું સેવન કરવાથી ન માત્ર કફ દૂર થાય છે પરંતુ ગળાને સાફ કરવામાં પણ મદદ મળે છે. તેનું સેવન કરવાથી રોગપ્રતિકારક શક્તિ મજબૂત થાય છે અને શરીરને ઊર્જા મળે છે. એક કપ ગરમ પાણીમાં એક ચમચી લીંબુનો રસ અને એક ચપટી કાળા મરી મિક્સ કરો. તેને સવારે ખાલી પેટ પીવો. આને પીવાથી તમારું ગળું સાફ થઈ જશે અને શરદીના લક્ષણો દૂર થઈ જશે.





## હળદરવાળું દૂધ

હળદરના દૂધમાં કર્ક્યુમિન હોય છે, જે એન્ટિ-બેક્ટેરિયલ અને એન્ટિ-વાયરલ ગુણોથી ભરપૂર હોય છે. આ દૂધ પીવાથી છાતીમાં જમા થયેલ કફ સાફ થઈ જશે. એનાથી રોગપ્રતિકારક શક્તિ મજબૂત થશે, શરીરને આરામ મળશે અને તમને સારી ઊંઘ આવશે. એક ગ્લાસ ગરમ દૂધમાં અડધી ચમચી હળદર મિક્સ કરો.

**સૂતા પહેલા આ પીવો.**
તેનાથી કફ તો દૂર થશે જ પરંતુ શરીરની રોગપ્રતિકારક શક્તિ પણ મજબૂત થશે.

## આદું - કાળા મરીનો ઉકાળો

આદુંમાં બળતરા વિરોધી ગુણ હોય છે. જે ગળામાં સોજો અને કફને ઓછો કરે છે. કાળા મરી ચેપ સામે લડવામાં મદદ કરે છે. આ ઉકાળો પીવાથી ઉધરસ અને ગળાના દુખાવામાં આરામ મળશે.

આનું સેવન કરવાથી તમારી રોગપ્રતિકારક શક્તિ મજબૂત થશે અને શરદી અને ઉધરસનાં લક્ષણોમાં ઘટાડો થશે.

આદુંનો રસ કાઢો. તેમાં એક ચમચી મધ ઉમેરો. તેમાં કાળા મરીનો પાવડર ઉમેરો. પાણી ઉકાળો પછી તેને ગાળીને પી લો. તેને દિવસમાં બે વાર લો.

## તુલસીનો છોડ - લવિંગ ચા

તુલસી અને લવિંગ બંને ઔષધીય ગુણોથી ભરપૂર છે. ઉધરસ અને ગળામાં દુખાવો ઘટાડવામાં મદદ કરે છે. આ ચા પીવાથી કફ ઓછો થાય છે અને શ્વાસ લેવામાં આરામ મળે છે. આને પીવાથી ગળાનો સોજો પણ ઓછો થાય છે. તે શરીરને ચેપથી બચાવવામાં મદદ કરે છે.

એક કપ પાણીમાં ૭-૮ તુલસીના પાન અને બે લવિંગ નાખીને ઉકાળો. તેને ગાળીને દિવસમાં બે વાર પીવો.



## વરાળ લેવી

છાતીમાં અટવાયેલા કફને છૂટો કરવા માટે વરાળ લેવી એ જૂની અને અસરકારક રીત છે.

વરાળ લેવાથી કફ પાતળો થઈ જાય છે અને તેને બહાર કાઢવામાં સરળતા રહે છે. વરાળ શ્વાસમાં લેવાથી નાકના માર્ગો સાફ થાય છે અને શ્વસનતંત્ર પણ ખુલે છે. વરાળ લેવાથી ગળાની ખરાશ અને ઉધરસમાં પણ રાહત મળે છે.

એક મોટા વાસણમાં ગરમ પાણી લો. તેમાં નીલગિરી અથવા ફુદીનાના પાન ઉમેરો. માથાને ટુવાલથી ઢાંકીને વરાળ લો. આ પ્રક્રિયા દિવસમાં ૨-૩ વખત કરો. ■

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા



# હૃદયના સ્વાસ્થ્ય માટે પોટેશિયમ છે ગુણકારી

**માનવશરીર** એ અદ્ભુત અને રહસ્યમય સંરચના ધરાવે છે અને વૈજ્ઞાનિકો અને શોધકર્તાઓને હંમેશાં પ્રેરિત કરતું રહ્યું છે. મનુષ્યશરીરમાં જે ભાવના વિજ્ઞાન છુપાયેલું છે તેનાથી સ્પષ્ટ થાય છે કે મનુષ્યની ઉત્પત્તિ રહસ્યપૂર્ણ છે. માનવવ્યવહાર, માનવજીવન શારીરિક, માનસિક અને સામાજિક ગતિવિધિથી જોડાયેલ છે. શરીરનાં ઘણાં આંતરિક અંગોનાં રહસ્યથી હજુ આપણે પૂરા માહિતગાર નથી. શરીરને સ્વસ્થ અને મજબૂત રાખવા ઘણાં મિનરલ્સ અને વિટામિનની જરૂર પડે છે. લાંબા સમય સુધીના સ્વાસ્થ્ય માટે હૃદયની કામગીરી સ્વસ્થ હોવી જરૂરી છે.

હૃદય કે હિયા એક પેશીય અંગ છે જે બધી કશેસ (વર્ટીબ્રા) જીવોમાં આવૃત્ત તાલબદ્ધ સંકુચન દ્વારા રક્તનો પ્રવાહ શરીરનાં બધાં અંગો સુધી પહોંચાડે છે. સાથે સાથે ઑક્સિજન પણ પહોંચાડે છે. હૃદય નિરંતર ધબકતું જ રહે છે.

હૃદયની માંસપેશી અને નસોમાં પોટેશિયમ અતિ જરૂરી મિનરલ્સ છે. જે હૃદય નસોને માંસપેશીઓને ઉત્તેજિત રાખે છે. મહત્ત્વનું ઈલેક્ટ્રોલાઈટ પણ છે. જે કોષોની અંદરનાં પ્રવાહીને જાળવી રાખે છે. સામાન્ય બ્લડ પ્રેશરને જાળવે છે. શરીરના કાર્બોહાઈડ્રેટ અને પ્રોટીન સંયોજનના ચયાપચનમાં યોગદાન આપે છે. સ્નાયુ અને ચેતાકોષોની કામગીરી પર પરિણામ આપે છે. વધુ ખાંડવાળા અને નમકવાળા ખોરાકથી આપણું સોડિયમનું સ્તર વધે છે. ખાંડ કીડની દ્વારા સોડિયમ શોષણને વધારે છે. પરિણામે શરીરમાં સોડિયમ જળવાઈ રહે છે. આથી શરીર બ્લડ પ્રેશર અને પાણીની જાળવણી વધે છે. પરિણામે હાથપગમાં સોજા જણાય છે. યાદ રાખો કે સોડિયમ કરતાં શરીરમાં પોટેશિયમની વધારે જરૂર છે.

મેગ્નેશિયમની ઊણપથી પોટેશિયમની ઊણપ વધે છે. આંતરડાંમાં સોજાથી પણ પોટેશિયમની ઊણપ થાય છે. માટી ખાવાવાળાને પણ ઊણપ થાય છે. માટી પોટેશિયમ સાથે જોડાય છે અને શરીરમાંથી પોટેશિયમના ઉત્સર્જનને વધારે છે. આથી શરીરમાં ખનિજની માત્રા ઘટી જાય છે. પોટેશિયમના ઓછા સેવનથી કીડનીમાં કેલ્શિયમના પુનશોષણને અટકાવે છે તેથી કેલ્શિયમનું ઉત્સર્જન વધી જાય છે તેથી કીડનીમાં પથરી થાય છે.

ઊણપનાં લક્ષણો થાક, સ્નાયુઓની ખેંચ, હૃદયના ધબકારા અનિયમિત માનસિક મૂંઝવણ હાઈ પ્રેશર છે. પોટેશિયમનું નુકસાન ગ્લુકોઝની ચયાપાચનની ક્ષતિને કારણે થાય છે. લોહીમાં સાકરની માત્રા વધારી દે છે. જેથી વિકાસમાં અડચણ થાય છે, વૃદ્ધિના હોર્મોનમાં ઘટાડો થાય છે. જેથી બાળકોમાં વૃદ્ધિ અને વિકાસ ઓછો થાય છે. તીવ્ર ઊણપને કારણે બ્લડ પ્રેશર વધી જવાથી એટેક આવે છે. વારંવાર ઝાડા કે ઊલટી થવી એ પણ પોટેશિયમની ઊણપ જણાવે છે. અન્ય બીમારીઓની દવાઓની સાઈડ ઈફેક્ટને કારણે પણ થાય છે.

દવાઓમાં પણ સોડિયમ અને સાકરનો વપરાશ થાય છે. જેથી લોહીમાં બન્ને વધી જતાં પોટેશિયમની ઊણપ થાય છે. તેથી ડાયાબિટીસની દવાથી ઘણી વાર સંગ્રહણી જેવા રોગ અને કીડની ડાયલીસીસ પર જાય છે. તેમ જ હૃદયનો હુમલો પણ થાય છે. પ્રેશરની દવાથી પગની તકલીફ અને કીડની પર સોજા જણાય છે. વધુપડતું પોટેશિયમ લોહીમાં વધી જતાં જીવલેણ સાબિત થાય છે. કીડનીની દવાઓ અને મીઠાના (નમક) ઉપયોગથી પોટેશિયમ વધી જાય જેથી નબળાઈ, થાક, ઉબકા, ઊલટી, શ્વાસ લેવામાં તકલીફ, છાતીમાં દુઃખાવો થાય છે. પોટેશિયમયુક્ત આહાર લેવો જરૂરી છે, પણ એની ઊણપ માટે દવાઓ લેવી હિતાવહ નથી. દવાઓના કારણે પોટેશિયમ વધતાં તેની તકલીફો શરૂ થઈ જાય છે.

શિયાળાની ઋતુઓમાં હૃદયરોગના હુમલાનું પ્રમાણ વધી જાય છે. કારણ વધુપડતા વસાણાયુક્ત ખોરાક તેમ જ અડદિયા, ગુંદરપાક, સાલમપાક જેવી ખાંડવાળી મીઠાઈ તેમ જ દિવાળીમાં વધુપડતી મીઠાઈ અને ફરસાણનું સેવન થયું હોય છે. જેથી સોડિયમ અને સાકરનું પ્રમાણ લોહીમાં વધી જાય છે. પોટેશિયમ ઘટી જાય છે. જેથી હૃદયરોગના હુમલા વધી જાય છે. ઋતુનો દોષ નથી આપણું ખાન-પાન જવાબદાર છે.

પોટેશિયમ પ્રોટીન સાથે સાથે કાર્બોહાઈડ્રેટના પાચન માટે જરૂરી છે. જો આમાં ખામી આવે તો હાડકાંની મજબૂતીમાં ઓછપ આવે. ત્વચા પણ સૂકાવા લાગે. વાળના ફોલીક નબળા પડી જાય અને વાળ ખરવા લાગે તેમ જ ખોડો થાય છે. માઈગ્રેન જેવી સમસ્યા પણ થાય છે.

પોટેશિયમયુક્ત ખોરાક લેવો વધુ જરૂરી છે. ફળો-સંતરાં, મોસંબી, કેળાં, દાડમ, કીવી, કલિંગર, શક્કરટેટી, પેશન ફ્રૂટ, નારિયેળ, બ્લેકબેરી, બેલ બ્લુબેરી, સ્ટ્રોબેરી, ચેરી, સીતાફળ ઓરગેનિક દ્રાક્ષ, લીંબુ.

શાકભાજી બટાટા, શક્કરિયા, ગાજર, પાલક, રીંગણાં, કોબી, કાંદા, લીકભાજી, ચવલી-ભાજી, મૂળા, વટાણા, ભીંડા, કેલ ભાજી, કમળદાંડી, બીટ-બીટનાં પાંદડાં. શેપૂભાજી, અરવી, બેબીકોર્ન, વોટરક્રેસ ભાજી.

દાળ - તુવરદાળ, અડદદાળ, રાજમા, મઠ, ચોળા, રાગી.

ડ્રાયફ્રૂટ - બદામ, ખજૂર, અંજીર, જરદાલુ, શીંગદાણા, પમકીન સીડ, સૂકા આમળા.

શરીરને સતત ગતિશીલ અને સ્વસ્થ રાખવા માટે કેમિકલયુક્ત ભોજન અને હોટલો, ધાબા, ચાઈનીઝ, પેકેટફૂડનો ત્યાગ જરૂરી છે. શરીરમાં ખનિજોની ક્ષતિઓ આપણી માટે નુકસાનદાયક છે.■

રમતગમતમાં પણ ગુજરાતીઓ અવ્વલ

મુંબઈ સમાચાર આયોજિત

૧૪ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર ૨૦૨૪

ખેલ મહોત્સવ

પ્રાયોજકો: PRAKASH KAMDAR ESTATE CONSULTANT

ચોથા વર્ષમાં મુંબઈ સમાચારનો રમતોત્સવ જઇ રહ્યો છે ત્યારે બેડમિંટન, કેરમ, ચેસ અને ટેબલટેનિસ સ્પર્ધાની સાથે કળા ક્ષેત્રે પણ તમે તમારું કૌવત પુરવાર કરી શકો એ માટે ડ્રોઈંગ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ALAG GROUP SPACES. THAT STAND OUT

સહપ્રાયોજક: MAGIC ART COLOURS, PROUDLY INDIAN

'મુંબઈ સમાચાર'ના 'રોમેરોમ ગુજરાતી' અભિયાન હેઠળ ૨૦૧૪, ૧૫ અને ૧૬માં સતત ત્રણ વર્ષ રમતોત્સવ 'રમે ગુજરાતી જીતે ગુજરાતી'નું સફળપૂર્વક આયોજન કર્યા બાદ ફરી એક વાર આપની સમક્ષ ખેલ મહોત્સવમાં ભાગ લઇને ગુજરાતીઓ રમતગમત ક્ષેત્રે કશું કરી નથી શકતા, એવું મહેણું ભાંગવાનો અવસર આવી ચૂક્યો છે.

રમતગમત તેમ જ કલા ક્ષેત્રે તમારી નિપુણતાનો દુનિયાને પરિચય કરાવવા અને પોતીકાઓને ગૌરવ અપાવવા માટે

ગિફ્ટિંગ પાર્ટનર: GLOBAL NETWORKING BARTER COMPANY

SONY PLASTICS CORPORATE GIFTS SINCE -1982

TOSAA NON-STICK COOKWARE MUCH MORE...

આજથી જ કમર કસો, કારણ કે...

તમારી પાસે ખૂબ જ ઓછો સમય બચ્યો છે

કયાં અને ક્યારે યોજાશે ખેલ મહોત્સવ

૧૪ ડિસે. કાંદિવલી રિક્રિએશન કલબ, શાંતિલાલ મોદી રોડ, કાંદિવલી (પ.)

૧૫ ડિસે. ગરવારે ક્લબ, વાનખેડે સ્ટેડિયમ, 'ડી' રોડ, ચર્ચગેટ. GARWARE CLUB HOUSE

૧૫ ડિસે. શ્રી માટુંગા ગુજરાતી ક્લબ લિમિટેડ, નાથાલાલ પારેખ રોડ, કિંગ્સ સર્કલ, માટુંગા (પ.)

૧૫ ડિસે. નોર્થ ઈન્ડિયા એસો., ભાઉદાજી રોડ એક્સ., સાયન રોડ. (૧૫ ડિસે.)

૨૧-૨૨ ડિસે. ઘાટકોપર જોલી જિમખાના કિરોલ રોડ, ઘાટકોપર

નોંધ

* આ ફોર્મ ૧૧ ડિસેમ્બર, સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં ભરી દેવાનાં રહેશે. સ્પર્ધકે પોતાનો એક ફોટો બીડવો અનિવાર્ય રહેશે.

* 'મુંબઈ સમાચાર' દ્વારા રંગ પૂરવાની સ્પર્ધાના આયોજન માટે તમામ સ્પર્ધકોને કલરિંગ કરવાનાં તમામ સાધનો પૂરાં પાડવામાં આવશે.

સ્પર્ધકો જોગ: ખેલ મહોત્સવમાં ભાગ લેવા માટે સ્પર્ધકોએ ફોર્મ ભરવા હોય તો એની નકલ ઉક્ત સ્થળે ઉપલબ્ધ છે.

અહીં આપેલા ક્યુઆરકોડ પરથી ઓનલાઈન ફોર્મ પ્રાપ્ત કરી શકાશે.

સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને ઈનામો તો ખરાં જ.

ખાસ નોંધ: તમામ બેડમિંટન કોર્ટ આંતરરાષ્ટ્રીય દરજ્જાની હોવાથી તમામ સ્પર્ધકોએ ગમ સોલ શૂઝ પહેરીને આવવાનું ફરજિયાત. એન્ટ્રીઓ મોકલવાની અંતિમ તારીખ ૧૧ ડિસે. છે અને ડ્રો ૧૩મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ મુંબઈ સમાચારમાં પ્રગટ થશે. બધી રમતનો મેગા ફાઈનલ રાઉન્ડ ઘાટકોપર જોલી-જિમખાનામાં રાખવામાં આવેલ છે.

# મહાબળેશ્વર કરતાં મુંબઈ ઠંડું

## પારો ૧૩.૭ ડિગ્રી

## છેલ્લાં નવ વર્ષનું સૌથી નીચું તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈગરાની સોમવારની સવાર ઠંડીગાર રહી હતી. સોમવારે વહેલી સવારે મુંબઈમાં તાપમાનનો પારો ૧૩.૭ ડિગ્રી નોંધાયો હતો, જે છેલ્લા નવ વર્ષનો સૌથી નીચો રહ્યો હતો. આ અગાઉ મુંબઈમાં છેલ્લે ૨૦૧૫માં ૧૧.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. મુંબઈમાં હિલ સ્ટેશન મહાબળેશ્વર કરતા પણ પણ ઠંડી વધારે રહી હતી, જ્યાં તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયું હતું. રાજ્યમાં જળગાંવમાં ૮.૬ ડિગ્રી સાથે સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. હવામાન ખાતાના કહેવા મુજબ આગામી અઠવાડિયું મુંબઈ સહિત રાજ્યમાં ઠંડીનું જોર રહેશે.

'ફેંગલ' વાવાઝોડાને કારણે છેલ્લા અનેક દિવસથી મુંબઈ સહિત રાજ્યમાં તાપમાનમાં વધારો થયો હતો. ઠંડી બાદ અચાનક તાપમાન વધી ગયું હતું. તેમાં શનિવારથી ફરી ઘટાડો ચાલુ થયો હતો. સોમવારે મુંબઈમાં શિયાળાની ફૂલગુલાબી ઠંડીનો અનુભવ થયો હતો. રવિવારે ૧૭.૨ ડિગ્રી તાપમાન નોંધાયા બાદ લગભગ ચાર ડિગ્રી જેટલો ઘટાડો થઈને સોમવારે સવારના

(જુઓ પાનું ૪) ▶▶

### અઠવાડિયું ઠંડીનું જોર રહેશે

ભારતીય હવામાન ખાતાના કહેવા મુજબ આખું અઠવાડિયું મુંબઈ સહિત રાજ્યમાં ઠંડીનું જોર રહેશે. ઉત્તર ભારતમાંથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે શિમલા અને હિમાલયમાં બરફવૃષ્ટિ થઈ. તેની અસર હેઠળ ઉત્તર તરફથી ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે. તેને કારણે ભેજનું પ્રમાણ ઓછું થઈને સૂકી હવા ફૂંકાવાની ચાલુ થઈ હતી. તેથી તાપમાનમાં ઘટાડો થયો છે. આગામી અઠવાડિયા સુધી ઠંડીનું જોર કાયમ રહેશે.

# ૩૫થી ૪૦ લાખ બહેનો હવે લાડકી નહીં રહે?

## આ યોજનાની લાભાર્થીઓના પરિવારની આવકની ચકાસણી થવાની સંભાવના

મુંબઈ: વિધાનસભા ચૂંટણીના પરિણામને જેણે વળાંક આપ્યો હતો એ મુખ્ય પ્રધાનની લાડકી બહેન યોજનાને હવે નવો વળાંક મળવાનો છે. અઢી લાખથી વધુની વાર્ષિક આવક કે પછી ઘરમાં કાર ધરાવતી હોય એવી બહેનો કેવી રીતે લાભ લે છે, એવી ફરિયાદો વધતાં હવે સરકાર સફાળી જાગી છે. લાડકી બહેન યોજનાનો લાભ લેવા માટે મહિલાઓએ કરેલી અરજીની હવે ચકાસણી થવાની છે.

ચકાસણી કરાયા બાદ નિયમને અનુરૂપ ન હોય એવી અરજીને બાકાત કરી દેવામાં આવશે, એવી માહિતી ભૂતપૂર્વ મહિલા અને બાળકલ્યાણ પ્રધાન આદિતી તટકરેએ જણાવ્યું હતું. આના પરથી એટલું તો સ્પષ્ટ થઇ શકે છે કે હવે પછી ૧૫થી ૨૦ ટકા એટલે કે ૩૫થી ૪૦ લાખ મહિલાઓના લાભ પર પાણી ફરી વળે એવી શક્યતા ઊભી થઇ છે. મહાયુતિ સરકારે શપથવિધિ કર્યા બાદ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે

(જુઓ પાનું ૪) ▶▶

### જોકે સરકાર તો ના પાડે છે

મુંબઈ: મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન અદિતિ તટકરેએ મુખ્ય 'મુખ્યમંત્રી માઝી લાડકી બહીણ યોજના' હેઠળ લાભાર્થી મહિલાઓની અરજીઓની ફેરતપાસ કરવાની મહાયુતિ સરકારના વિચાર અંગેના કથિત અહેવાલોને રદિયો આપ્યો છે.

માસિક રોકડ ટ્રાન્સફરની યોજનાએ ગયા મહિને યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિની જીતમાં મોટો ફાળો આપ્યો છે.

તટકરે અગાઉની એકનાથ શિંદે સરકારમાં મહિલા અને બાળ કલ્યાણ વિભાગના પ્રધાન હતા અને યોજનાના રોલઆઉટની દેખરેખ તેમણે જ રાખી હતી.

નવા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે અયોગ્ય લાભાર્થીઓની તપાસ કરવાના સરકારના ઇરાદાની જાહેરાત કર્યાના એક દિવસ પછી અરજીઓની ફેરતપાસ બાબતે તેમની આ ટિપ્પણી આવી છે.

'આ યોજના હેઠળ લાભાર્થીઓની અરજીઓની પુનઃ ચકાસણી કરવાનો કોઈ પ્રશ્ન જ નથી. લગભગ ૨.૩૪ કરોડ મહિલાઓ

(જુઓ પાનું ૪) ▶▶

# 'વીર સાવરકરનું ચિત્ર કર્ણાટક સરકાર શું કામ હટાવવા માગે છે?'

મુંબઈ: મહારાષ્ટ્ર ભાજપના વડા ચંદ્રશેખર બાવનકુળેએ સોમવારે પડોશી રાજ્ય કર્ણાટક વિધાનસભામાંથી હિન્દુત્વના વિચારક વી. ડી. સાવરકરનું ચિત્ર હટાવવાના નિર્ણય માટે કૉંગ્રેસ સરકારની ટીકા કરી હતી.બાવનકુળેએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, દેશની આઝાદી માટે અપાર વેદના સહન કરનાર સાવરકરના વારસાનું અપમાન કરનારાઓને ઇતિહાસ ક્યારેય માફ નહીં કરે. સાવરકરના બલિદાન, દર્દ અને વિચારધારાને ક્ષીણ કરવાનો આ કૉંગ્રેસનો પ્રયાસ છે. આ તેમના વારસાનું અને તેમના આદર્શોનું અપમાન છે અને પૂછ્યું કે શું શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે મૌન રહેશે કે તેમના પક્ષના સાથીદારના આ કૃત્ય પર બોલશે?

# ગૃહ ખાતા માટે બરાબરની મડાગાંઠ: કેબિનેટનું વિસ્તરણ ટલ્લે ચડી જશે

રાજ્યમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિને બહુમતી મળી હતી. દેવેન્દ્ર ફડણવીસે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. નાયબ મુખ્યમંત્રી તરીકે એકનાથ શિંદે અને અજિત પવારનું નામ જાહેર કરવામાં આવ્યું હતું. જોકે, આ શપથ ગ્રહણ સમારોહ દરમિયાન આ ત્રણ મંત્રીઓ સિવાય એકપણ પ્રધાને શપથ લીધા નહોતા. હવે, ખાતાઓની વહેંચણી ક્યારે થશે અને પ્રધાનમંડળનું વિસ્તરણ ક્યારે થશે તે પ્રશ્ન પુછાઈ રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી એવું જોવા મળી રહ્યું છે કે મહાગઠબંધનમાં ગૃહપ્રધાનના પદને લઈને ગજગ્રાહ ચાલી રહ્યો છે. વિધાનસભા ચૂંટણીમાં

(જુઓ પાનું ૪) ▶▶

# નોકરી જતાં નશામાં પીએમ મોદીને મોતની ધમકી આપી

## અજમેરથી યુવકની ધરપકડ કરાઇ

મુંબઈ: મુંબઈ ટ્રાફિક પોલીસના હેલ્પલાઇન નંબર પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીની હત્યાનું કાવતરું અને બોમ્બબ્લાસ્ટની ધમકીનો મેસેજ મોકલવામાં આવ્યાના એક દિવસ બાદ પોલીસે રાજસ્થાનના અજમેરથી ૩૬ વર્ષના યુવકને પકડી પાડ્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે યુવકની ઓળખ મિર્ઝા મોહંમદ બેગ તરીકે થઇ હોઇ તે દારૂના પીને કામે ગયો હતો, જેને કારણે તેને નોકરી પરથી કાઢી મુકાયો હતો. આથી રોષે ભરાઇને તેણે ધમકીભર્યો મેસેજ મોકલ્યો હતો, એવું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું. મિર્ઝા બેગને પૂછપરછ માટે મુંબઈ લાવવામાં આવ્યો હતો. ઝારખંડનો રહેવાસી મિર્ઝા બેગ ગુજરાતના પાલનપુરમાં ખાનગી કંપનીમાં કામ કરતો હતો. મુંબઈ ટ્રાફિક પોલીસના હેલ્પલાઇન નંબર પર રવિવારે મળસકે વ્હૉટ્સઍપ મેસેજ આવ્યો હતો, જેમાં બોમ્બબ્લાસ્ટની ચેતવણી આપવામાં આવી હતી અને વડા પ્રધાન પર હુમલા માટે હથિયારો દેશમાં આવી ગયા હોવાનો દાવો કરાયો હતો. મેસેજમાં પાકિસ્તાની જાસૂસી સંસ્થા આઇએસઆઇ સાથે જોડાયેલી બે વ્યક્તિનાં નામ પણ હતાં. દરમિયાન જે નંબર પરથી મેસેજ મોકલવામાં આવ્યો હતો તે અજમેરમાં ટ્રેસ થતાં પોલીસ ટીમને ત્યાં મોકલાઇ હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર દારૂના નશામાં કામ પર પહોંચેલા બેગને નોકરી પરથી કાઢી મૂકવામાં આવ્યો હતો. આથી ગુસ્સામાં તેણે ધમકીભર્યા બે મેસેજ મોકલ્યા હતા. એક ઝારખંડ પોલીસને અને બીજો મુંબઈ ટ્રાફિક પોલીસના હેલ્પલાઇન નંબર પર.

એટીએસ અને સ્થાનિક પોલીસની જોઇન્ટ ટીમે મિઝા બેગને અજમેર રેલવે સ્ટેશનની બહારથી તાબામાં લીધો હતો. તે પાલનપુરથી ટ્રેનમાં અજમેર આવ્યો હતો અને બીજી ટ્રેન પકડીને ઝારખંડ જવાનો હતો. ■

# થાણે-મુલુંડ વચ્ચેના નવા રેલવે સ્ટેશન આડેના અવરોધનો મહિનામાં નિવેડો લાવો

## હાઈ વૉલ્ટેજ લાઈનની સમસ્યાનો ઉકેલ લાવવા થાણે કમિશનરનો નિર્દેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે અને મુલુંડ રેલવે સ્ટેશન વચ્ચે બની રહેલા નવા રેલવે સ્ટેશન પાસે રહેલા હાઈ વૉલ્ટેજ ઈલેક્ટ્રિક લાઈનને કારણે કામમાં વિલંબ થઈ રહ્યો હોવાનું માનવામાં આવે છે, તેથી આ લાઈનને હટાવવાને લઈને મહિનાની અંદર યોગ્ય પગલા લેવાનો નિર્દેશ થાણે પાલિકા કમિનર સૌરભ રાવે આપ્યો છે. નવા સ્ટેશનને કારણે થાણેના વાગલે એસ્ટેટ, ઘોડબંદર રોડ પરિસરના નાગરિકોને ફાયદો થવાનો છે. થાણે અને મુલુંડ દરમિયાન મેન્ટલ હોસ્પિટલ નજીક થાણે સ્માર્ટ સિટી અંતર્ગત નવું રેલવે સ્ટેશન બાંધવામાં આવી રહ્યું છે, જેમાં રેલવે ટ્રેન લાઈન નાખવા, રેલવે સ્ટેશનની બિલ્ડિંગ બાંધવા સહિત સ્ટેશનની બહારના વિસ્તારમાં ડેક, રૅમ્પ સહિત અન્ય સ્માર્ટ સિટી અંતર્ગત કામ કરવામાં આવી રહ્યા છે. આ કામનું નિરીક્ષણ કરવા સોમવારે થાણે પાલિકા કમિશનર સૌરભ રાવે સાઈટની મુલાકાત લીધી હતી.

આ દરમિયાન તેમણે હાઈ વૉલ્ટેજ ઈલેક્ટ્રિક લાઈનને કારણે રેલવે સ્ટેશનનું કામ રોકવું નહીં એવી સ્પષ્ટ શબ્દોમાં સલાહ આપી હતી અને મહાવિતરણના અધિકારીઓ સાથે ૧૫ ડિસેમ્બર સુધી તાત્પૂરતી ઉપાયયોજના અને મહિનાની અંદર તેનો ઉકેલ લાવવાનો નિર્દેશ આપ્યો હતો. હાઈ વોલ્ટેજ ઈલેક્ટ્રિક લાઈનનો ટાવર હટાવીને તેને અંડરગ્રાઉન્ડ કરવા બાબતે રેલવે, મહાપાલિકા અને મહાવિતરણ સંયુક્ત રીતે બેઠક કરીને તેનો ઉપાય કરવા માટે પણ કમિશનરે આ દરમિયાન અધિકારીઓને નિર્દેશ આપ્યો હતો.

થાણે મહાનગરપાલિકાના થાણે-મુલુંડ સ્ટેશન વચ્ચે પ્રસ્તાવિત નવા ઉપનગરીય રેલવે સ્ટેશન માટે થાણે રિજનલ મેન્ટલ હૉસ્પિટલની ૧૪.૮૩ એકરની જગ્યા ઉપલબ્ધ કરવા બાબતે મુંબઈ હાઈ કોર્ટે આદેશ આપ્યા બાદ સ્ટેશન માટે આવશ્યક જગ્યા ઉપલબ્ધ કરી આપવામાં આવી છે અને અહીં રહેલી હૉસ્પિટલનો અમુક હિસ્સો અન્ય જગ્યાએ ખસેડવામાં આવ્યો છે. નવા સ્ટેશન પાસે જવા માટે ત્રણ રોડ હશે, જેમાં એક રોડ ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેને જોડવામાં આવવાનો છે. આ સ્ટેશનના કામ માટે કુલ ૧૧૯ કરોડ ૩૨ લાખનો તેમ જ લિંક રોડ અને સર્ક્યુલેટિંગ એરિયાનો વિકાસ કરવા માટે ૧૪૩ કરોડ ૭૦ લાખ એમ કુલ ૨૬૩ કરોડ બે લાખનો ખર્ચ કરવામાં આવવાનો છે. ■

# ભાજપના વિધાન પરિષદના સભ્ય ટિળેકરના મામાનું પુણેથી અપહરણ

પુણે: મહારાષ્ટ્ર ભાજપના વિધાન પરિષદના સભ્ય યોગેશ ટિળેકરના મામાનું અજાણ્યા શખસોએ પુણેના હડપસર વિસ્તારમાંથી કથિત અપહરણ કર્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. હડપસર પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર સંતોષ પઠારેએ જણાવ્યું હતું કે સતીશ વાઘ (૫૫) મોર્નિંગ વૉક માટે નીકળ્યો હતો ત્યારે શેવળવાડી ચોક નજીક એક એસયુવી તેમની પાસે આવી હતી. ચારથી પાંચ અજાણ્યા શખસે જબરદસ્તી વાઘને એસયુવીમાં બેસાડ્યો હતો. અપહરણ બાદ વાઘના પરિવારને ખંડણી માટે કોઈ કૉલ આવ્યો નહોતો અને પરિવારજનોએ કોઈ વ્યક્તિ પર શંકા પણ વ્યક્ત કરી નહોતી. આરોપીની શોધ માટે પોલીસની સ્પેશિયલ ટીમ બનાવવામાં આવી હતી. એસયુવીને જોનારા સાક્ષીએ આપેલા વર્ણનને આધારે વાહનની શોધ ચલાવવામાં આવી રહી છે. તપાસના ભાગ રૂપે પોલીસ ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે. (પીટીઆઈ)■

# પુણેના દેરાસરમાં ચોરી કરનાર ગિરગામનો જૈન જ નીકળ્યો

પુણે: પુણેના સ્વારગેટ પરિસરમાં દેરાસરમાંથી સોનાના દાગીના ચોરનારા દક્ષિણ મુંબઈના આરોપીને પોલીસે પકડી પાડ્યો હતો.

ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ નરેશ જૈન તરીકે થઈ હતી. દક્ષિણ મુંબઈના ગિરગામ વિસ્તારમાં રહેતા જૈન વિરુદ્ધ આઠથી દસ ગુના નોંધાયેલા હોવાનું પોલીસે જણાવ્યું હતું. સ્વારગેટ પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર યુવરાજ નાંદરેએ જણાવ્યું હતું કે દેરાસરમાંથી ભગવાનનો સોનાનો એક મુગટ અને એક ચેઈન ચોરાઈ હતી. એ જ દિવસે આરોપીએ આ રીતે ત્રણથી ચાર મંદિરમાં દાગીના ચોરવાનો પ્રયાસ કર્યો હતો. સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી પોલીસે જૈન સાધુના વેશમાં આવેલા આરોપીને ઓળખી કાઢ્યો હતો.

મળેલી માહિતીને આધારે આરોપીને ગિરગામ પરિસરમાંથી તાબામાં લેવાયો હતો. તેની પાસેથી ૪.૨૦ લાખ રૂપિયાના મૂલ્યના મુગટ અને ચેઈન હસ્તગત કરવામાં આવ્યા હતા. આર્થિક તંગીને પગલે ગુનો આચર્યો હોવાનો દાવો આરોપીએ કર્યો હતો. ઘાટકોપર અને ડોમ્બિવલી સહિતના વિસ્તારોમાં બનેલી આવી આઠથી દસ ઘટનામાં આરોપીની સંડોવણી હોવાનું પોલીસનું કહેવું છે. (પીટીઆઈ)■

# થાણે-સાતારામાં ક્રાઈમ બ્રાન્ચની કાર્યવાહી: ૨૯૨ દેશી બોમ્બ સાથે દંપતી સહિત ત્રણની ધરપકડ

થાણે: થાણે પોલીસના સેન્ટ્રલ ક્રાઇમ યુનિટે થાણે અને સાતારા જિલ્લામાં કાર્યવાહી કરીને ૨૯૨ દેશી બોમ્બ સાથે દંપતી સહિત ત્રણ જણની ધરપકડ કરી હતી. આરોપીઓની ઓળખ મુરલીબાઇ પાલિશ સિકરે (૩૫) અને તેનો પતિ પાલિશ સિકરે (૩૭) તથા સુભાષ ગજાનન પહેલકર (૪૯) તરીકે થઇ હતી. મુરલીબાઇ અને પાલિશ શિકરે મધ્ય પ્રદેશના વતની હોઇ તેઓ હાલ સાતારા જિલ્લામાં રહે છે.

સેન્ટ્રલ ક્રાઇમ યુનિટના અધિકારીઓને માહિતી મળી હતી કે જંગલી ડુક્કરોનો શિકાર કરવા માટે વપરાતા દેશી બોમ્બ વેચવા માટે એક શખસ થાણેના સાકેત રોડ પર આવવાનો છે. આથી પોલીસે બીજી ડિસેમ્બરે છટકું ગોઠવીને સુભાષ પહેલકરને પકડી પાડીને તેની પાસેથી ૧૦ દેશી બોમ્બ જપ્ત કર્યા હતા. રાયગડ જિલ્લાના માનગાંવ તાલુકાના રહેવાસી સુભાષ પહેલકરે આ દેશી બોમ્બ સાતારા જિલ્લાના વાઇ ખાતેથી વેચવા માટે લાવ્યા હોવાનું પૂછપરછમાં જાણવા મળ્યા બાદ પોલીસની ટીમને ત્યાં રવાના કરવામાં આવી હતી અને વાઇ પોલીસ સ્ટેશનના સ્ટાફની મદદથી મુરલીબાઇ શિકરે અને તેના પતિને ઝડપી પાડવામાં આવ્યાં હતાં. બંને પાસેથી ૨૮૨ દેશી બોમ્બ જપ્ત કરવામાં આવ્યા હતા, જેની કિંમત ૨.૮૨ લાખ થાય છે. આરોપીઓ વિરુદ્ધ રાબોડી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ■

# થાણેમાં ચીની માંજા પર બંધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: પતંગ ઉડાવવા માટે વાપરવામાં આવનારા પ્લાસ્ટિક અથવા સિન્થેટિક પદાર્થથી તૈયાર કરેલા ચીની માંજા, ચીની દોરા અથ નાયલોન અથવા પ્લાસ્ટિક કૃત્રિમ માંજો એ માણસો સહિત પક્ષીઓ માટે જોખમી બની શકે છે. તેથી આવા માંજાના વપરાશ પર થાણે મહાનગરપાલિકા વિસ્તારમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમ જ નાગરિકોને ટોલ ફ્રી નંબર ફરિયાદ કરવાની અપીલ પણ કરી છે. પતંગ ઉડાવવા માટે તીક્ષ્ણ ધાતુ અથવા કાચ અથવા ચીકણા પદાર્થ તેમ જ દોરો મજબૂત કરવા માટે પદાર્થ ન હોય તેવા સુતરના દોરાને જ મંજૂરી આપવામા આવી હોવાનું થાણે પાલિકાએ જાહેર કર્યું હતું. ચીની માંજો તરીકે ઓળખાતો દોરો તૈયાર કરવા માટે બારિક ચૂરો કરેલો કાચ, ધાતુ અથવા તીક્ષ્ણ પદાર્થનો ઉપયોગ કરવામાં આવે છે. આવા દોરાના ઉત્પાદન, વેચાણ અને સ્ટોક કરવા તથા તેના વપરાશ પર નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આવા દોરા, માંજાનું જૈવિક રીતે વિઘટન થતું ન હોવાથી પર્યાવરણને પણ નુકસાન થાય છે અને પશુઓને પણ તેનાથી નુકસાન થાય છે.

થાણે પાલિકાના જણાવ્યા મુજબ ચીની માંજા તથા સિન્થેટિક-નાયલોન માંજાના વેચાણ, ઉત્પાદન, સ્ટોક કરવા તેનો વપરાશ ટાળવા માટે વોર્ડ સ્તરે વિજિલન્સ ટીમ તપાસ કરવાની છે.નાગરિકો પણ પણ ૮૬૫૭૮૮૭૧૦૧ ટોલ ફ્રી નંબર પર ફોન કરીને વેચાણ કરનારા સામે ફરિયાદ કરી શકે છે. ■

# સગાઈ તૂટતાં સગીરાને અશ્લીલ મેસેજ મોકલનારો ગુજરાતમાંથી પકડાયો

થાણે: મીરા રોડમાં રહેતી સગીરા સાથેની સગાઈ તૂટી જતાં રોષે ભરાયેલા યુવકે બોગસ ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ બનાવી સગીરાને અશ્લીલ તસવીર અને મેસેજ મોકલાવ્યા હોવાનું સામે આવ્યું હતું. આ પ્રકરણે પોલીસે ગુજરાતના અંકલેશ્વરથી આરોપીની ધરપકડ કરી હતી.

મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસની સેન્ટ્રલ ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડેલા આરોપીની ઓળખ દીપ વિજયભાઈ સોલંકી (૨૦) તરીકે થઈ હતી. અંકલેશ્વરના ગળખોળ પાટિયા ખાતે રહેતા સોલંકીને વધુ તપાસ માટે મીરા રોડ પોલીસના તાબામાં સોંપાયો હતો.

અધિકારીના જણાવ્યા મુજબ મીરા રોડમાં રહેતી સગીરા સાથે ઑક્ટોબરમાં આરોપીની સગાઈ નક્કી કરાઈ હતી, પરંતુ આરોપીનું વર્તન યોગ્ય ન હોવાની માહિતી સગીરાના વડીલોને મળી હતી. અયોગ્ય વર્તનને કારણે જ આરોપીનાં અગાઉ ત્રણ વખત લગ્ન તૂટ્યાં હતાં. પરિણામે સગીરાના વડીલોએ પણ સગાઈ તોડી નાખી હતી. કહેવાય છે કે સગાઈ તૂટતાં આરોપી ગિન્નાયો હતો. નવેમ્બરના છેલ્લા સપ્તાહમાં તેણે કાકાના મોબાઈલ પરથી બોગસ ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ બનાવ્યું હતું. આ અકાઉન્ટ પરથી તેણે સગીરાને અશ્લીલ તસવીર અને મેસેજ મોકલાવ્યા હતા. આ પ્રકરણે સગીરાના વડીલોએ ફરિયાદ નોંધાવતાં મીરા રોડ પોલીસે ગુનો નોંધ્યો હતો, જેની સમાંતર તપાસ ક્રાઈમ બ્રાન્ચે હાથ ધરી હતી.

ક્રાઈમ બ્રાન્ચે આરોપીના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટને ટ્રેસ કરતાં તે અંકલેશ્વરમાં હોવાનું માલૂમ પડ્યું હતું. અંકલેશ્વર પહોંચેલી પોલીસની ટીમે સ્થાનિક પોલીસની મદદથી આરોપીને તાબામાં લીધો હતો. ■

# નવ વર્ષના ભારતીય છોકરાએ ગ્રાન્ડ માસ્ટરને હરાવ્યો

ભુવનેશ્વર : દિલ્હીનો નવ વર્ષનો આરીત કપિલ અહીં કેઆઇઆઇટી ઈન્ટરનેશનલ ઓપન ટૂર્નામેન્ટના નવમા અને અંતિમ રાઉન્ડમાં અમેરિકાના રાસેટ ઝિયાતદીનોવને હરાવીને ચેસ ગ્રાન્ડમાસ્ટરને હરાવનાર સૌથી નાની ઉંમરનો ભારતીય ખેલાડી બની ગયો છે

કપિલે આ સિદ્ધિ નવ વર્ષ, બે મહિના અને ૧૮ દિવસની ઉંમરમાં હાંસલ કરી છે. તે ક્લાસિકલ ટાઈમ કંટ્રોલમાં ગ્રાન્ડમાસ્ટરને હરાવનાર તે સૌથી નાની ઉંમરનો ભારતીય અને વિશ્વનો ત્રીજો ખેલાડી છે. કોઇ ગ્રાન્ડમાસ્ટરને હરાવનાર વિશ્વનો સૌથી નાની ઉંમરનો ખેલાડી સિંગાપોરનો ભારતીય મૂળનો અશ્વથ કૌશિક છે. તેણે આ વર્ષની શરૂઆતમાં પોલેન્ડના જેસેક સ્તૂપા સામે જીત નોંધાવીને આ સિદ્ધિ મેળવી હતી. ત્યારે તેની ઉંમર માત્ર આઠ વર્ષ છ મહિના હતી.

ઝિયાતદીનોવ ૬૬ વર્ષનો છે, પરંતુ તેણે કપિલને સખત પડકાર આપ્યો જે સફેદ મોહરાથી રમી રહ્યો હતો. જોકે, ભારતીય ખેલાડીએ તેની દરેક ચાલનો સારો જવાબ આપ્યો અને ૬૩ ચાલમાં આ રમત જીતીને ભારતીય ચેસના ઈતિહાસમાં એક નવો અધ્યાય ઉમેર્યો હતો. ■

# વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપમાં ૧૨મા રાઉન્ડમાં ચીની ખેલાડીની વાપસી, ગુકેશને હરાવીને સ્કોર બરાબર કર્યો

સિંગાપોરઃ ભારતીય ચેલેન્જર ડી ગુકેશને સોમવારે અહીં વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપના ૧૨મા રાઉન્ડમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ચીનના ડિંગ લિરેન સામે હાર મળી છે. આ સાથે બંનેનો સ્કોર છ-છ પોઈન્ટ સાથે સમાન થઈ ગયો હતો. સતત સાત મૅચ ડ્રો થયા બાદ ૧૮ વર્ષીય ગુકેશે રવિવારે ૧૧મી ગેમ જીતીને ચીની ખેલાડી પર એક પોઈન્ટની સરસાઈ મેળવી હતી, પરંતુ ૩૨ વર્ષીય લિરેને બીજી જ ગેમમાં મેચને બરાબર કરી દીધી હતી.

'ક્લાસિકલ' ફોર્મેટમાં ૧૪માંથી ૧૨ ગેમ બાદ બંને ખેલાડીઓ ટાઇટલથી ૧.૫ પોઈન્ટ દૂર છે. ૧૪ ગેમ પછી જો પરિણામ ટાઈ રહે છે (દરેકને સાત-સાત પોઈન્ટ) તો વિજેતાનો નિર્ણય 'ફાસ્ટર ટાઈમ કંટ્રોલ' દ્વારા કરવામાં આવશે.

લિરેન આ મેચની પ્રારંભિક ગેમ જીતી ગયો હતો જ્યારે ગુકેશ ત્રીજી ગેમમાં વિજેતા બન્યો હતો. તેની આઠ ગેમ ડ્રોમાં સમાપ્ત થઈ છે. લિરેનની જીત સાથે એ નક્કી થયું કે વિશ્વ ચેમ્પિયનશિપના વિજેતા અંગેનો નિર્ણય ૧૪મા રાઉન્ડમાં અથવા તે પછી લેવામાં આવશે.

સફેદ મોહરાઓથી આ લિરેનની પ્રથમ જીત છે. આ મૅચ માટે ગુકેશની તૈયારી છેલ્લી ૧૧ ગેમની જેમ સારી દેખાતી નહોતી. ચીનના ખેલાડીએ ઈંગ્લિશ ઓપનિંગ (વઝીરના આગળના પ્યાદાને બે ઘર ખસેડવો)નો સહારો લીધો હતો અને ગુકેશે પણ આવી જ ચાલ (બેનોની ડિફેન્સ) સાથે જવાબ આપ્યો હતો.

આ મૅચમાં બંને ખેલાડીઓ ૧૫ ચાલ સુધી બરાબરી પર હતા, પરંતુ તે પછી ગુકેશની સ્થિતિ નબળી પડવા લાગી હતી. લિરેન ઓછો સમય છતાં ગુકેશ પર પ્રભુત્વ રાખવામાં સફળ રહ્યો હતો. લિરેને તેના રુક (હાથી)નું બલિદાન આપીને શાનદાર વ્યૂહાત્મક કૌશલ્ય દર્શાવ્યું અને ગુકેશને છેતર્યો હતો જેનાથી ભારતીય ખેલાડીને ૩૯ ચાલ પછી હાર સ્વીકારવાની ફરજ પડી હતી. ગુકેશ માટે બુધવારની ગેમ ખૂબ જ મહત્ત્વપૂર્ણ હશે કારણ કે તે ક્લાસિકલ ફોર્મેટમાં વ્હાઇટ મોહરા સાથેની તેની છેલ્લી ગેમ હશે. ૧૪મી ગેમમાં લિરેન વ્હાઇટ મોહરાથી વધુ સારી સ્થિતિમાં હશે. લિરેને રશિયાના ઇયાન નેપોમ્નિઆચીથી ત્રણ વખત પાછળ રહ્યા બાદ શાનદાર વાપસી કરીને છેલ્લી વર્લ્ડ ચેમ્પિયનશિપ પણ જીતી હતી. ■




**વિકેટઃ** દક્ષિણ આફ્રિકાના કેબેરહાસ્થિત સેંટ જ્યોર્જ પાર્ક ખાતે શ્રીલંકા અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાયેલી બીજી ટેસ્ટના પાંચમા દિવસે વિકેટ મેળવ્યા બાદ ટીમના સભ્યો સાથે ઉજવણી કરી રહેલો ટીમનો કેપ્ટન ટેમ્બા બાવુમા (મધ્યમાં) (એજન્સી)

# પેસ બોલર મોહમ્મદ શમી બની ગયો ઑલરાઉન્ડર, બેંગાલને ક્વોર્ટરમાં પહોંચાડી દીધું

બેંગ્લૂરુઃ ફિટનેસની બાબતમાં પેસ બોલર મોહમ્મદ શમી પર થોડા દિવસથી ચર્ચા ચાલી રહી છે અને તે ઑસ્ટ્રેલિયાનો પ્રવાસ ક્યારે શરૂ કરશે એના વિશે અટકળો થઈ રહી છે એવામાં શમીએ અહીં ટી-૨૦ ટૂર્નામેન્ટમાં ઑલરાઉન્ડ પર્ફોર્મ કરીને (ખાસ કરીને બેટિંગના જોરે) બેંગાલને જિતાડીને ક્વોર્ટર ફાઈનલમાં પહોંચાડી દીધું હતું. બેંગાલે ચંડીગઢ સામેની રોમાંચક પ્રી-ક્વોર્ટર ફાઈનલમાં ત્રણ રનથી વિજય મેળવ્યો હતો. સૈયદ મુશ્તાક અલી ટ્રોફી નામની ટૂર્નામેન્ટમાં ચંડીગઢ સામે બેંગાલે ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૫૯ રન બનાવ્યા હતા. એમાં ઓપનર કરણ લાલના ૩૩ રન હાઈએસ્ટ હતા. જોકે મોહમ્મદ શમીની ઇનિંગ્સ સૌથી આકર્ષક હતી. તે ફક્ત ૧૭ બોલમાં બે સિક્સર અને ત્રણ ફોરની મદદથી ૩૨ રન બનાવીને અણનમ રહ્યો હતો. ટી-૨૦માં તેનો આ હાઈએસ્ટ સ્કોર છે. શમીની આ ફટકાબાજી થકી જ બેંગાલનો સ્કોર ૧૫૯/૯ સુધી પહોંચ્યો હતો. તેણે ૧૮૮.૨૪ના સ્ટ્રાઇક-રેટથી રન બનાવ્યા હતા. ચંડીગઢની ટીમ ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૫૬ રન બનાવી શકી હતી અને ત્રણ રનથી બેંગાલે જીત હાંસલ કરી હતી. મોહમ્મદ શમીએ પહેલી જ ઓવરમાં ઓપનર અર્સલાન ખાનની મહત્ત્વની વિકેટ પણ લીધી હતી. બેંગાલના જગજિત સિંહ નામના પેસ બોલરે ચાર અને રાજ બાવાએ બે વિકેટ લીધી હતી. આ ટૂર્નામેન્ટમાં મુંબઈ, બરોડા, સૌરાષ્ટ્ર ક્વોર્ટરમાં પહોંચી ગયા છે. મુંબઈનો બુધવાર, ૧૧ ડિસેમ્બરની ક્વોર્ટરમાં વિદર્ભ સામે મુકાબલો છે. ■

# ભારતે બધિર દ્વિપક્ષીય ક્રિકેટ સિરીઝમાં શ્રીલંકાને ૫-૦થી હરાવ્યું

નવી દિલ્હીઃ ભારતીય બધિર ક્રિકેટ ટીમે અહીં ૨ થી ૮ ડિસેમ્બર દરમિયાન યોજાયેલી દ્વિપક્ષીય વન-ડે સિરીઝમાં શ્રીલંકાને ૫-૦ થી હરાવ્યું હતું. ભારતીય ટીમનું નેતૃત્વ વીરેન્દ્ર સિંહે કર્યું હતું જ્યારે ગિમાડુ મૈલકમે શ્રીલંકાના કેપ્ટનની ભૂમિકા ભજવી હતી.

ભારતીય ટીમે પાંચમી અને અંતિમ વનડે ૧૩ રને જીતી લીધી હતી. ૪૯.૫ ઓવરમાં ૨૮૯ રન ફટકાર્યા બાદ ભારતે શ્રીલંકાને ૪૮.૪ ઓવરમાં ૨૭૬ રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. શ્રીલંકાના એલેનરોસ કાલેપે ચાર ઇનિંગ્સમાં ૧૨ વિકેટ ઝડપી હતી. તેને સિરીઝનો સર્વશ્રેષ્ઠ ખેલાડી પસંદ કરાયો હતો. ભારતના સંતોષ કુમાર મહાપાત્રાને પાંચ ઇનિંગ્સમાં એક સદી અને બે અડધી સદી સાથે ૩૨૫ રન કર્યા હતા. જે બદલ તેને સિરીઝનો શ્રેષ્ઠ બેટ્સમેન જાહેર કરવામાં આવ્યો હતો. ભારતીય ટીમે ૨૫ નવેમ્બરથી ૧ ડિસેમ્બર સુધી રાષ્ટ્રીય રાજધાનીમાં મુખ્ય કોચ દેવ દત્ત અને સહાયક કોચ સુશીલ ગુપ્તાની દેખરેખમાં ટ્રેનિંગ લીધી હતી. આ સિરીઝનું આયોજન ભારતીય બધિર ક્રિકેટ સંઘ દ્વારા કરવામાં આવ્યું હતું, જે ડેફ ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના સભ્ય છે. ■

# રોહિત શર્માના સમર્થનમાં કપિલ દેવે કહ્યું- 'કેપ્ટને કાંઈ સાબિત કરવાની જરૂર નથી'

નવી દિલ્હીઃ ભારતના પૂર્વ મહાન ક્રિકેટર કપિલ દેવે સોમવારે કહ્યું કે રોહિત શર્માની વાપસી કરવાની ક્ષમતા પર શંકા ન કરવી જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે, ભારતીય કેપ્ટનને કારકિર્દીના આ તબક્કે પોતાને સાબિત કરવાની જરૂર નથી. એડિલેડમાં પિંક બોલ ટેસ્ટમાં રોહિતે મિડલ ઓર્ડરમાં બેટિંગ કરતા ત્રણ અને છ રન કર્યા હતા. જેની પૂર્વ ખેલાડીઓ અને ક્રિકેટ ચાહકોએ ટીકા કરી હતી.

કપિલે અહીં દિલ્હી ગોલ્ફ ક્લબમાં એક કાર્યક્રમ દરમિયાન કહ્યું હતું કે, ''તેણે પોતાને સાબિત કરવાની જરૂર નથી.'' તે ઘણાં વર્ષોથી આવું કરી રહ્યો છે તેથી આપણે કોઈ પર શંકા ન કરવી જોઈએ. મને એમાં શંકા નથી. હું આશા રાખું છું કે તે ફોર્મમાં પાછો ફરશે. નોંધનીય છે કે ૩૭ વર્ષીય રોહિત બીજી ટેસ્ટમાં છઠ્ઠા નંબર પર બેટિંગ કરવા આવ્યો હતો.

કપિલ દેવે કહ્યું હતું કે એક કે બે પ્રદર્શનના આધારે તમને કોઈની કેપ્ટનશિપ પર શંકા છે. મારો મતલબ છે કે તમે છ મહિના પહેલા જ્યારે તેણે ટી-૨૦ વર્લ્ડકપ જીત્યો હતો ત્યારે આ સવાલ કર્યો ના હોત. તેની ક્ષમતા અને પ્રતિભા જાણીને તે વાપસી કરશે.

યુવા હર્ષિત રાણાને બીજી ટેસ્ટમાં સામેલ કરવાની ભૂલ હતી કે કેમ તે અંગે પૂછવામાં આવતા કપિલે કહ્યું હતું હું કોઇ નથી. હું કેવી રીતે નિર્ણય લઇ શકું છું ? ત્યાં એવા લોકો છે જેમની પાસે ટીમમાં કોણ હોવું જોઈએ તે નક્કી કરવાની જવાબદારી છે.

તેમણે કહ્યું હતું કે વિરાટ કોહલી આપણા દેશના શ્રેષ્ઠ ક્રિકેટરોમાંથી એક છે. જો તમે ટોચના ચાર બેટ્સમેનોનો સમાવેશ કરો છો તો તે ત્યાં હશે. જો તે ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યો હોય તો તે તેના પર નિર્ભર કરે છે કે તે કેટલી ઝડપથી વાપસી કરી શકે છે. ■

# એડિલેડ ટેસ્ટમાં ઝઘડા બદલ મોહમ્મદ સિરાજને આઇસીસીએ ફટકાર્યો દંડ

એડિલેડઃ ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) એ એડિલેડમાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની બીજી ટેસ્ટમાં મેદાન પર બોલાચાલી કરવા બદલ મોહમ્મદ સિરાજ અને ટ્રેવિસ હેડને સજા ફટકારી છે. સિરાજને તેની મેચ ફીના ૨૦ ટકાનો દંડ ફટકારવામાં આવ્યો હતો જ્યારે હેડને કોઇ દંડ ફટકારવામાં આવ્યો નથી, પરંતુ ભારતીય ફાસ્ટ બોલર સાથેના ઝઘડો કરવા બદલ તેને એક ડિમેરિટ પોઇન્ટ આપવામાં આવ્યો છે. દંડની સાથે મોહમ્મદ સિરાજ પર ડિમેરિટ પોઈન્ટ પણ લગાવવામાં આવ્યો છે.

નોંધનીય છે કે સિરીઝની બીજી ટેસ્ટ મેચ એડિલેડ ખાતે રમાઇ હતી. આ પિંક બોલ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ ૧૦ વિકેટે જીત મેળવી હતી. મેચ બાદ ભારતીય ઝડપી બોલર મોહમ્મદ સિરાજને મોટો ફટકો પડ્યો છે. આઇસીસીએ તેના પર મેચ ફીના ૨૦ ટકાનો દંડ ફટકાર્યો છે. સિરાજને મેચમાં ટ્રેવિસ હેડ સાથે ઝઘડો કરવા બદલ આ સજા મળી છે. જ્યારે આઇસીસીએ ટ્રેવિસ હેડને કોઈ દંડ ફટકાર્યો નથી. જોકે, આઈસીસીએ સિરાજ અને હેડ બંનેને ૧-૧ ડિમેરિટ પોઈન્ટ આપ્યા છે.આઈસીસીએ કહ્યું હતું કે 'સિરાજ અને હેડને ડિસિપ્લિનરી રેકોર્ડમાં ૧-૧ ડિમેરિટ પોઈન્ટ આપવામાં આવ્યા છે, જે છેલ્લા ૨૪ મહિનામાં તેમનો પહેલો ગુનો છે.' ૨૪ મહિનામાં સિરાજ અને હેડની આ પહેલી ભૂલ હતી, તેથી કોઈના પર મેચનો પ્રતિબંધ લગાવાયો નથી.

બંને ૧૪ ડિસેમ્બરથી શરૂ થનારી બ્રિસબેન ટેસ્ટમાં રમી શકે છે. નોંધનીય છે કે એડિલેડ ટેસ્ટ દરમિયાન સિરાજ અને હેડ વચ્ચે બોલાચાલી થઈ હતી. હેડને આઉટ કર્યા પછી સિરાજે તેની સામે ગુસ્સામાં સેલિબ્રેશન કર્યું હતું અને તેને પેવેલિયન પરત ફરવાનો સંકેત આપ્યો હતો. . પેવેલિયનમાં પરત ફરતી વખતે હેડે પણ સિરાજને કંઈક કહ્યું હતું. ■

# મોહમ્મદ સિરાજ સારો વ્યક્તિ, તેની પાસે દર્શકોમાં ઉત્સાહ વધારવાની ક્ષમતા છેઃ હેઝલવૂડ

એડિલેડઃ ઓસ્ટ્રેલિયન ઓપનર ટ્રેવિસ હેડ સાથે બબાલ થયા બાદ મોહમ્મદ સિરાજનું આક્રમક વલણ ચર્ચાનો વિષય બન્યું હતું, પરંતુ જોશ હેઝલવૂડે ભારતીય ફાસ્ટ બોલરને સારો વ્યક્તિ ગણાવ્યો અને કહ્યું કે તે રમત પ્રત્યે ઝનૂની છે અને તેની પાસે વિરાટ કોહલીની જેમ દર્શકોમાં જોશ ભરવાની ક્ષમતા છે. સિરાજે એડિલેડમાં ઓસ્ટ્રેલિયા સામે બે વખત આક્રમક હરકતો બતાવી હતી. ડે-નાઈટ ફોર્મેટમાં રમાયેલી આ મેચમાં ભારત ૧૦ વિકેટે હારી ગયું હતું.

ઓસ્ટ્રેલિયાની પ્રથમ ઇનિંગમાં તેણે બોલ માર્નસ લાબુશેન તરફ ફેંક્યો હતો. તેના બોલિંગ રન-અપ દરમિયાન લાબુશેને સ્ટમ્પ છોડીને પાછળ હટી જતા સિરાજ નારાજ થયો હતો અને તેણે આવી પ્રતિક્રિયા આપી હતી. સાઇટ સ્ક્રીનની સામે દર્શક આવી જતાં લાબુશેનને ક્રિઝ છોડવાની ફરજ પડી હતી. બીજા દિવસે સિરાજે ટ્રેવિસ હેડ સાથે બોલાચાલી કરી હતી.

ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ઝડપી બોલર હેઝલવૂડે કહ્યું હતું કે, ''તે સારો વ્યક્તિ છે અને કેટલીકવાર તેને જોવો સારો લાગે છે.'' હેઝલવુડે ઇન્ડિયન પ્રીમિયર લીગમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમમાં સિરાજ સાથે ડ્રેસિંગ રૂમ શેર કર્યો છે.

તેણે કહ્યું હતું કે, મેં સિરાજ સાથે આરસીબીમાં મારા સમયનો ખરેખર આનંદ માણ્યો હતો. તે કદાચ ભારતીય બોલિંગનું અમુક હદ સુધી નેતૃત્વ કરે છે. તેનું વ્યક્તિત્વ કંઈક અંશે વિરાટ જેવું છે. તે ખૂબ જ લાગણીશીલ છે અને દર્શકોમાં જોશ ભરવાની ક્ષમતા ધરાવે છે. તેણે છેલ્લાં કેટલાક વર્ષોમાં આઇપીએલમાં શાનદાર બોલિંગ કરી છે. હેઝલવૂડ ઈજાના કારણે એડિલેડ ટેસ્ટ મેચ રમી શક્યો ન હતો. તેણે પ્રથમ ટેસ્ટ મેચની શરૂઆતની ઇનિંગ્સમાં કોહલીને પાંચ રન પર આઉટ કર્યો હતો. ■

# હોટેલમાં બેઠાં રહેવાને બદલે તમે બધા પ્રૅક્ટિસ કરજોઃ ટીમ ઈન્ડિયાને સુનીલ ગાવસકરની સલાહ

## બૅટિંગ-લેજન્ડ સનીનું માનવું છે કે રોહિતે ઓપનિંગમાં જ રમવું જોઈએ

ઍડિલેઈડઃ ઑસ્ટ્રેલિયામાં બૉર્ડર-ગાવસકર ટ્રૉફી રમી રહેલા ભારતીય ખેલાડીઓને ખુદ બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરે સલાહ આપી છે કે પિન્ક બૉલ ડે/નાઈટ ટેસ્ટ ખૂબ વહેલી (સવાબે દિવસમાં) પૂરી થઈ ગઈ છે એને પગલે તમે બધા હવે હૉટલની રૂમમાં બેઠાં રહીને અમૂલ્ય સમય વેડફવાને બદલે ત્રીજી ટેસ્ટ માટેની પ્રૅક્ટિસ અત્યારથી જ શરૂ કરી દેજો.

સનીનું કહેવું છે કે રોહિત શર્મા ઍન્ડ કંપનીને પ્રૅક્ટિસ માટે વધારાના જે બે દિવસ મળ્યા છે એમાં અથાક મહેનત કરવાની જરૂર છે કે જેથી કરીને બ્રિસબેનની ત્રીજી ટેસ્ટ જીતીને આ શ્રેણીમાં કમબૅક કરી શકાય.

ઑસ્ટ્રેલિયાએ ઍડિલેઇડ ટેસ્ટમાં ૧૦ વિકેટથી વિજય મેળવીને પાંચ-મૅચની શ્રેણી ૧-૧થી સમકક્ષ કરી છે.

ગાવસકરે ભારતીય ટીમને સલાહ આપી છે કે ''શ્રેણીના બાકીના ભાગને તમે હવે ત્રણ મૅચની શ્રેણી તરીકે જુઓ. ભૂલી જાઓ કે આ પાંચ ટેસ્ટની શ્રેણી છે. હું ઇચ્છું છું કે ભારતીય ટીમ આ વધારાના બે દિવસ પણ પ્રૅક્ટિસમાં પસાર કરે.''

ગાવસકરે એક સત્તાવાર બ્રૉડકાસ્ટરને આ વિષયમાં એવું પણ જણાવ્યું હતું કે ''ખૂબ મહત્ત્વની વાત એ છે કે તમારે હૉટેલ રૂમમાં અથવા જ્યાં પણ છો ત્યાં બેઠાં ન રહેવું જોઈએ, કારણ કે તમે અહીં ક્રિકેટ રમવા આવ્યા છો. હા, તમારે આખો દિવસ પ્રૅક્ટિસ કરવાની કોઈ જરૂર નથી. તમે સવારે અથવા બપોરે, જે સમય પસંદ કરો ત્યારે પ્રૅક્ટિસ કરો, પરંતુ આ બહુમૂલ્ય દિવસો બગાડશો નહીં. જો ઍડિલેઇડની ટેસ્ટ પાંચ દિવસ સુધી ચાલી હોત તો તમે રમી જ રહ્યા હોત. એટલે મેદાન પર પાછા પહોંચીને પ્રૅક્ટિસ કરવા માંડો.''

ત્રીજી ટેસ્ટ શનિવાર, ૧૪મી ડિસેમ્બરે શરૂ થશે અને ગાવસકરે કહ્યું છે કે ભારતીયોએ આ દરમ્યાનના સમયનો ઉપયોગ તેમના રિધમને પાછા મેળવવા માટે કરવો જોઈએ.

તેમણે કહ્યું કે ''તમે આ સિરીઝમાં બહુ રન બનાવ્યા જ નથી. રિધમ પાછું મેળવવા તમારે મેદાન પર વધુ સમય આપવો જ પડશે. તમારા બોલરો રિધમ ગુમાવી બેઠા છે. બીજા ખેલાડીઓ પણ છે જેમણે મેદાન પર વધુ સમય આપવાની જરૂર છે.''

ગાવસકરના મતે ભારતીય પેસ બોલર્સ ફાસ્ટ બોલિંગને વધુ માફક આવતી ઍડિલેઇડની પિચ પર સંઘર્ષ કરી રહેલા જોવા મળ્યા જેને કારણે પ્રથમ ઈનિંગ્સમાં તેમણે ઘણા રન આપી દીધા હતા. ખાસ કરીને ૧૪૦ રન બનાવનાર ટ્રેવિસ હેડે એ સ્થિતિનો ફાયદો ઉઠાવ્યો હતો અને ઑસ્ટ્રેલિયાની ટીમ ૧૫૭ રનની મોટી લીડ લેવામાં સફળ થઈ હતી.

ગાવસકરનું માનવું છે કે તેઓ વૈકલ્પિક પ્રૅક્ટિસમાં માનતા જ નથી. ક્યારે કોણે પ્રૅક્ટિસ કરવી એ નિર્ણય લેવાનો હક સંપૂર્ણપણે કૅપ્ટન અને કોચના હાથમાં હોવો જોઈએ, ખેલાડીઓના હાથમાં નહીં.

ગાવસકરે ચેનલને કહ્યું કે ''તમે ૧૫૦ રન બનાવ્યા છે એટલે તમારે પ્રૅક્ટિસમાં આવવાની જરૂર નથી અથવા તમે ૪૦ ઓવર બોલિંગ કરી છે એટલે તમારે હવે પ્રૅક્ટિસ કરવાની જરૂર નથી...આવો કોઈ વિકલ્પ ટીમના ખેલાડીઓને આપવાની કોઈ જ જરૂર નથી. તમે જો ખેલાડીઓને એવો વિકલ્પ આપશો તો અમુક પ્લેયર ફટ દઈને કહી દેશે કે હા, અમારે પ્રૅક્ટિસ નથી કરવી, અમે રૂમમાં જ રહીશું. ખરેખર તો ભારતીય ક્રિકેટને આવો અભિગમ પરવડે એમ નથી.''

ટીમ ઇન્ડિયાના ખેલાડીઓને ગાવસકરની એવી પણ સલાહ છે કે ''ભારતીય ક્રિકેટને એવા જ ખેલાડીઓની જરૂર છે જેઓ પૂરેપૂરી સમર્પણ ભાવના બતાવે. ભારત વતી રમવા મળે એ મોટું ગૌરવ કહેવાય. ભારતીયોનો ઑસ્ટ્રેલિયા પ્રવાસ કુલ ૫૭ દિવસનો છે. પાંચ ટેસ્ટ મેચના કુલ પચીસ દિવસ બાદ કરીએ તો ૩૨ દિવસ ફુરસદના કહેવાય. રમાઈ ગયેલી પ્રૅક્ટિસ મૅચના બે દિવસ કાઢી નાખો તો ૩૦ દિવસ બાકી કહેવાય. પર્થમાં ખેલાડીઓને વધારાનો એક દિવસ અને ઍડિલેઇડમાં બે દિવસ, એમ કુલ મળીને વધુ ત્રણ દિવસ પ્રૅક્ટિસ માટે મળ્યા. એટલે જ ખેલાડીઓને મારી વિનંતી છે કે મેદાન પર ઊતરો અને ખૂબ પ્રૅક્ટિસ કરો. હા, બુમરાહ, રોહિત અને વિરાટ અપવાદ છે. તેઓ પ્રૅક્ટિસ ન કરવા માગે તો કોઈ વાંધો નહીં. તેઓ ટીમમાં સૌથી અનુભવી છે. જોકે બાકીના ખેલાડીઓએ પ્રૅક્ટિસ કરતાં રહેવું જોઈએ.''

સની ગાવસકરે રોહિત શર્મા અને કેએલ રાહુલના વિષયમાં કહ્યું છે કે ''ઓપનિંગમાં યશસ્વી સાથે રોહિતે જ રમવું જોઈએ. રાહુલને નીચલા ક્રમે બીજા નવા બોલનો સામનો કરવા મોકલી શકાય. હું આશાવાદી છું. બ્રિસબેનમાં ભારતનો ટોપ-ઑર્ડર સારું રમશે એટલે રાહુલને ત્રણ-ચાર વિકેટ પડ્યા પછી બીજા નવા બોલનો સામનો કરવા માટે મોરચા પર મોકલી શકાય.'' ■

# એએફસી એશિયન કપ ક્વોલિફાયરમાં ભારતને ગ્રૂપ-સીમાં મળ્યું સ્થાન

કુઆલાલમ્પુરઃ ભારતને એએફસી એશિયન કપ સાઉદી અરેબિયા ૨૦૨૭ ક્વોલિફાયરના અંતિમ રાઉન્ડના ગ્રુપ-સીમાં હોંગકોંગ, સિંગાપોર અને બાંગ્લાદેશ સામે રમવાનું છે. ૨૪ ટીમોને ચાર-ચારના છ ગ્રુપમાં વહેંચીને ડ્રો કરવામાં આવ્યો હતો જે સોમવારે અહીં એએફસી હાઉસ ખાતે યોજાયો હતો. ફક્ત છ ગ્રૂપ વિજેતા જ ક્વોલિફાય કરી શકશે અને એ ૧૮ ટીમોમાં સામેલ હશે જેણે ક્વોલિફાઈંગના બીજા રાઉન્ડ પછી એએફસી એશિયન કપ સાઉદી અરેબિયા ૨૦૨૭ માટે પોતાની ટિકિટ બુક કરાવી લીધી છે. ક્વોલિફાયરનો અંતિમ રાઉન્ડ ૨૫ માર્ચ, ૨૦૨૫ અને માર્ચ ૩૧, ૨૦૨૬ વચ્ચે છ મેચના દિવસોમાં હોમ-એન્ડ-અવે ફોર્મેટમાં રમાશે. ભારત તેના ઈતિહાસમાં પ્રથમ વખત સતત ત્રણ એશિયન કપ માટે ક્વોલિફાય થવાના લક્ષ્ય સાથે બાંગ્લાદેશ સામે તેના અભિયાનની શરૂઆત કરશે. ભારતે તાજેતરના સમયમાં ત્રણેય હરીફોનો સામનો કર્યો છે. બ્લૂ ટાઈગર્સનો છેલ્લો સામનો ૨૦૨૧ની સૈફ ચેમ્પિયનશિપમાં બાંગ્લાદેશનો સામનો કર્યો હતો. જૂન ૨૦૨૨માં કોલકાતામાં એએફસી એશિયા કપ ક્વોલિફાયરમાં હોંગકોંગનો સામનો કર્યો હતો. સપ્ટેમ્બર ૨૦૨૨માં વિયેતનામમાં હંગ થિન્હ ફ્રેન્ડલી ટુર્નામેન્ટમાં સિંગાપોરનો સામનો કર્યો હતો. નવેમ્બરમાં જાહેર કરાયેલ ફિફા રેન્કિંગ અનુસાર, ભારત ૧૨૭માં, હોંગકોંગ ૧૫૬માં, સિંગાપોર ૧૬૧માં અને બાંગ્લાદેશ ૧૮૫માં ક્રમે છે. ડ્રો પછી ભારતના મુખ્ય કોચ માનોલો માર્ક્વેઝે કહ્યું હતું કે, ''અમે પોટ ૧ ટીમ છીએ અને અમારે એ બતાવવાની જરૂર છે કે શા માટે અમે ક્વોલિફાય કરવા માટે ફેવરિટ છીએ. ગ્રુપો વચ્ચે વધુ તફાવત નથી દરેક ગ્રૂપ મુશ્કેલમાં છે. ''અમે પહેલા માર્ચમાં બાંગ્લાદેશ સામે રમીશું, જે સૈફ ચેમ્પિયનશિપમાં અમારા નિયમિત હરીફ છે. અમારી પાસે છ મેચ છે અને અમારે ગ્રુપમાં ટોચ પર રહીને એશિયા કપ માટે ક્વોલિફાય થવું પડશે.''

# સાઉથ આફ્રિકાએ ટેસ્ટમાં શ્રીલંકાને ૧૦૯ રનથી હરાવ્યું

ગકબેરહા (દક્ષિણ આફ્રિકા)ઃ દક્ષિણ આફ્રિકાએ સોમવારે બીજી ટેસ્ટ મેચના છેલ્લા દિવસે શ્રીલંકાને ૧૦૯ રનથી હરાવીને શ્રેણી ૨-૦થી જીતી લીધી હતી. જીતવા માટે ૩૪૮ રનનો પીછો કરતા શ્રીલંકાને મેચના પાંચમા દિવસે જીતવા માટે વધુ ૧૪૩ રનની જરૂર હતી જ્યારે તેની પાંચ વિકેટ બાકી હતી. છઠ્ઠી વિકેટ માટે કેપ્ટન ધનંજય ડી સિલ્વા (૫૦) અને કુસલ મેન્ડિસ (૪૬)ની ૯૭ રનની ભાગીદારી તૂટ્યા બાદ દક્ષિણ આફ્રિકાએ સમય બગાડ્યા વિના પૂંછડીના બેટ્સમેનોને આઉટ કરી દીધા હતા. શ્રીલંકાની બીજી ઈનિંગ ૨૩૮ રનમાં સમેટાઈ ગઈ હતી. ડાબોડી સ્પિનર કેશવ મહારાજે ૭૬ રનમાં પાંચ વિકેટ ઝડપી હતી. તેણે તેની ટેસ્ટ કારકિર્દીમાં ૧૧મી વખત પાંચ વિકેટ લેવાની સિદ્ધિ મેળવી છે. દક્ષિણ આફ્રિકાએ પ્રથમ દાવમાં ૩૫૮ રન કર્યા હતા. બાદમાં શ્રીલંકાને પ્રથમ દાવમાં ૩૨૮ રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. સાઉથ આફ્રિકાએ બીજી ઇનિંગમાં ૩૧૭ રન કર્યા હતા. શ્રીલંકાને ગઈકાલના અણનમ બેટ્સમેન ડી સિલ્વા અને મેન્ડિસ પાસે છેલ્લા દિવસે ચમત્કારની અપેક્ષા હતી. દિવસની શરૂઆતમાં બંને ૩૯ રનના સમાન સ્કોર પર હતા. દિવસની સાતમી ઓવરમાં મહારાજે મેન્ડિસને એડન માર્કરામના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. તેની અડધી સદી પૂરી કર્યા પછી ડી સિલ્વા કગિસો રબાડાનો શિકાર બન્યો હતો. શ્રીલંકાએ છેલ્લી ત્રણ વિકેટ છ રને ગુમાવી દીધી હતી. આ જીત સાથે દક્ષિણ આફ્રિકાએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ટેબલમાં પ્રથમ સ્થાને પહોંચીને ફાઈનલ માટેનો દાવો મજબૂત કર્યો છે. ■

# ભારતના કુશ મૈનીએ ફોર્મ્યુલા-ટૂ કન્સ્ટ્રક્ટર્સ ચેમ્પિયનશિપ જીતીને રચ્યો ઈતિહાસ

અબુ ધાબીઃ ભારતના ફોર્મ્યુલા રેસ ડ્રાઈવર કુશ મૈનીએ અહીં એફ-૨ કન્સ્ટ્રક્ટર્સ રેસ જીતીને ભારતીય રમતમાં નવો ઈતિહાસ રચ્યો છે. તે એફઆઇએ કન્સ્ટ્રક્ટર્સની વર્લ્ડ ચેમ્પિયનશિપ જીતનાર દેશનો પ્રથમ ખેલાડી બની ગયો છે.

ફોર્મ્યુલા ૨ માં મૈની માટે તે શાનદાર સિઝન હતી. આ પહેલા તે આ રેસમાં પોલ પોઝિશન મેળવનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો હતો. મૈનીએ ઇનવિક્ટા રેસિંગની સફળતામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. આ ટીમ આ સિઝનમાં પાંચ વખત પોડિયમ પર પહોંચી છે જેમાં હંગેરીમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

આ ભારતીય ડ્રાઈવરે જેદ્દાહમાં પોલ પોઝિશન હાંસલ કરી હતી. આ રીતે તેણે તેની ટીમના અભિયાન માટે શાનદાર પાયો નાખ્યો હતો જેની મૈનીની ભૂતપૂર્વ ટીમ કેમ્પોસ રેસિંગ પર ૩૪.૫ પોઈન્ટની જીત સાથે પૂર્ણ થયું હતું. ■

# ઈકોનોમિક ડેટાની જાહેરાત અગાઉ બજારમાં સાવચેતીનું માનસ, સેન્સેક્સમાં ૨૦૧ પોઈન્ટનું ગાબડું, નિફ્ટી ૨૪૬૫૦ની નીચે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક અને વૈશ્વિક આર્થિક ડેટાની જાહેરાત અગાઉના સાવચેતીના માનસ વચ્ચે સતત બીજા શેરબજારમાં પીછેહઠ જોવા મળી હતી. સેન્સેક્સમાં ૨૦૧ પોઇન્ટનું ગાબડું નોંધાયું હતું અને નિફ્ટી ૨૪,૬૦૦ની નજીક નકારાત્મક નોંધ સાથે સ્થિર થયો હતો. બંધ સમયે, સેન્સેક્સ ૨૦૦.૬૬ પોઈન્ટ અથવા ૦.૨૫ ટકા ઘટીને ૮૧,૫૦૮.૪૬ના સ્તરે અને નિફ્ટી ૫૮.૮૦ પોઈન્ટ અથવા ૦.૨૪ ટકા ઘટીને ૨૪,૬૧૯ની સપાટીએ સ્થિર થયો હતો. કુલ ટ્રેડેડ શેરોમાંથી લગભગ ૨૨૨૨ શેર વધ્યા હતા, ૧૬૯૨ શેર ઘટ્યા અને ૧૫૧ શેર મૂળ સપાટીએ પાછાં ફર્યા હતા.

નિફ્ટીમાં ટાટા કન્ઝ્યુમર, એચયુએલ, ટાટા મોટર્સ, એક્સિસ બેંક, નેસ્લે ઈન્ડિયાનો સૌથી વધુ ગબડનારા શેરોમાં જ્યારે એલએન્ડટી, વિપ્રો, એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ, બીપીસીએલ, ટાટા સ્ટીલનો સૌથી વધુ વધનારા શેરોમાં સમાવેશ હતો. સેકટરલ ધોરણે, એફએમસીજી અને મીડિયા પ્રત્યેક બે ટકા, ફાર્મા, પીએસયુ બેન્ક, ઓટો, એનર્જી દરેક ૦.૫ ટકા ડાઉન હતા, જ્યારે મેટલ ઇન્ડેક્સ ૦.૬ ટકા અને કેપિટલ ગુડ્સ ઇન્ડેક્સ એક ટકા વધ્યા હતા. મિડકેપ ઈન્ડેક્સ ૦.૩ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૫ ટકા વધ્યા હતા.

પ્રાઇમરી માર્કેટમાં ફરી ગરમાટો જોવા મળ્યો છે. બ્લેકસ્ટોન સમર્થિત ઇન્ટરનેશનલ જેમોલોજીકલ ઇન્સ્ટિટ્યૂટ ઇન્ડિયા (આઇજીઆઇ) રૂ. ૪,૨૨૫ કરોડ એકત્ર કરવાના લક્ષ્ય સાથે ૧૩ ડિસેમ્બરે પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે અને ભરણું ૧૭ ડિસેમ્બરે બંધ થશે. આ ઓફરમાં પ્રમોટર દ્વારા રૂ. ૧,૪૭૫ કરોડનો નવો ઈશ્યુ અને રૂ. ૨,૭૫૦ કરોડની ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે.

કુલ પાંચ મેઇનબોર્ડ આઇપીઓ આવી રહ્યાં છે. ઇન્વેંચર નોલેજ સોલ્યુશન રૂ. ૨,૪૯૭.૯૨ કરોડન બુક બિલ્ટ ઇશ્યુ સાથે ૧૨ ડિસેમ્બરે બજારમાં આવશે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૧૨૬૫થી રૂ.૧૩૨૯ છે. આ ઈશ્યુ સંપૂર્ણપણે ઓએફએસ છે, જે ૧૬ ડિસેમ્બરે બંધ થશે.ફાળવણી ૧૭મી ડિસેમ્બરના રોજ ફાઇનલ થવાની અપેક્ષા છે. અને શેર ૧૯ ડિસેમ્બરે લિસ્ટિંગ થવાની ધારણા છે.

પાછલા શુક્રવારે પૂરા થયેલા જૂન પછીના શ્રેષ્ઠ સપ્તાહ બાદના પ્રથમ સત્રમાં સોમવારે ભારતીય બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી શરૂઆતથી જ નીચા મથાળે અથડાતાં રહ્યા હતા. રોકાણકારોમાં યુ.એસ. અને સ્થાનિક ફુગાવાના ડેટા પર નજર સાથે સાવચેતીનું માનસ જોવા મળ્યું છે. અમેરિકાના કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ફ્લેશન ડેટા બુધવારે જાહેર થશે. ભારતના ગુરુવારે જાહેર થનારા સીપીઆઈ ડેટા, આરબીઆઇના રેટ કટના સમયને પ્રભાવિત કરતું નિર્ણાયક પરિબળ બનશે.

સેન્સેક્સમાં હિન્દુસ્તાન યુનિલિવર, ટાટા મોટર્સ, એક્સિસ બેંક, નેસ્લે ઇન્ડિયા, એશિયન પેઇન્ટ્સ, ઈંઝઈ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ઇન્ડસઇન્ડ બેંક અને સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા ટોપ લૂઝર્સ હતા. જ્યારે લાર્સન એન્ડ ટુબ્રો, ટાટા સ્ટીલ, જેએસડબલ્યુ સ્ટીલ, એચડીએફસી બેંક, અદાણી પોર્ટ્સ, કોટક મહિન્દ્રા બેંક, ભારતી એરટેલ અને પાવરગ્રીડના ગેઇનર્સની યાદીમાં હતા.

એશિયન બજારોમાં, સિઓલ અને શાંઘાઈ નીચામાં સ્થિર થયા, જ્યારે ટોક્યો અને હોંગકોંગ લીલા રંગમાં સમાપ્ત થયા. યુરોપિયન બજારોમાં તેજી જોવા મળી હતી. શુક્રવારે યુએસ બજારો ઊંચા સ્તરે બંધ થયા હતા.ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૮૯ ટકા વધીને ૭૧.૭૫ ડોલર પ્રતિ બેરલ થઈ ગયું છે.

એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) એ પાછલા ત્રણ સત્રથી એકધારી અને નોંધપાત્ર લેવાલીનોંધાવ્યા બાદ શુક્રવારે રૂ.



૧,૮૩૦.૩૧ કરોડની ઇક્વિટી વેચી હતી. શુક્રવારે, ૩૦ શેરો ધરાવતો બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ ૫૬.૭૪ પોઈન્ટ અથવા ૦.૦૭ ટકા ઘટીને ૮૧,૭૦૯.૧૨ પર સેટલ થયો હતો, જ્યારે એનએસઇ નિફ્ટી ૩૦.૬૦ પોઈન્ટ ઘટીને ૨૪,૬૭૭.૮૦ પર સેટલ થયો હતો.

દરમિયાન, અમેરિકન બ્રોકરેજ ફર્મ મોર્ગન સ્ટેન્લીએ એવી આગાહી કરી છે કે મજબૂત સ્થાનિક રોકાણને કારણે ૨૦૨૫માં ભારત શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ઊભરતાં બજારોમાંનું એક બની શકે છે. જો વર્તમાન બજારનો ટ્રેન્ડ ચાલુ રહેશે તો સેન્સેક્સ એક વર્ષમાં ૧,૦૫,૦૦૦ની સપાટીને સ્પર્શી શકે છે. આ સપાટી વર્તમાન સ્તરોથી ૨૮.૫ ટકાનો વધારો દર્શાવે છે.

આ અઠવાડિયે, નિષ્ણાતો અપેક્ષા રાખે છે કે આરબીઆઈના સીઆરઆર કટ પછી પ્રવાહિતામાં સંભવિત વધારો, સરકારી નીતિઓ અને એફઆઇઆઇના પ્રવાહના વળતરને કારણે બજારમાં ક્રમિક ઉછાળો જળવાઇ રહેશે. સીઆરઆર કટને કારણે બેન્કિંગ સિસ્ટમમાં રૂપિયા એક લાખ કરોડથી વધુની પ્રવાહિતા ઠલવાશે.

આ ઉપરાંત વૈશ્વિક ઇક્વિટી બજારની દિશા યુએસ સીપીઆઈ ફુગાવાના ડેટાની જાહેરાતથી પ્રભાવિત થશે, જે ફેડરલની ડિસેમ્બરની બેઠકમાં શું થઇ શકે છે, તેનો અમુકઅંશે સંકેત આપશે. સ્થાનિક મોરચે, બજારના સહભાગીઓ સીપીઆઈ ફુગાવા પર ધ્યાન કેન્દ્રિત કરશે, જે ફેબ્રુઆરી અથવા એપ્રિલ પોલિસી મીટિંગમાં શરૂ થવાની સંભાવના ધરાવતા રેટ કટ ચક્ર પર નિર્ણય લેવા માટે આરબીઆઈ માટે મુખ્ય પરિબળ છે. મોટા ભાગના અર્થશાસ્ત્રીઓ નવેમ્બરમાં ફુગાવો નરમ થવાની અપેક્ષા રાખે છે.

અન્ય સ્થાનિક આર્થિક ડેટામાં ફુગાવા ઉપરાંત, ઓક્ટોબર માટેના ઔદ્યોગિક અને મેન્યુફેક્ચરિંગ પ્રોડકશન ડેટા પણ ૧૨ ડિસેમ્બરે જાહેર કરવામાં આવશે. વધુમાં, ૨૯ નવેમ્બરે પૂરા થયેલા પખવાડિયા માટે બેંક લોન અને ડિપોઝિટ વૃદ્ધિ તેમજ છઠી ડિસેમ્બરે પૂરા થયેલા સપ્તાહ માટે વિદેશી હૂંડિયામણ અનામત ૧૩ ડિસેમ્બરે જાહેર કરવામાં આવશે.

વૈશ્વિક સ્તરે તમામની નજર યુનાઇટેડ સ્ટેટ્સના નવેમ્બર માટેના ફુગાવાના ડેટા પર રહેશે, ખાસ કરીને ૧૭-૧૮ ડિસેમ્બરના રોજ યોજાનારી ફેડરલ ઓપન માર્કેટ કમિટીની પોલિસી મીટિંગમાં સેન્ટ્રલ બેંક અગાઉની બે મીટિંગમાં અગાઉથી જ નોંધાયેલા ૭૫ બેસિસ પોઇન્ટના કટ ઉપરાંત ફેડરલ ફંડના દરમાં ૨૫ બેસિસ પોઇન્ટનો ઘટાડો જાહેર કરે તેવી શક્યતા છે. અર્થશાસ્ત્રીઓના મતે ઓક્ટોબરમાં મોંઘવારી દર ૨.૬ ટકાની આસપાસ રહેવાની શક્યતા છે.

યુરોપિયન સેન્ટ્રલ બેંક દ્વારા ૧૨ ડિસેમ્બરના રોજ વ્યાજ દરના નિર્ણય પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. મોટા ભાગના અર્થશાસ્ત્રીઓ ધીમી વૃદ્ધિ અને યુએસ ટેરિફ અંગેના ભય વચ્ચે સેન્ટ્રલ બેંક ડિપોઝિટ ફેસિલિટી રેટ (મુખ્ય નીતિ દર) ૨૫ બેસિસ પોઇન્ટ ઘટાડશે એવું માનવામાં આવે છે. જો આવું થાય, તો જૂનની મીટિંગથી ચાલુ વર્ષમાં આ ચોથો ૨૫ બેસિસ પોઇન્ટનો ઘટાડો હશે.

બજાર આગામી સપ્તાહ માટે વિદેશી સંસ્થાકીય ફંડોની પ્રવૃત્તિ પર પણ નજર રાખશે કારણ કે સપ્ટેમ્બરના મધ્ય પછી પ્રથમ વખત સાપ્તાહિક ધોરણે એફઆઇઆઇ પ્રવાહમાં સકારાત્મક ટર્નઅરાઉન્ડ જોવા મળ્યો હતો, જે વ્યાપક-આધારિત બજારની તેજીમાં પ્રતિબિંબિત થાય છે. ઓક્ટોબર-નવેમ્બરમાં રૂ. ૧.૬ લાખ કરોડની ચોખ્ખી વેચવાલી સામે એફઆઇઆઇએ ડિસેમ્બરમાં કેશ સેગમેન્ટમાં રૂ. ૧૧,૯૩૪ કરોડની ચોખ્ખી લેવાલી નોંધાવી હતી.

જોકે, તેનાથી વિપરીત, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ ડિસેમ્બરમાં રૂ. ૧,૭૯૨ કરોડના શેરની ચોખ્ખી ખરીદી કરી હતી જે અગાઉના બે મહિનામાં રૂ. ૧.૫૧ લાખ કરોડની ચોખ્ખી ખરીદી હતી. એકંદરે, તેઓ ઓગસ્ટ ૨૦૨૩થી માસિક ધોરણે ચોખ્ખા ખરીદદારો રહ્યાં છે.

પ્રાઈમરી માર્કેટ વ્યસ્ત સપ્તાહ માટે તૈયારી કરી રહ્યું છે, જેમાં પાંચ મેઈનબોર્ડ આઈપીઓ સાથે એસએમઇ સેગમેન્ટના છ જાહેર ઈશ્યુ સબસ્ક્રિપ્શન માટે ખુલવાના છે. વિશાલ મેગા માર્ટનું રૂ. ૮,૦૦૦ કરોડનું પ્રારંભિક શેર વેચાણ અને સાઇ લાઇફ સાયન્સની રૂ. ૩,૦૪૩ કરોડની ઓફર સાથે વન મોબિક્વિક સિસ્ટમ્સનો રૂ. ૫૭૨ કરોડનો પબ્લિક ઇશ્યૂ ૧૧ ડિસેમ્બરે દલાલ સ્ટ્રીટ પર આવશે, જ્યારે ઇન્વેન્ચર્સ કોર્પોરેશન ૧૨ ડિસેમ્બરે જાહેર ભરણું ખોલશે અને ૧૩ ડિસેમ્બરે ઇન્ટરનેશનલ જેમમોલોજિકલ ઇન્સ્ટિટ્યૂટનો રૂ. ૪,૨૨૫ કરોડનો આઇપીઓ બજારમાં આવશે. એ જ રીતે, એસએમઇ સેગમેન્ટમાં, ધનલક્ષ્મી ક્રોપ સાયન્સ, જંગલ કેમ્પ્સ ઈન્ડિયા, ટોસ ધ કોઈન, પર્પલ યુનાઈટેડ સેલ્સ, સુપ્રીમ ફેસિલિટી મેનેજમેન્ટ અને યશ હાઈવોલ્ટેજ દ્વારા જાહેર ઈશ્યુ આ અઠવાડિયે સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે.

## ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી ફંડોની વેચવાલીએ ડૉલર સામે રૂપિયો સાત પૈસા નરમ

### આયાતકારો અને વિદેશી બૅન્કોની પણ ડૉલરમાં લેવાલી અને વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ વધીને ક્વૉટ થઈ રહ્યા હોવાથી ગબડતાં રૂપિયાને ઢાળ મળ્યો હતો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ અને ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૮૩૦.૩૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો સાત પૈસા તૂટીને ૮૪.૭૩ની સપાટીએ બંધ રહ્યો હતો. વધુમાં આજે આયાતકારો અને વિદેશી બૅન્કોની પણ ડૉલરમાં લેવાલી અને વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ વધીને ક્વૉટ થઈ રહ્યા હોવાથી ગબડતાં રૂપિયાને ઢાળ મળ્યો હતો. જોકે, આજે માત્ર ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ રહેતાં અમુક અંશે ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૪.૬૬ના બંધ સામે ઘટાડા સાથે ૮૪.૭૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૭૪ અને ઉપરમાં ૮૪.૬૮ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે સાત પૈસાની નરમાઈ સાથે ૮૪.૭૩ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત ૪ ડિસેમ્બરના રોજ ડૉલર સામે રૂપિયો ૮૪.૭૬ના ઐતિહાસિક તળિયે રહ્યો હતો.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૦૯ ટકાના સાધારણ ઘટાડા સાથે ૧૦૫.૯૬ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, પરંતુ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૮૯ ટકા વધીને ૭૧.૭૫ ડૉલર પ્રતિ બેરલ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૦૦.૬૬ પૉઈન્ટનો અને ૫૮.૮૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી અને ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી રહી હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

છ મહિના પછી ચીનની કેન્દ્રવર્તી બૅન્કની સોનામાં લેવાલી

## વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૫૦૫નો અને ચાંદીમાં ₹ ૯૮૦નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનની કેન્દ્રવર્તી બૅન્કની છ મહિનાના લાંબા સમયગાળા બાદ લેવાલી નીકળી હોવાના અહેવાલ ઉપરાંત મધ્ય પૂર્વના દેશોમાં રાજકીય-ભૌગોલિક તણાવ વધતાં સલામતી માટેની માગને ટેકે આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, જોકે રોકાણકારોની નજર આ સપ્તાહે જાહેર થનારા અમેરિકાના ફુગાવાના ડેટા પર સ્થિર હોવાથી સુધારો મર્યાદિત રહ્યો હતો. આમ વૈશ્વિક બજારનાં મક્કમ અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૦૩થી ૫૦૫નો સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૯૮૦નો ઉછાળો આવ્યો હતો.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની મધ્યસત્ર બાદ નીકળેલી લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૯૮૦ના ઉછાળા સાથે ફરી રૂ. ૯૧,૦૦૦ની સપાટી પાર કરીને રૂ. ૯૧,૮૦૦ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત પ્રવર્તમાન લગ્નસરાની રિટેલ સ્તરની માગ અને જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ લેવાલીને ટેકે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૦૩ વધીને રૂ. ૭૬,૩૮૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૦૫ વધીને રૂ. ૭૬,૬૯૨ના મથાળે રહ્યા હતા. આજે લંડન ખાતે સત્રના આરંભે મુખ્યત્વે ચીનની કેન્દ્રવર્તી બૅન્કની લેવાલીને ટેકે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે એક ટકો વધીને ઔંસદીઠ ૨૬૫૭.૯૮ ડૉલર અને વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૮ ટકા વધીને ૨૬૭૯.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૨.૧ ટકા વધીને ઔંસદીઠ ૩૧.૬૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ગત નવેમ્બર મહિનાના આખરથી ચીનની પીપલ્સ બૅન્ક ઑફ ચાઈનાની સોનામાં ખરીદી નીકળી હોવાના નિર્દેશો સોનાની તેજીના ખેલાડીઓ માટે સારા સમાચાર રહેતાં આજે સોનાને મજબૂત ટેકો મળ્યો હોવાનું આઈજી માર્કેટનાં સ્ટ્રેટેજિસ્ટ જૂન રૉન્ગે જણાવતાં ઉમેર્યું હતું કે અંદાજે છ મહિનાના લાંબા સમયગાળા બાદ ચીનની કેન્દ્રવર્તી બૅન્કની લેવાલી છે.

વધુમાં ઓસીબીસીનાં વિશ્લેષકે જણાવ્યું હતું કે તાજેતરમાં અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીમાં ડૉનલ્ડ ટ્રમ્પના વિજય સાથે ટ્રેડ વૉરની ભીતિ, આર્થિક સ્થિરતા અને વર્તમાન વૈશ્વિક સ્થિતિને ધ્યાનમાં લેતાં ચીને સલામતી માટે સોનામાં ખરીદી શરૂ કરી હોય તેમ જણાય છે. અત્રે નોંધનીય બાબત એ છે કે વર્તમાન કૅલેન્ડર વર્ષ ૨૦૨૪માં કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલી અને વૈશ્વિક સ્તરે રાજકીય-ભૌગોલિક તણાવમાં વધારો થવાને કારણે સોનામાં સલામતી માટેની માગ પ્રબળ રહેતાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં વર્ષ ૨૦૧૦ પછીનો સૌથી મોટો ૨૮ ટકા જેટલો ઉછાળો આવી ગયો છે.

અમેરિકી ફેડરલ રિઝર્વની આગામી નીતિવિયક બેઠક ૧૭-૧૮ ડિસેમ્બર દરમિયાન યોજાનારી છે અને તે પૂર્વે ૧૧મી ડિસેમ્બરના રોજ અમેરિકાના ફુગાવાના ડેટા જાહેર થનારા છે. આમ ફુગાવાના ડેટાની અસર ફેડરલ રિઝર્વનાં વ્યાજદરની કપાત અંગેના નિર્ણય પર પડે તેમ હોવાથી રોકાણકારોની નજર હવે ફુગાવાના ડેટા પર તેમ જ બેઠકના અંતે વર્ષ ૨૦૨૫માં વ્યાજદરમાં કપાત અંગે ફેડરલ રિઝર્વ કેવો અભિગમ અપનાવશે તે અંગેના અધ્યક્ષના સંકેતો પર પણ સ્થિર થઈ છે.

## કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં ઔદ્યોગિક માગને ટેકે સુધારો

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપરના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશ છતાં સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે નિકલ, કોપરની અમુક વેરાઈટીઓ, બ્રાસ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને ટીનમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી આઠનો સુધારો આવ્યો હતો અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. બેનો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે એકમાત્ર કોપર આર્મિચરમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે કોપરના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે નવેમ્બર મહિનાના ફુગાવામાં અપેક્ષા કરતાં વધુ ઘટાડો જોવા મળ્યો હતો. તેમ જ કોપરનો ફુગાવો સતત ૨૫મા મહિનામાં ઘટી આવ્યો હોવાથી નજીકના ભવિષ્યમાં આર્થિક સુધારાની શક્યતા ઓછી જણાતા આજે લંડન ખાતે કોપરના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં સ્ટોકિસ્ટો અને ઔદ્યોગિક વપરાશકારોની માગ પ્રબળ રહેતાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૮૩૨, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૫૧૫ તથા નિકલ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૧૩૭૫ અને રૂ. ૨૯૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને અનુક્રમે રૂ. ૭૯૩ અને રૂ. ૭૬૫, બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૫૬૭ અને રૂ. ૨૪૯ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૭૨૯ના મથાળે રહ્યા હતા. જોકે, આજે નિરસ માગ અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીએ એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૧૯૩ અને રૂ. ૧૮૫ના મથાળે રહ્યા હતા અને ખપપૂરતી માગે કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૭૭૭ના મથાળે ટકેલા રહ્યા હતા.

## મર્યાદિત માગે ખાંડમાં ₹ ૧૦થી ૪૦નો ઘટાડો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૩૫૦થી ૩૪૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેવાની સાથે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો પણ અભાવ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૪૦નો ઘટાડો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. આમ એકંદરે નિરસ માગે આજે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૫૨૨થી ૩૬૪૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૦ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૬૩૨થી ૩૮૦૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની એકંદરે માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૭૦થી ૩૫૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૪૦થી ૩૬૪૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

## વિશ્વબજાર પાછળ આયાતી તેલમાં નરમાઈ, વેપાર પાંખાં

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૦ રિંગિટનો ઘટાડો આવ્યાના અહેવાલ ઉપરાંત આજે સ્થાનિકમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યાં હોવાથી આયાતી તેલના ભાવમાં નરમાઈનું વલણ જોવા મળ્યું હતું. જોકે, આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ભાવમાં સુધારો આવ્યો હોવાના અહેવાલે સ્થાનિકમાં પણ સિંગતેલમાં ધીમો સુધારો આવ્યો હતો, પરંતુ વેપાર છૂટાછવાયા રહ્યાના અહેવાલ હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ભારત ફૂડ્સના આરબીડી પામોલિનના રેડી ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૯૫ અને સોયા રિફાઈન્ડના જાન્યુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૯૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે ગોકુલ એગ્રો રિસોર્સિસના આરબીડી પામોલિનના પ્લાન્ટ ડિલિવરી શરતે ડિસેમ્બર ડિલિવરીના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૮૦ જેવાં ઊંચા ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૮૦, સિંગતેલના રૂ. ૧૫૨૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૫ અને સરસવના રૂ. ૧૪૧૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૬૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૭૫માં થયા હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૨.૩૦ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૪૨૭૫માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૨૦૦થી ૪૩૦૦માં થયા હતા.

તેમ જ આજે રાજસ્થાનનાં મથકો પર અંદાજે ૯૦,૦૦૦ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૫૫૦થી ૬૫૭૫માં થયા હતા. આ સિવાય મથક પર સરસવ એક્સપેલર અને કચ્ચી ઘાણીના વેપાર ૧૦ કિલોદીઠ અનુક્રમે રૂ. ૧૩૩૧માં અને રૂ. ૧૩૪૧માં તથા સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૩૧૫થી ૨૩૨૦માં થયાના અહેવાલ હતા.

# મુંદરાના ધ્રબમાં ચાલુ ડ્રાઈવિંગ દરમ્યાન ટ્રેઈલર ચાલક યુવકનું હૃદયરોગના હુમલામાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં બનેલી અપમૃત્યુની ઘટનાઓમાં એક આધેડ સહિત ત્રણ લોકોનાં મોત નીપજતાં અરેરાટી પ્રસરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હતભાગી કરમણ નોકરી પૂરી કરી રવિવારે સાંજે પરત ઘરે આવી રહ્યા હતા ત્યારે નાના વરનોરાથી મોટા વરનોરા વચ્ચે સામેથી આવતી ઇસુઝુ ડી-મેક્સ પીકઅપ જીપે ટક્કર મારી દેતાં દ્વિચક્રી ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતાં ૧૦૮ મારફત સારવાર અર્થે ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલમાં ખસેડાતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. માધાપર પોલીસમથકે ઝીંકડીના રણછોડ નારણ ખાસાએ નોંધાવેલી ફરિયાદના આધારે ઇસુઝુના ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

બીજી તરફ, મૂળ બિહારના હાલે ધ્રબમાં રહેતા ૩૬ વર્ષીય ટ્રેઇલર ચાલક સુબોધરાય ઉમેશરાય તેના ટ્રેઇલર પર ધ્રબ સીમમાં શાંતિ સર્કલ અને રેલવે ફાટક પાસેથી જતા હતા, ત્યારે ચાલુ ડ્રાઇવિંગે તેને હૃદયરોગનો હુમલો આવતાં તેમનું તત્કાળ મૃત્યુ નીપજ્યું હતું. હતભાગીનું ટ્રેઇલર બેકાબૂ બનતાં માર્ગ પર અફરાતફરી મચી ગઈ હતી. મુંદરા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી. ગાંધીધામમાં રહેનાર જગદીશ નામના યુવાને ગત ૬-૧૨ની રાતથી ૭-૧૨ની રાતના બે વાગ્યા દરમ્યાન લોખંડના પાઇપમાં પ્લાસ્ટિકની દોરી બાંધી ગળેફાંસો ખાઈ અગમ્ય કારણોસર પોતાનો જીવ દીધો હતો. ■



**રાજકોટ મહાનગરપાલિકાના ૩૪મા કમિશનર તરીકે ચાર્જ સંભાળતા તુષાર સુમેરા**

રાજકોટ મહાનગરપાલિકાના ૩૪મા કમિશનર તરીકે નિયુક્ત તુષાર સુમેરાએ સોમવારે ચાર્જ સંભાળ્યો હતો. આ તકે તેમણે જણાવ્યું હતું કે, રાજકોટમાં હું મોટો થયો છું અને મારું જાણીતું શહેર છે. અહીં મ્યુ. કમિશનર તરીકેની જવાબદારી મળવી મારું સદ્‌ભાગ્ય છે. લોકોના પ્રશ્નોને હલ કરવા પૂરતો પ્રયાસ કરીશ. રાજકોટમાં પ્લાન પાસ અને બાંધકામ પરવાનગી સહિત દરેક ચેલેન્જને સ્વીકારીને કામગીરી ઝડપી કરવા પ્રયાસ કરાશે.

(તસવીર, પ્રવીણ સેદાણી, રાજકોટ)

# ભુજ તાલુકાના કુકમાના ગેટકો વીજ સબ સ્ટેશનમાંથી ૩૩.૫૦ લાખના કોપર વાયરની ઉઠાંતરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ઠંડીમાં વધારો થવાની સાથે હાઇપર એક્ટિવ થયેલી તસ્કર ટોળકીએ ભુજ તાલુકાના કુકમા ગામના વીજ સબ સ્ટેશનમાં ત્રાટકીને ૩૩,૫૦,૦૦૦ની કિંમતના વાયર રાખવાના બે ભારેખમ ડ્રમની ઉઠાંતરી કરી જતાં ચકચાર પ્રસરી હતી.

હેમ એન્જિનિયર્સ કંપનીના હેમંત ઘનશ્યામ પટેલે પદ્ધર પોલીસમથકે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમની કંપનીના કોપર વાયરના ૩૩,૫૦,૦૦૦ની કિંમતના ૧૩૪૦ મીટરના બે ડ્રમ કુલે ૧૩૪૦ મીટર કુકમા ખાતેના ગેટકોના વીજ સબ સ્ટેશનના ખુલ્લા મેદાનમાં રાખ્યાં હતાં જે ગત ૩૦-૧૧થી ૫-૧૨ દરમ્યાન ગુમ થયાં હતાં.

ગેટકોના આ મેદાનમાં અન્ય કંપનીનો પણ માલ પડયો હોવાથી સરતચૂકથી અન્ય કંપની લઈ ગઈ હોવાની શંકાના આધારે ફરિયાદીએ પોતાની રીતે તપાસ કરાવી હતી, પરંતુ માલ ન મળી આવતાં ફરિયાદી હેમંતભાઈએ સોમવારે આ ચોરી અંગે અજાણ્યા તસ્કર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પદ્ધર પોલીસ મથકના પી.આઈ. એસ.એમ.રાણાએ તપાસ હાથ ધરી હતી. ■

# સામખિયાળીનાં રેલવે ક્વાર્ટર અને માંડવીની ઓક્સવૂડ સોસાયટીમાં છ મકાનોનાં તાળાં તૂટ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભચાઉના સામખિયાળીનાં રેલવે ક્વાર્ટર્સ અને માંડવીના રહેણાક વિસ્તારમાં એકસાથે છ મકાનોને નિશાન બનાવીને જ્યારે રાપરમાં વાડામાં બાંધેલી ભેંસની તસ્કરી કરી જતાં તસ્કરોથી લોકોમાં ભય ફેલાયો હતો.

સામખિયાળી ખાતે આવેલાં રેલવે સ્ટાફ ક્વાર્ટરમાં એકસાથે ત્રણ મકાનમાં તસ્કરોએ હાથ માર્યો હતો. અહીં રેલવે માસ્તર તરીકે ફરજ બજાવતા ફરિયાદી સાક્ષીબેન નિખિલરાજ કાયસ્તે પોલીસને જણાવ્યું હતું કે, તેઓ ગત ૩-૧૨થી ૭-૧૨ સુધી વતન ગયાં હતાં. પરત ફર્યાં ત્યારે તેમના ૩૭-બી નંબરના રૂમની પાછળના દરવાજાના નકૂચા તૂટેલા જણાયા હતા. અંદર તપાસ કરતાં કબાટના લૉકરમાંથી સોનાની ચેઇન, કાનમાં પહેરવાની સોનાની બાલી નંગ-બે, ગલ્લામાં રાખેલ રોકડ રૂા. ૫૦૦૦, સ્માર્ટવોચ, વાયરલેસ ઇયર બડ્સ વગેરે મળીને ૭૧,૫૦૦ની મતા ચોરાઈ ગઈ હતી. ચોરીના બનાવ અંગે પાડોશમાં તપાસ કરાતાં રેલવે ક્વાર્ટરમાં રહેતા ટ્રેકમેન મોનુકુમાર રામપાલજી ધાકળના રૂમ નંબર ૨૪-એના પણ નકૂચા તોડાયા હોવાનું બહાર આવ્યું હતું. આ કર્મચારીના રૂમમાંથી કૉલેજ બૅગ તથા બેડશીટ ઉપર રાખેલા રોકડ રૂા. ૨૫૦૦, ઘડિયાળની ચોરી થઈ હતી. તેમ જ રૂમ નંબર ૨૪-ડીમાં રહેતા અંશુકુમાર ઉદયકુમાર ઠાકુરના મકાનમાંથી તસ્કરોએ રોકડ રૂા.૧૨,૦૦૦, ઘડિયાળ એમ કુલ રૂા. ૧૨,૨૦૦ની મતાનો હાથ મારવાની સાથે આ ત્રણેય ક્વાર્ટરમાંથી તસ્કરોએ રૂા. ૮૮,૨૦૦ની મતાની તસ્કરીને અંજામ આપી પોલીસને પડકાર ફેંક્યો હતો.

બીજી તરફ, માંડવીની ઓક્સવૂડ સોસાયટીમાં ત્રાટકેલાં તસ્કરોએ એકસાથે છ ઘરનાં તાળાં તોડ્યાં હતાં. એક ફરિયાદીએ તેમના ઘરમાંથી ૪૫ હજારના દાગીના અને રૂા.૩૫૦૦ રોકડની ચોરી થયાની ફરિયાદ નોંધાવી છે. માંડવી પોલીસ મથકે, ઓક્સવૂડ સોસાયટીમાં મકાન નં.૧૨૪માં રહેતા મૂળ ભુજના વશિષ્ટ જગદીશ ગોરે નોંધાવેલી ફરિયાદ મુજબ ગત તા.૬/૧૨ની રાતે ઘર બંધ કરી પરિવાર સાથે ભુજના બીજા ઘરે ગયા હતા અને બીજા દિવસે સવારે પરત જતાં તાળાં તૂટેલાં જોવા મળ્યાં હતાં.

અંદર તપાસ કરતાં લોખંડના કબાટમાંથી સવા તોલા સોનાનું મંગળસૂત્ર અને પા તોલા સોનાના પાટલા આમ દોઢ તોલાની કિં. રૂા. ૪૫,૦૦૦ તથા રોકડા રૂા.૩૫૦૦ એમ કુલ રૂા. ૪૮૫૦૦ની મતા ચોરાઈ ગઈ હતી. ફરિયાદીએ પાડોશીઓને વાત કરતાં તેમને જાણવા મળ્યું કે, તેમની લાઈનમાં મકાન નં. ૧૦૫, ૧૧૨, ૧૧૮, ૧૨૦ તેમ જ ૧૩૯નાં પણ તાળાં તૂટ્યાં છે, પરંતુ તેમના મકાનમાંથી શું વસ્તુની ચોરી થઈ છે તે ફરિયાદીને ખબર નથી. માંડવી પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

દરમ્યાન, રાપરના માણાબા ગામના રાઉમા વાસમાં રહેતા ફરિયાદી અલીમામદ દાઉદ રાઉમાની ચરાવવા માટે દેવા ભરવાડને આપેલી ભેંસો ચરાવી ગામની સીમમાં આવેલા વાડામાં મૂકી રાખી હતી. આ વાડામાંથી ફરિયાદીની રૂા. ૪૦,૦૦૦ની ભેંસની કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી જતાં પોલીસે ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. ■

# ભાવનગર ડિવિઝનના લોકો પાઈલટે ઈમરજન્સી બ્રેક લગાવીને ૪ સિંહોને ટ્રેનની અડફેટે આવતાં બચાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગર રેલવે મંડળ સિંહો અને વન્યજીવોના સંરક્ષણ માટે સતત પ્રયાસો કરી રહ્યું છે. મંડળના નિર્દેશો મુજબ, ટ્રેનોનું સંચાલન કરતા લોકો પાઇલટ નિર્ધારિત ગતિનું પાલન કરી વિશેષ સાવધાની સાથે કામ કરી રહ્યા છે. ભાવનગર રેલવે મંડળના લોકો પાઇલટની તકેદારી અને વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર્સની મદદથી ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં કુલ ૯૬ સિંહોના જીવ બચાવાયા છે. રવિવારે લોકો પાઇલટે ઈમર્જન્સી બ્રેક લગાવીને ટ્રેનની અડફેટે આવતાં સિંહોને બચાવ્યા હતા.



(તસવીર: વિપુલ હિરાણી, ભાવનગર)

ભાવનગર ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કૉમર્શિયલ મૅનેજર માશૂક અહમદે જણાવ્યું કે રવિવારે લોકો પાઇલટ વિવેક વર્મા અને વરિષ્ઠ સહાયક લોકો પાઇલટ આશુતોષ મિશ્રાએ જ્યારે લીલીયા મોટા-સાવરકુંડલા સેક્શન વચ્ચે રેલવે ટ્રેક ઓળંગતાં સિંહને જોયો ત્યારે હાપાથી પીપાવાવ પોર્ટ તરફ જતી માલગાડીને ઇમરજન્સી બ્રેક લગાવીને રોકી દીધી હતી. એક સિંહે રેલવે ટ્રેક ઓળંગ્યા બાદ અન્ય ત્રણ સિંહોએ રેલવે ટ્રેક ક્રોસ કર્યો હતો. ટ્રેન મૅનેજર અને ડેપ્યુટી સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટને લોકો પાઇલટ દ્વારા જાણ કરવામાં આવી હતી.

માહિતી મળતાં જ ફૉરેસ્ટ ગાર્ડ થોડી જ વારમાં ઘટનાસ્થળે પહોંચી ગયા અને જોયું કે સિંહો રેલવે ટ્રેક પરથી દૂર હટી ગયા હતા. ત્યાર પછી જ્યારે તમામ સ્થિતિ સામાન્ય જોવા મળી ત્યારે ફોરેસ્ટ ગાર્ડ દ્વારા લોકો પાઇલટને ત્યાંથી જવા માટે કહેવામાં આવ્યું. ડિપાર્ચર સિગ્નલ મળ્યા બાદ ટ્રેનને લોકો પાઇલટ દ્વારા ગંતવ્યસ્થાન તરફ લઈ જવામાં આવી હતી.

# રતલામમાં બાળકને જન્મ આપનારી સગીરા પર અંજારમાં દુષ્કર્મ આચરાયું હતું

## પોલીસે પોક્સો હેઠળ ફરિયાદ નોંધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: મધ્ય પ્રદેશના રતલામ શહેરની એક હૉસ્પિટલમાં બાળકને જન્મ આપનાર સગીરા સાથે કચ્છના અંજારમાં ઠેકેદાર દ્વારા દુષ્કર્મ ગુજારાયું હોવાની કેફિયત આપતાં અંજાર પોલીસે પોક્સો એક્ટ સહિતની કલમો હેઠળ નરાધમ સામે ફરિયાદ નોંધી હતી.

આ ઘટના અંગે અંજાર પોલીસે જણાવ્યું હતું કે, રતલામ હૉસ્પિટલમાં બાળકને જન્મ આપનારી ૧૬ વર્ષની સગીરા શ્રમજીવી પરિવાર સાથે અંજાર વિસ્તારમાં રહેતી હતી. આ દરમ્યાન ૨ ફેબ્રુઆરીથી ૨૩મી માર્ચ સુધીના સમયગાળા દરમિયાન 'બિહારી' નામના ઠેકેદારે સગીરાની મરજી વિરુદ્ધ બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હોવાનો ઘટસ્ફોટ કરતાં પરિવારે રતલામ ખાતે ઝીરો નંબરથી ફરિયાદ નોંધાવતાં અંજાર પોલીસે તે ફરિયાદના આધારે પોક્સો એક્ટ સહિતની કલમો તળે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# તળાજામાં ભિક્ષુક યુવાનની હત્યાનો ભેદ ઉકેલાયો: દારૂ પાર્ટીમાં ઝઘડો થતાં મિત્રોએ ઢીમ ઢાળી દીધું હતું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગરની તળાજા પોલીસને ઉંચડી ગામના ભિક્ષુક યુવાનની હત્યાનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે. દારૂ પીવા માટે એકઠા થયેલા ખદરપરના એક અને દીનદયાળ નગરના બે મળી કુલ ત્રણ હત્યારાઓ ખૂની ખેલ ખેલી સાથીમિત્રને કણસતો છોડીને કઈ રીતે ભાગી છૂટયા હતા તે ત્રણેય હત્યારાઓની પૂછપરછમાં ખૂલ્યું હતું.




(તસવીર: વિપુલ હિરાણી, ભાવનગર)

ઉંચડી ગામના સાધુ પરિવારનો માનદાસ નારણદાસ મકવાણા તળાજા ખાતે ભિક્ષાવૃત્તિ સાથે ભટકતું જીવન જીવતો હતો. આજથી પાંચ દિવસ પહેલા માનદાસની લાશ પોલીસને જૂના શોભાવડ જતા રસ્તામાં આવતા ચેકડેમ નજીકના સીસીરોડ પરથી મળી હતી. લાશ જે રીતે મળી તે જોતાં પોલીસને પહેલેથી જ કંઈક અજૂગતું થયાની શંકા હતી. તેના મોઢા અને પગના ભાગે ફ્રેક્ચર અને લોહીનાં નિશાન હતાં. જેને લઈ એફ.એસ.એલ. ટીમને પણ તપાસના કામે બોલાવાઈ હતી.

શંકાસ્પદ મોત જણાતાં પોલીસે મૃતક માનદાસની હિસ્ટ્રી ભેગી કરવાનું શરૂ કર્યું હતું. બીજી તરફ જ્યાંથી લાશ મળી તેની આસપાસના બે કિ.મી. સુધીના સીસીટીવી કૅમેરાના ફૂટેજ મેળવી લીધા હતા.

તપાસ અધિકારીએ જણાવ્યું હતુ કે આ કેસમાં હ્યુમન સોર્સીસ સારા કામ લાગ્યા હતા. નિયમિત નશો કરવાની ટેવવાળા ખારાના ઈસમોની પણ પૂછપરછ કરી હતી. એ દરમિયાન પોલીસને ચોક્કસ નામ મળ્યાં હતાં. જેને લઈ શકમંદોની અલગ અલગ રીતે પૂછપરછ કરતાં ત્રણેય પાસેથી હત્યા કર્યાની કબૂલાત થઈ હતી.

હત્યાના કારણમાં પોલીસને જાણવા મળ્યું હતું કે લાશ મળ્યાની આગલી સાંજે દીનદયાળ નગર વિસ્તારમાં રહેતા ધર્મેન્દ્ર ઉર્ફે ધમો લાખાભાઈ રાઠોડ, શૈલેષ ઉર્ફે સલો મનાભાઈ ભાલિયા તથા ખદરપરના સુરપાલસિંહ ઉર્ફે સુરો રઘુભા ગોહિલ અને મૃતક માનદાસ સાથે દારૂ પીવા બેઠા હતા. એ સમયે સુરપાલસિંહ અને માનદાસ વચ્ચે ઝઘડો થયો હતો. જેને લઈ બંને ઝપાઝપી થયા બાદ ત્રણેયએ સંપ કરીને માનદાસને બોથડ હથિયાર દ્વારા માર મારતાં ત્યાં જ બેભાન થઈને માનદાસ ઢળી પડ્યો હતો. ખૂની ખેલ ખેલીને ત્રણેય મિત્રો ભાગી છૂટ્યા હતા.

ઝડપાયેલા ત્રણેય ઈસમોને આજે કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવશે. મૃતકના ભાઈ વલ્લભદાસ મકવાણાએ ત્રણેય હત્યારા વિરુદ્ધ પોતાના ભાઈની હત્યા નિપજાવ્યાની ફરિયાદ તળાજા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. ■




(તસવીર પ્રવીણ સેદાણી, રાજકોટ)

**જંત્રીના સૂચિત વધારા સામે રાજકોટમાં બિલ્ડરોની મૌન રૅલી**

રાજ્ય સરકાર દ્વારા નવી સૂચિત જંત્રીમાં સરેરાશ ૨૦૦થી ૨૦૦૦ ટકા સુધીનો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. આ જંત્રીના અમલ સામે રાજકોટ ક્રેડાઈ અને બિલ્ડર ઍસોસિયેશન દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. આ જંત્રી કોઈ પણ સંજોગોમાં સ્વીકારવાલાયક નથી એવું નક્કી કરી રાજકોટના બિલ્ડરો દ્વારા રૅલી યોજી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી જંત્રીવધારો પાછો ખેંચવા તેમ જ આ જંત્રીનો અમલ ૩૧ માર્ચ સુધી રોકી દેવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

# ભાવનગરમાં દેસાઈ નગરથી શાસ્ત્રી નગર સુધીના પ્રથમ ઓવરબ્રિજના એક બાજુના ભાગને ખુલ્લો મુકાયો



(તસવીર: વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગરના ધારાસભ્ય જીતુભાઇ વાઘાણી, મેયર ભરતભાઇ બારડ, ધારાસભ્ય સેજલબેન પંડ્યાની ઉપસ્થિતિમાં ભાવનગરમાં રૂા.૧૧૫.૫૯ કરોડના ખર્ચે નવ નિર્માણ થનાર પ્રથમ તબક્કામાં દેસાઈ નગરથી શાસ્ત્રી નગર સુધીનો એક બાજુનો ભાગ પૂર્ણ થતાં બ્રિજને લોકો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

ભાવનગરના પ્રથમ ફલાય ઓવરબ્રિજને ખુલ્લો મૂકતાં ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ભાવનગર જિલ્લાએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી છે. આ બ્રિજ થકી લોકોની જન સુખાકારીમાં વધારો થવાની સાથે નાગરિકોને સરળ અને ટ્રાફિકરહિત આવાગમનનો લાભ મળશે. તેમનાં કીમતી સમય અને ઇંધણની બચત થશે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, બ્રિજનું જે કામ અધૂરું છે તેને આગામી સમયમાં અગ્રતાના ધોરણે પૂર્ણ કરવામાં આવશે અને ભાવનગર પરિવહન ક્ષેત્ર વધુ સુદૃઢ બનશે. ■

# કચ્છના નલિયામાં ૭.૬ ડિગ્રી તો ભુજમાં ૧૨ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ડિસેમ્બર મહિનામાં સમગ્ર ઉત્તર ભારતની સાથે કચ્છ જિલ્લો તીવ્ર ઠંડીના લીધે ઠૂંઠવાઈ રહ્યો છે. કચ્છનું નલિયા રવિવારે ૭.૬ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડું મથક બન્યું હતું. બર્ફીલા ઠાર સાથે ઉત્તરીય પવનોની તીવ્રતા વધુ રહેવાથી નલિયાવાસીઓ ઠૂઠવાયા હતા.

ભુજમાં રવિવારે લઘુતમ પારો ૧૨ ડિગ્રી પર આવી જતાં શહેરમાં કામ વગર લોકોએ ઘરોની બહાર નીકળવાનું ટાળ્યું હતું. હિમાલય તરફથી આવતા બર્ફીલા વાયરાઓને લીધે કચ્છના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ચહલપહલનો મોડો પ્રારંભ થયો હતો. ન્યુ કંડલામાં ૧૪ અને કંડલા ઍરપૉર્ટ પર ૧૫ ડિગ્રી સે. લઘુતમ તાપમાન નોંધાયું હતું.

દરમ્યાન, જમ્મુ-કાશ્મીર બાજુ ઊભી થયેલી અપર-ઍર સાયક્લોનિક સિસ્ટમને કારણે સમગ્ર ઉત્તર ભારતની સાથે સાથે રણપ્રદેશ કચ્છમાં લઘુતમ તાપમાનનો પારો સતત નીચો ગગડી રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં આગામી સપ્તાહ દરમ્યાન કોલ્ડવેવની આગાહી કરવામાં આવી છે. તેની કચ્છમાં સૌથી વધુ અસર વર્તાવાની પણ ચેતવણી હોવાથી રવિવારે જ તેનો અનુભવ જિલ્લાભરના લોકોએ કર્યો હતો. ■

# ભાવનગર જિલ્લા એસપીએ પોલીસના ૯૧ જવાનોની સામૂહિક બદલી કરી દેતાં ખળભળાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગર શહેર અને જિલ્લાનાં વિવિધ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અનેક પોલીસ જવાનો ફરજમાં બેદરકારી દાખવી ફરિયાદ કે રજૂઆત માટે આવતા લોકોને હેરાન કરતા હોવાના કારણે આ પ્રકારનું વર્તન કરતા પોલીસ જવાનો સામે કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તાજેતરમાં જ પી.આઈ. ઠાકોરને સસ્પેન્ડ કરવામાં આવ્યા બાદ જિલ્લા પોલીસ વડાએ એકસાથે ૯૧ એએસઆઈ, હેડ કોન્સ્ટેબલ પોલીસ કોન્સ્ટેબલની બદલીનો આદેશ કરતાં પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો હતો.

છેલ્લા કેટલાક સમયથી પોલીસ વિવિધ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ જવાનો દ્વારા તેમની ફરજમાં બેદરકારી દાખવવામાં આવી રહી હોવાની ફરિયાદો ઊઠી હતી. તેમ જ અસમાજિક તત્ત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવતી ન હોવાના કારણે શહેરમાં ક્રાઈમ વધ્યો હોવાનું ધ્યાન પર આવતાં ડીએસપી ડૉ. હર્ષદ પટેલે ફરજમાં બેદરકારી દાખવનારા પોલીસ જવાનો અને અધિકારીઓ સામે કાર્યવાહી કરી ભરતનગર પોલીસ સ્ટેશનના એક કોન્સ્ટેબલને તેમ જ પીઆઈ ઠાકોરને સસ્પેન્ડ કર્યા હતા. જ્યારે નીલમબાગ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કેટલાક પોલીસ જવાનોને ઝડપી પાડેલા શખ્સના મોબાઈલ ફોનમાં જીએસટી સંબંધી કેટલાક દસ્તાવેજ જોવા મળ્યા હોવા છતાં તેની સામે કોઈ કાર્યવાહી ન કરી હતી અને માર્ગ રકમની માંગણી કરી હોવાની ચર્ચા ઊઠતાં ડીએસપીએ એક પીએસઆઈને લીવ રિઝર્વમાં મૂકી પાંચ કોન્સ્ટેબલની બદલી કરી હતી. ■